આઝાદીનો અમૃત મહોત્સવ

સ્વચ્છ ભારત
એક પગલું સ્વચ્છતા તરફ

માધ્યમિક

# શિક્ષણ અને પરીક્ષણ

શૈક્ષણિક પ્રવાહોને વાચા આપતું સામયિક

Year : 12 • Issue : 05 : October - November, 2021 (Printed and Posted on 28th of Each Month)



## નૂતન વર્ષાભિનંદન

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

# માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ


## સલાહકાર મંડળ

1. **શ્રી એ. જે. શાહ** (આઈએએસ)
   અધ્યક્ષશ્રી

2. **શ્રી જયપ્રકાશ પી. પટેલ**
   સભ્યશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર

## તંત્રી મંડળ

1. **શ્રી ડી. એસ. પટેલ**
   સચિવ અને તંત્રી
2. **શ્રી બી. એન. રાજગોર**
   સંયુક્ત નિયામક અને સહતંત્રી
3. **શ્રીમતી સ્નેહલબેન એન. પટેલ**
   મદદનીશ સચિવ અને મદદનીશ સહતંત્રી


## સૂચનાઓ

1. વાર્ષિક લવાજમ રૂ.400/- દરેક શાળાએ રજિસ્ટ્રેશન ફી સાથે મોકલવાનું રહેશે. મેગેઝિનનું વર્ષ જૂનથી મે ગણાય છે.
2. લવાજમ મોકલવાનું સરનામું :
   સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,
   સેક્ટર–10–બી, ગાંધીનગર–382 010
3. વ્યક્તિગત ગ્રાહક માટે લવાજમની રકમ રૂ. 200/- (બેંક ડી.ડી.)
4. છૂટક નકલ : રૂ. 40/-
5. પ્રકાશનની તારીખ : દર મહિનાની 28મી
6. સામયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવતા લેખોમાં દર્શાવેલા લેખકોના વિચારો અંગત છે. લેખકોના વિચારો સાથે બોર્ડ સંમત છે તેમ માની લેવું નહીં.

## લેખકોને સૂચનાઓ

1. પત્રવ્યવહાર તેમજ શૈક્ષણિક લેખો શ્રીમતી સ્નેહલબેન એન. પટેલ, મદદનીશ સહતંત્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર–10–બી, ગાંધીનગર–382010ને નામજોગ મોકલવા.
2. લેખો મૌલિક, સ્પષ્ટ, સુવાચ્ય, પાનાની એક બાજુએ લખેલા હોવા જરૂરી છે.
3. લેખ સાથે પ્રમાણપત્ર આપવાનું રહેશે કે આપનો લેખ મૌલિક છે તેમજ અન્યત્ર છપાયેલ નથી.
4. કોમી લાગણી ઉશ્કેરે તેવા, ભેદભાવ કે ગેરસમજ ફેલાય તેવા, કોઈને ઉતારી પાડતા શબ્દો કે વાક્યરચના લેખમાં સમાવિષ્ટ ન થાય તે જોવા વિનંતી.
5. સામયિકમાં પ્રસિદ્ધ થતા લેખોની જવાબદારી જે તે લેખકની રહેશે.
6. આ સામયિકમાં પ્રસિદ્ધ થતાં મૌલિક લેખ માટે લેખકને લેખદીઠ રૂ.200/- પુરસ્કાર આપવામાં આવશે.
7. અસ્વીકૃત લેખ અંગે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવતો નથી તેમજ લેખ પરત મોકલવામાં આવતો નથી.
8. "માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ"ના અંક પ્રાપ્ત ન થવા અંગેની લેખિત ફરિયાદ (ગ્રાહક ક્રમાંક સાથે) જે તે પોસ્ટ ઓફિસમાં કર્યા બાદ પોસ્ટ ઓફિસના સહી સિક્કાવાળી નકલ અત્રે મોકલવી.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ રેસિડેન્સીયલ સ્કૂલ ઑફ એક્સેલન્સ માટે અભ્યાસક્રમ તૈયાર કરવા માટે કેમ્બ્રિજ યુનિવર્સિટી અને શિક્ષણ વિભાગ વચ્ચે તા.17/11/2021 ના રોજ એમ.ઓ.યુ. કરવામાં આવ્યું. આ પ્રસંગે માનનીય શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, માનનીય રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલા, માનનીય શિક્ષણ સચિવશ્રી ડૉ. વિનોદ રાવ, બોર્ડના માનનીય અધ્યક્ષશ્રી એ. જે. શાહ તેમજ કેમ્બ્રિજ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. જે નીચેની તસવીરોમાં દૃશ્યમાન થાય છે.








**સંપર્ક : સંશોધન શાખા**
**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,**
**ગાંધીનગર - 382010**
**E-mail : shikshanparikshan.gseb@gmail.com**
**બોર્ડની વેબસાઈટનું સરનામું : www.gseb.org**

# અધ્યક્ષની કલમે...

**સુજ્ઞ સારસ્વત વાચકમિત્રો,**

સૌને નમસ્કાર.વિક્રમ સંવત 2078ની સૌને ખૂબ ખૂબ શુભકામનાઓ. તા. 1-11-2021થી તા. 21-11-2021 દરમ્યાન શાળાઓમાં વૅકેશન જાહેર કરેલ છે. વૅકેશનના સમયગાળા બાદ શાળામાં વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય માટે આવે ત્યારે રાજ્ય સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઈઓ મુજબ તથા કોવિડ-19ની ગાઈડલાઈનના નીતિનિયમોના કડક પાલન સાથે વિદ્યાર્થીઓની સલામતી અને સાવચેતી સાથેની સુરક્ષાની કાળજી લેવાય તે જરૂરી છે.

શિક્ષણકાર્યની સાથે સાથે વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને પારખી યોગ્ય પ્રવૃત્તિઓ દ્વારા તેને બહાર લાવીને તેનો દેશહિત માટે ઉપયોગ કરવો તેનું નામ અર્થપૂર્ણ, મૂલ્યલક્ષી, ગુણવત્તાભર્યું શિક્ષણ. શિક્ષણમાં ગુણાત્મક સુધારણા સાથે મૂલ્યનિષ્ઠ અનુભવો પૂરા પાડી દરેક શિક્ષક-અધ્યાપક પોતાની ફરજ સંનિષ્ઠપણે બજાવે તો 'શિક્ષણ દ્વારા રાષ્ટ્રીય ક્રાંતિ' લાવી શકાય છે. દેશની સરહદ પરના વફાદાર સૈનિકો જે રાષ્ટ્રભક્તિથી, રાતદિવસ જોયા વિના સતત કામ કરી રહ્યા છે તેવી નિષ્ઠા, ખેલદિલી, નિયમિતતા, સેવાભાવના આપણા સૌમાં આવવી જોઈએ. નવું નવું વાંચતા, વિચારતા, પ્રયોગો કરતા શ્રેષ્ઠ શિક્ષકો, આચાર્યો થકી જ શિક્ષણ જગત દીપી ઊઠે છે.

સમગ્ર દેશમાં આઝાદીના 75 વર્ષ નિમિત્તે 'આઝાદીના અમૃત મહોત્સવ'ની ઉજવણી થઈ રહી છે ત્યારે 'આઝાદીના અમૃત મહોત્સવ'ની ઉજવણીના ભાગરૂપે જિલ્લા કક્ષાએ યોજવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓ, કાર્યક્રમ તેમજ આઈકોનિક ઈવેન્ટની શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા ઉજવણી થાય તેની વિગતો બોર્ડને મોકલી આપવા વિનંતી છે. આ મૅગેઝિનના ઑગસ્ટ 2021ના અંકમાં 'જરા યાદ કરો કુરબાની' લેખ દ્વારા શહીદ ક્રાંતિકારીઓનો પરિચય આપેલ છે. જે વિગતો અને માહિતી દ્વારા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભક્તિ, દેશદાઝ અને રાષ્ટ્ર પ્રત્યે સમર્પણ ભાવના કેળવી શકાય. વર્ષ -2007થી સંયુક્ત રાષ્ટ્ર સંઘે મહાત્મા ગાંધીના જન્મ દિનની 'આંતરરાષ્ટ્રીય અહિંસા દિન' તરીકે ઉજવવાની જાહેરાત કરી છે. ગાંધીજીના સત્ય, અહિંસા, સ્વચ્છતા, સાદગી, કરકસર જેવા અમૂલ્ય ગુણોને જીવનમાં ઉતારીએ. 31 ઑક્ટોબર 'રાષ્ટ્રીય એકતા દિને' અખંડ ભારતના શિલ્પી, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને પણ શ્રદ્ધાંજલિ પાઠવીએ. મહાન વિભૂતિઓના જીવન કવનને વાંચવાથી અને તેમની વિચારધારાને સમજીને તેનું પાલન કરવાથી જ તેમને સાચી શ્રદ્ધાંજલિ આપી ગણાય છે.

ગુજરાતીના સાહિત્ય સર્જક, કવિ સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતીની ઉજવણી પણ થઈ રહી છે ત્યારે રાષ્ટ્રભાવના સચેતન કરવામાં જેમનાં ભાવભર્યા મધુર શૌર્યગીતો, રાષ્ટ્રપ્રેમ, પ્રજાજાગૃતિનાં પ્રાસંગિક કાવ્યો ખૂબ લોકપ્રિય બન્યાં છે તે પૈકી કેટલાંક કાવ્યો ક્રમશઃ આ મૅગેઝિનના અંકોમાં પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યા છે, જેનો અભ્યાસ સૌને કરાવજો. શાળાઓમાં નિબંધ લેખન, વક્તૃત્વ હરીફાઈ, શૌર્યગીતગાન, પ્રદર્શન વગેરેનું આયોજન કરી સ્વ. ઝવેરચંદ મેઘાણીના સાહિત્યિક વારસાનું રસપાન પણ સૌને કરાવતા રહીએ.

વિક્રમ સંવત 2078નું નવું વર્ષ આપને તથા આપના પરિવાર જનોને સર્વ પ્રકારે સુખદાયી, યશદાયી, લાભદાયી, ફળદાયી અને તંદુરસ્તીભર્યું બની રહે તથા શિક્ષણ સાથે સંકળાયેલા આપણા પારસ્પરિક સંબંધો વધુ ઉપયોગી, માર્ગદર્શક, આત્મીય તથા ઉષ્માસભર બની રહે તેમજ શિક્ષણની ગુણવત્તામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થાય તેવી બોર્ડ પરિવાર વતી પરમકૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના સાથે સૌને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવું છું. જયહિંદ. જય જય ગરવી ગુજરાત.

**એ.જે.શાહ**

તા. 20-11-2021 **અધ્યક્ષ**

# અનુક્રમણિકા



| અ.નં. | વિષય | લેખક | પાના નં. |
|---|---|---|---|
| 1. | આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી એટલે રાષ્ટ્રભક્તિની ખિલવણી | કમલેશ શુકલ | 4 |
| 2. | શિક્ષકનો હકારાત્મક અભિગમ વર્ગખંડમાં ક્રાન્તિ સર્જી શકે છે. | પ્રા. મહેન્દ્ર જે. પરમાર | 7 |
| 3. | માતૃભાષા અને આઈસીટીનો ઉપયોગ | ડૉ. રાઘવજી માધડ | 9 |
| 4. | ગુજરાત શૈક્ષણિક ટૅક્નોલોજી ભવન : સંસ્થા પરિચય | ડૉ. પી. એ. જલુ | 12 |
| 5. | ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ : પરિચય | પુલકિત જોશી | 14 |
| 6. | વિદ્યાર્થીઓને દશ્યાંકન કરતાં કરીએ | ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા | 15 |
| 7. | સ્વચ્છતા એ આપણી સામાજિક જવાબદારી | કનુભાઈ આઈ. પટેલ | 18 |
| 8. | વજ્ર કુંડમાં ઊગેલું સુકોમળ પુષ્પ : સરદાર વલ્લભભાઈ પટેલ | સુભાષ પટેલ 'એકાંત' | 20 |
| 9. | પેરા-ઑલિમ્પિક ગેમ્સનો ઈતિહાસ અને ભારત | મનુભાઈ આર. ચૌધરી | 23 |
| 10. | બાળક આત્મનિર્ભર તો દેશ આત્મનિર્ભર | વિજય દાણી | 26 |
| 11. | લાલબહાદુર  શાસ્ત્રી | સંકલન | 28 |
| 12. | ભારતના આઝાદી સંગ્રામની ક્રાંતિકારી શિક્ષિકા દુર્ગા ભાભી | પારસ દવે | 29 |
| 13. | જીવનમાં કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવાનું રહસ્ય..હકારાત્મક અભિગમ | મૌલિક સોની | 31 |
| 14. | પ્રાસંગિક દિનવિશેષ મહત્ત્વ | સંકલન | 33 |
| 15. | મેઘાણી વંદના :<br>મુઠી ઊંચેરા માનવતાના જાણતલ મરમી-શ્રી ઝવેરચંદ મેઘાણી | સંકલન | 35 |
| 16. | સામાન્ય જ્ઞાન કસોટી-મેઘાણી વંદના | દિવેકર અશ્વિનકુમાર એસ. | 40 |
| 17. | પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરવા બદલ અભિનંદન | સંકલન | 43 |
| 18. | ભાવ-પ્રતિભાવ | સંકલન | 44 |
| 19. | વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન : 2021-22 | ડૉ. વિજય એસ. પટેલ | 46 |
| 20. | વહીવટી વિભાગ : : પરિપત્રો | સંકલન | 47 |
| 21. | ધોરણ-9 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 55 |
| | ધોરણ-10 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 57 |
| | ધોરણ-11 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 59 |
| | ધોરણ-12 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 61 |

# તંત્રી સ્થાનેથી...

**સારસ્વત આચાર્યમિત્રો તથા શિક્ષક ભાઈ-બહેનો,**

સાદર વંદન. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રકાશિત ઑક્ટોબર-નવેમ્બર 2021નો સંયુક્ત અંક આપના અભ્યાસ, વાંચન, અવલોકન અને ભાવ-પ્રતિભાવની અપેક્ષાએ પ્રસ્તુત કરતાં આનંદ અનુભવું છું.

શિક્ષણ એ સતત ચાલતી પ્રક્રિયા અને તાલીમ પણ છે જ્યારે કેળવણી એ બાળકોની શક્તિઓને ઉજાગર કરી, તેના સર્વાંગી વિકાસ સાથેની સંસ્કાર ઘડતરની પ્રક્રિયા છે. વિજ્ઞાન અને અદ્યતન ટેક્નોલોજીના યુગમાં, મોબાઈલ અને ઈન્ટરનેટના માધ્યમ થકી સમગ્ર વિશ્વ સતત ગતિશીલ છે ત્યારે આપણી શિક્ષણ પ્રક્રિયા વધુ ને વધુ તેજસ્વી અને ગતિશીલ રહે, શિક્ષણક્ષેત્રે જે કાંઈ શ્રેષ્ઠ છે તેને અપનાવીએ.

શિક્ષણની પ્રક્રિયામાં બાળકોની ક્ષમતા, રસરૂચિ, તેનાં વલણો અને કૌશલ્યોને ઓળખીએ, તેમના ભણવાના ઉમંગ ઉત્સાહને સતત જાગૃત રાખીએ, તેમની કલ્પનાશક્તિને તેજ કરીએ, તેમનાં સ્વપ્નોને સાકાર કરીએ, તેમની જ્ઞાનેન્દ્રિયોને ઍક્ટિવ બનાવીએ, તેમનામાં જરૂરી મૂલ્યો કે સદ્‌ગુણો વિકસે તેવી રીતે પાઠ ભણાવીએ, તેમની સંશોધનવૃત્તિ વિકસે, તેમનામાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય, તેઓ સતત વાંચતા - વિચારતા - લખતાં રહે એવી અસરકારક નૂતન શિક્ષણ પદ્ધતિઓનો, શૈક્ષણિક સાધનોનો અને દૃશ્ય શ્રાવ્ય માધ્યમોનો વધુ ને વધુ ઉપયોગ કરીએ. તેમને પરીક્ષા સમયે માર્ગદર્શન પૂરું પાડીએ તથા પ્રમાણભૂત, તટસ્થ, વિશ્વસનીય રીતે પરીક્ષાનું મૂલ્યાંકન કરતા રહીએ. શિસ્ત, સ્વચ્છતા, નવું નવું જાણવાની ધગશ, સંશોધન, પરિશ્રમ, નિષ્ઠા જેવા ગુણો આપણા જીવનમાં ઉતારીએ.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે ''તમે તમારા દેશને ચાહો પણ પૂજા તો સત્યની જ કરો.'' દેશ તમારા માટે શું કરે છે તે વિચારો નહિ પરંતુ તમે તમારા દેશ માટે શું કરી શકો છો ? તે જ વિચારો. નાગરિકોની રાષ્ટ્રભાવના અને દેશપ્રેમ જ રાષ્ટ્રની ઉન્નતિની આધારશિલા છે.

વિશ્વ પણ જેને કદી ભૂલ્યું નથી એવા આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને બીજી ઑક્ટોબરે શ્રદ્ધાંજલિ પાઠવીએ. 31 ઑક્ટોબરે દેશની એકતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીએ શ્રદ્ધાંજલિ પાઠવીએ. આઝાદીસંગ્રામના વીર શહીદો, વીરાંગનાઓ અને સપૂતોની શહાદતને યાદ કરવાથી તેમજ તેમના ગુણો જીવનમાં ઉતારવાથી દેશની એકતા વધુ મજબૂત બને છે. વિવિધતાથી ભરપૂર એવા આપણા વિશાળ દેશમાં રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા જળવાઈ રહે તે દેશની પ્રગતિ અને રાષ્ટ્રહિત માટે અનિવાર્ય છે.

દરેક શાળા, સંસ્થામાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી વિશિષ્ટ કાર્યક્રમોથી થઈ રહી છે ત્યારે 75 વર્ષમાં ભારતે વિવિધ ક્ષેત્રે કરેલી પ્રગતિ અને સિદ્ધિઓને પણ અવશ્ય યાદ કરીએ. સ્વાતંત્ર્ય પહેલાં અને પછી મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની જે ભૂમિકા રહી છે તે યાદ કરીએ. આગવી કુનેહ, દીર્ઘદૃષ્ટિ અને મનોબળથી તેમણે સમગ્ર વિશ્વને સત્ય, અહિંસા, ન્યાય અને વિશ્વપ્રેમનો રાહ બતાવ્યો. જે અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરીએ.

જેમને 'ચિરંજીવ સાહિત્યકાર', 'જનતાના કવિ' અને 'રાષ્ટ્રીય શાયર' જેવું બહુમાન પ્રાપ્ત થયું છે તેવા આપણા લોકલાડીલા સાહિત્યકાર અને કવિ સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતીની ઉજવણી સર્વત્ર ઉલ્લાસપૂર્વક થઈ રહી છે તેનો આનંદ છે. સ્વ. મેઘાણીનાં સર્જનોમાં આઝાદીની ચળવળ દરમિયાન રચાયેલાં. દેશભક્તિની ભાવનાવાળા, જોમ ને જુસ્સાભર્યાં શૌર્યગીતો અને પ્રાસંગિક કાવ્યો વધુ છે. તેમણે સાહિત્યના અનેકવિધ ક્ષેત્રે ખેડાણ કર્યું છે. આપણા આ મૅગેઝિનમાં વર્ષ દરમિયાન તેમનાં જીવનકાર્યો, તેમની જાણીતી રચનાઓ રજૂ કરવામાં આવનાર છે. જેની વિગતો વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવા વિનંતી છે.

વિક્રમ સંવત 2078ના નવા વર્ષની શુભેચ્છા સાથે સૌને નૂતન વર્ષના અભિનંદન પાઠવું છું.

**ડી.એસ.પટેલ**
**સચિવ/તંત્રી**

તા. 20-11-2021

# આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી એટલે રાષ્ટ્રભક્તિની ખિલવણી

કમલેશ શુક્લ

15મી ઑગસ્ટ 2021થી આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી શરૂ થઈ ગઈ છે, જે આવતા વર્ષની 15મી ઑગસ્ટ સુધી ચાલશે. આઝાદીના 75મા મંગળ પ્રવેશ નિમિત્તે ઉજવણીની થીમ 'નેશન ફર્સ્ટ' રખાઈ છે. તે મુજબ શરૂઆત થઈ છે ત્યારે કહેવાનું મન થાય...

**રાષ્ટ્રભાવનાનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,**
**શુભ થાઓ મારા રાષ્ટ્રનું, એ ભાવના નિત્ય રહે.**

દેશપ્રેમ, દેશદાઝ, દેશભક્તિની ભાવના ખીલે એ હેતુથી સરકારે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીનું આવશ્યક, આવકારદાયક અને ઉપકારક કદમ ઉઠાવ્યું છે ત્યારે આ ઉજવણી અંતર્ગત વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન આપણું શિક્ષણ વિભાગ કરી રહ્યું છે. બાળકો સ્વાતંત્ર્ય ચળવળનો ઈતિહાસ તો ભણે જ છે પરંતુ ભારતના શહીદ વીરો, સ્વાતંત્ર્ય સંગ્રામની ચળવળના ક્રાન્તિકારીઓને એક આગવી ઉજવણી રૂપે યાદ કરવા તેમને ભાવાંજલિ, પ્રેમાંજલિ અને શ્રદ્ધાંજલિ આપવી એ આપણા સૌ માટે આનંદ, ધન્યતા અને ગૌરવની વાત છે.

ઈતિહાસ આપણે એટલા માટે વાંચવાનો, શીખવાનો, શીખવવાનો અને યાદ રાખવાનો હોય છે કે ફરીથી શિવાજી મહારાજ, ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, લાલ, બાલ અને પાલ, વીર સાવરકર, કેપ્ટન લક્ષ્મી, દુર્ગાવતી, ઝલકારી દેવી, લક્ષ્મીબાઈ, ગાંધીજી અને સરદાર પટેલ જેવા વીરો અને વીરાંગનાઓ આ દેશમાં જન્મે, આવા દિવ્ય અને ભવ્ય ઈતિહાસનું પુનરાગમન થાય.

એક સુંદર વિધાન છે.

**Wise people normally read history,**
**Crazy people normally create history.**

ઈતિહાસ વાંચવો એ આવશ્યક છે પણ સાથે સાથે ઈતિહાસ રચવાની ભાવના અને ક્ષમતા બાળકોમાં કેળવાય તે આવકારદાયક અને ઉપકારક છે. આપણે આપણાં બાળકોને સ્વાતંત્ર્યવીરોનાં ઉદાહરણો એટલા માટે આપીએ કે જેથી તેઓ ઉદાહરણરૂપ બને.

We should give examples, so that our students can set examples. ઉદાહરણો આપવા સારી બાબત છે. આપણે ઉદાહરણરૂપ બનીએ એથીય સારી બાબત છે. પરંતુ બાળકો સ્વયં ઉદાહરણ બને એ શ્રેષ્ઠ બાબત છે. સ્વરાજ તો મળ્યું પણ સુરાજ પણ મળે !

મૂલ્યો વિશે કહેવાય છે.

**Values can not be taught,**
**They can be caught.**

બાળકોમાં દેશપ્રેમની ભાવના ત્યારે જ વિકસે જ્યારે તેમની સામે કોઈ આદર્શ મૂકવામાં આવે. આઝાદી પહેલાં દેશ માટે મરવાની વાત હતી, હવે દેશ માટે જીવવાની વાત છે.

**હમ સબ કા બસ એક હી નારા,**
**એક ઔર નેક હો દેશ હમારા.**

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીનો એક માત્ર આશય અને નિશ્ચય દેશપ્રેમની ભાવના જગાડવાનો છે

'હું મારા દેશ માટે શું કરી શકું છું !' બસ આ જ લાગણી-માગણી બાળકોના મનમાં પેદા થાય એવું ભાવાવરણ સર્જવાનો છે. આપણા દેશના અનેક નામી-અનામી સ્વાતંત્ર્યવીરોને યાદ કરી તેમનું ઋણ સ્વીકાર કરવાનો છે, દેશની એકતા અને અખંડિતતાને જાળવવાનો છે. રાષ્ટ્રને સુખી અને સમૃદ્ધ કરવાનો છે. દેશ સ્વતંત્ર થાય એટલું પર્યાપ્ત નથી. દેશ આત્મનિર્ભર પણ બનવો જોઈએ.

**વ્યક્તિ શબ્દોને સ્પર્શ કરી શકતી નથી પણ શબ્દો દરેક વ્યક્તિને સ્પર્શ કરી જાય છે.**

આપણા લોકલાડીલા વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદીનું 'આત્મનિર્ભર ભારત' અભિયાન દીવાદાંડી સમાન છે.

આપણે એવા લોકોને આદર્શ બનાવવા જોઈએ, 'રોલ મોડલ' બનાવવા જોઈએ કે જેમણે સમાજ કે દેશ માટે કાંઈક કર્યું હોય, પોતાની જાત ઘસી નાખી હોય, પોતાનું સર્વસ્વ ત્યજી દીધું હોય, તન, મન, ધન રાષ્ટ્રને અર્પણ કરી દીધું હોય અને જે દેશ કે વિશ્વને પોતાનો પરિવાર માને. ટૂંકમાં મહિમા ભોગનો નથી, ત્યાગ અને બલિદાનનો છે. એટલે જ તો સો તોલા સોનું પહેરીને આવેલા કોઈ શેઠને પગે લાગતું નથી. પરંતુ ભગવાં વસ્ત્રો પહેરીને આવેલા સાધુના ચરણોમાં શિશ આપોઆપ ઝૂકી જાય છે ! આપણો ઈતિહાસ સાક્ષી છે કે 'રાષ્ટ્રસેવાનો ભેખ ધારણ કરીને ભારતમાતાના ચરણોમાં અનેક રાષ્ટ્રભક્તો સમર્પિત અને શહીદ થઈ ગયા ! 'રાષ્ટ્રસેવા પરમ્ સુખમ્'.

કવિ ઈશ્વરને પ્રાર્થના કરતાં કહે છે -

**તમે મન મૂકીને વરસ્યા,**
**અમે જનમોજનમના તરસ્યા !**
**તમે અમૃત રૂપે વરસ્યા,**
**અમે જનમોજનમના તરસ્યા !**

આ માત્ર આઝાદીનો અમૃત મહોત્સવ નથી પરંતુ... પંચામૃત મહોત્સવ છે એમ પણ આપણે ગૌરવપૂર્વક કહી શકીએ - પંચામૃતમાં ગાયનું દૂધ, ઘી, મધ, સાકર અને દહીં રહેલાં હોય છે અને આ પંચામૃતથી આપણે દેવી કે દેવતાને સ્નાન કરાવીએ છીએ. આપણી ભારત માતાને પણ આવા આગવા પંચામૃતથી સ્નાન કરાવવાની જરૂર છે જેમાં હોય -

પ્રેમ, ત્યાગ, સેવા, સમર્પણ, પ્રતિબદ્ધતા

સુભાષબાબુએ આઝાદી માટે સુંદર સૂત્ર આપ્યું હતું - 'તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હેં આઝાદી દૂંગા.'

વિશ્વપ્રેમની વાતો કરવી સહેલી છે પરંતુ હકીકતમાં પોતાના પાડોશીને પ્રેમ કરવો, પાડોશી સાથે હળીમળીને રહેવું એ ખૂબ જ જરૂરી છે. દરેક વ્યક્તિ સૈનિક બનીને સીમા પર લડવા ન જઈ શકે : સૈનિકની રાષ્ટ્રસેવા બેમિસાલ છે ! સૈનિકની શહાદત પણ અતુલ્ય છે. પરંતુ દરેક વ્યક્તિ જ્યાં છે, જે છે ત્યાં રહીને તે રાષ્ટ્રસેવા કરી શકે છે !

આપણે સ્વચ્છતા જાળવીને, રાષ્ટ્રીય સંપત્તિનું જતન કરીને, કુદરતી સ્રોતનું રક્ષણ કરીને, આપણી ફરજને નિષ્ઠા અને પ્રામાણિકતાથી બજાવીને, પ્રેમ અને ભાઈચારાની ભાવના કેળવીને, હળીમળીને રહીને, આપણી મૂળભૂત ફરજોનું પાલન કરીને, સદાચારને અપનાવીને, એકબીજાને સહકાર - સહયોગ આપીને આપણી સંસ્કૃતિ અને અસ્મિતાનું જતન કરીને, આપણા સંસ્કારોનું દર્શન કરાવીને, ટ્રાફિકના નિયમોનું પાલન કરીને, કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરીને, કોરોનાની રસીના બે ડોઝ લઈને, વ્યસનમુક્ત રહીને, આપણી પરંપરા અને આપણા સાંસ્કૃતિક વારસાને જાળવીને નિયમિત રીતે કરવેરા ભરીને, પેટ્રોલ બચાવીને, વહેમો અને અંધશ્રદ્ધાથી મુક્ત રહીને, તમામ પ્રકારનાં પ્રદૂષણોને અટકાવીને, વૃક્ષોને વાવીને, પ્રાણીસંપત્તિનું જતન કરીને, પર્યાવરણનું રક્ષણ કરીને, ચૂંટણી સમયે આપણે આપણા મતાધિકારનો ઉપયોગ કરીને, તંદુરસ્ત રહીને... વગેરે અનેક રીતે આપણે રાષ્ટ્રને ઉપયોગી તો જરૂર થઈ શકીએ છીએ.

રામાયણમાં પ્રસંગ આવે છે કે જ્યારે રામસેતુનું નિર્માણ થઈ રહ્યું હતું. અનેક વાનરો આ કાર્યમાં લાગી ગયા હતા. મોટા મોટા પથ્થરો લાવી દરિયામાં ગોઠવતા હતા ત્યારે એક ખિસકોલી પણ દરિયાના પટમાં આળોટી માટી લાવીને સહયોગ કરતી હતી. પ્રભુ શ્રીરામના ધ્યાનમાં આ વાત આવી અને પ્રભુ શ્રીરામે ખિસકોલી પર હાથ ફેરવી આશીર્વાદ આપ્યા. ખિસકોલી પર રહેલા પટ્ટા એ વાતની સાક્ષી પૂરે છે.

બસ આમ જ રાષ્ટ્રનિર્માણમાં પણ પ્રત્યેક વ્યક્તિ જો ખિસકોલી જેવી ભાવના કેળવે અને એ પ્રમાણે પણ કાર્ય કરે તો જીવન ધન્ય અને સાર્થક બની જાય છે. આજ સંદેશો

**શિષ્યત્વ એટલે ક્ષણે-ક્ષણે ગુરુત્વનું સંવેદન.**

આપણને આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી આપે છે.

મારો પરિવાર, મારો સમાજ, મારું ગામ, મારું રાજ્ય કે મારો દેશ મારા માટે શું કરે છે તે ન વિચારતાં હું મારા પરિવાર માટે, સમાજ માટે, ગામ, રાજ્ય કે દેશ માટે શું કરી શકું છું. આ વૃત્તિ કેળવાય તે જરૂરી છે. એક શિક્ષક તરીકે હું પણ વિચારી શકું કે મારી શાળા માટે હું શું કરી શકું છું. 'મારું શું અને મારે શું'ની વૃત્તિ જ્યારે દૂર થાય ત્યારે જ ભલાઈ કરવા તરફ આપણે આગળ વધીએ છીએ.

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમાં દિવ્યતાનો ભાવ રહેલો છે ! રાષ્ટ્રીયતાની ભાવના આ ઉજવણીથી ઉજાગર થાય છે ! આપણાં બાળકો આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓથી અવગત થાય, તેમનાં કાર્યોથી માહિતગાર થાય અને તેમના જીવનમાંથી પ્રેરણા લઈ ઉમદા રાષ્ટ્રભક્ત બની રાષ્ટ્રસેવામાં જોડાય, પરોવાય અને તંદુરસ્ત રાષ્ટ્રના નિર્માણમાં એક ઉમદા માનવ અને નાગરિક બનીને પોતાનું યોગદાન આપે એ હેત અને હેતુ સાથે આ અમૃત મહોત્સવની ઉજવણીનો સેતુ જોડાયો છે.

મા, માતૃભાષા અને માતૃભૂમિનું ઋણ કદી પણ આપણે ચૂકવી શકતા નથી. આપણે આ ત્રણેય માટે જેટલું કરીએ એટલું ઓછું જ પડે !

જોન મેક્સવેલ લખે છે. -

A leader is one who knows the way, goes the way and shows the way.

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી આપણા રાષ્ટ્રના નેતૃત્વના વિઝન અને મિશનનો સાક્ષાત્કાર કરાવે છે ત્યારે આપણે પણ આપણી 'ઈમોશન્સ'નું નેશન સાથે કનેક્શન કરીએ અને રાષ્ટ્ર સેવાયજ્ઞમાં યદ્કિંચિત આહુતિઓ આપીએ.

**અસીમ અંધેરો કો મત કોસો,**<br>
**હો સકે તો એક દીયા ઑર જલાઓ !**<br>
**અંતમાં એટલું જ ઈશ્વરને પ્રાર્થીએ -**<br>
**ભારત માતાના મુજ પર અનેક ઉપકાર,**<br>
**ભારત માતાની હરપળ રાખું દરકાર,**<br>
**ભારત માતાની સેવામાં આપું છું સહકાર.**<br>
**ભારત માતાના ચરણોમાં કોટિ કોટિ નમસ્કાર !**

**સંપર્ક :** એ.પી. ઠાકર હાઈસ્કૂલ,
મુ. ગાંઠીઓલ, તા. ઈડર, જિ. સાબરકાંઠા

## બાળકની સર્વાંગી ઓળખ

કોઈ એકલવાયી દૃષ્ટિથી બાળકને જોનાર બાળકનું સાચું સન્માન નહીં કરી શકે. બાળકને સમજવા માટે તો તેને અનેક દૃષ્ટિકોણથી અવલોકવું પડે.

બાળકના શરીર ઉપર જ કેવળ દૃષ્ટિ રાખનાર માબાપ બાળમહિમાનું સાચું હાર્દ નહીં પકડી શકે. બાળકની સ્થૂળ જરૂરિયાતોને એની બીજી અનેક જરૂરિયાતો સાથે સાંકળી લઈને જ સમજી શકાય કે પોષી શકાય.

બાળકની બુદ્ધિનો જ વિચાર કરનાર વાલી કે સમાજ પાસે બાળમહિમાનો અધૂરો ખ્યાલ છે તેમ સમજવું. બુદ્ધિ તો બાળકના સર્વાંગી વ્યક્તિત્વનું એક અંગ માત્ર છે. બુદ્ધિનો વિકાસ પણ એકાકી સંભવે નહીં અને એકાકી કરવાનો પ્રયત્ન કરીએ તો બુદ્ધિ વીફરે.

બાળકને શરીર છે, હૃદય છે, બુદ્ધિ છે અને આત્મા પણ છે. આ સમગ્ર દૃષ્ટિ જેનામાં ખીલી હોય તે જ બાળમહિમા સમજી શકે અને તેને વ્યવહારમાં ઉતારી શકે. બાળમહિમા ઓળખવા માટે બાળકની સર્વાંગી ઓળખ જ એક સાચું સાધન છે.

**- શ્રી અરવિંદ**

**અહંકાર જીદ કરાવે છે, જ્યારે પ્રેમ જતું કરાવે છે.**

# શિક્ષકનો હકારાત્મક અભિગમ વર્ગખંડમાં ક્રાન્તિ સર્જી શકે છે.

**પ્રા. મહેન્દ્ર જે. પરમાર**

બાળકોના શાળાએ અનિયમિત આવવાના ઘણા કારણો શિક્ષકના હાથમાં કે સાથમાં હોતાં નથી, પણ તેમને આવવું ગમે તેવું આનંદમયી પ્રવૃત્તિલક્ષી વાતાવરણ નિર્માણ કરવું તે શિક્ષકના હાથની વાત છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે હૃદયનો સેતુ રચાય ત્યારે હૃદયતીર્થ સર્જાય છે. જેમાં વિદ્યાર્થીઓ પ્રગતિલક્ષી સહજીવન તરફ આગળ વધે છે. બંને વચ્ચે ભાવતીર્થ રચાય ત્યારે પરસ્પર ભાવથી વિદ્યાર્થી વગર કહે શાળામાં નિયમિત દોડતા આવશે. શિક્ષક જે ભણાવે તે ભાવથી ઝીલશે.

વર્ગખંડનું ભાવાવરણ વિદ્યાર્થીઓના જીવન પર દીર્ઘકાલીન અસર ઊભી કરે છે. વર્ગખંડ એ ખંડ બની ન રહેતા જીવન ઘડતરની એક મિશાલ બને છે. શ્રેષ્ઠ શિક્ષક જ વર્ગખંડની દીવાલોને ઓગાળી વિશ્વને વર્ગમાં લેતો આવતો હોય છે. શિક્ષકનો હકારાત્મક અભિગમ જ વર્ગખંડમાં ક્રાન્તિ સર્જી શકે છે. શિક્ષક અપાર શક્તિ અને સામર્થ્ય ધરાવે છે. ઉત્તમ નેતૃત્વ શક્તિ, ભારોભાર કર્તવ્યનિષ્ઠા અને અદમ્ય ઉત્સાહ હોય તો તે શાળા, સમાજ અને રાષ્ટ્રને ઘણું પ્રદાન કરી શકે.

શાળાની ધરોહર તેના શિક્ષકો છે. તેઓ જેટલા પ્રામાણિક, કર્તવ્યનિષ્ઠ અને કર્મઠ તેટલું વર્ગખંડનું અધ્યયન પ્રભાવી હશે. ડૉ. સંતોષ દેવકર 'મધુવનની મહેંક' કૉલમમાં નોંધે છે : ''શિક્ષક દ્વારા ઉચ્ચારાયેલા પ્રેરણાના શબ્દો વિદ્યાર્થીઓ માટે સંજીવની બની જતા હોય છે. એ શબ્દો તેના જીવનમાં ટર્નિંગ પોઈન્ટ સાબિત થતા હોય છે. જે વિદ્યાર્થીનું જીવન બદલી નાખે છે. આ શબ્દો ઉપનિષદના મંત્રથી જરાય ઉતરતા નથી. શિક્ષકનું કર્મ વર્ગખંડમાં વિદ્યાર્થીઓને યથાશક્તિ, યથામતિ ઉત્તમ જ્ઞાન આપવાનું છે.''

વાલી મિટીંગમાં એક શિક્ષક પોતાના વક્તવ્યમાં કહે છે : ''જો તમારી વાત સાચી હોય તો લખી રાખો કે તમારું આ બાળક ભવિષ્યમાં ખૂબ મોટી નામના કમાશે. પ્રતિષ્ઠિત વ્યક્તિ બનીને તમારું નામ રોશન કરશે. મોતીના દાણા જેવા અક્ષર, ઉમદા આચરણ, કઠોર પરિશ્રમ દીકરીને જીવનમાં ખૂબ મોટી સફળતા અપાવશે.'' શિક્ષક અને વિદ્યાર્થીને જોડતો એક સેતુ એટલે વર્ગખંડ. વિદ્યાર્થીના જીવનમાં વર્ગખંડ એક જીવનખંડ બની જતો હોય છે.

ઇ.સ. 1964માં રચાયેલા અને 1966માં પ્રસિદ્ધ થયેલા કોઠારી શિક્ષણ પંચના અહેવાલનો પ્રારંભ ''ભારતનું ભાવિ તેના વર્ગખંડમાં ઘડાઈ રહ્યું છે.'' વિધાનથી થયો છે. જે વર્ગખંડના અધ્યયનની વ્યાપકતા, વિશાળતા અને શિક્ષકની ભૂમિકા પર વેધક પ્રકાશ પાડે છે. જાણીતા લોકશિક્ષક અને પ્રખર રામાયણ કથાકાર પૂ. મોરારિબાપુ કહે છે : ''શિક્ષકની વિશ્વસંસ્થા તેનો વર્ગખંડ છે. તેમાં બેઠેલી 40 ચેતનાઓ એ તેનું યુનાઈટેડ નેશન છે. એક ચેતનાનો જન્મ આપનારી જનેતા તેનું જેટલું ધ્યાન રાખે છે તેવું ધ્યાન શિક્ષકે વર્ગખંડની ચેતનાઓ માટે રાખવાનું છે.''

વર્ગખંડની અધ્યયન પ્રક્રિયામાં વિદ્યાર્થી-શિક્ષક બંને ખૂબ મહત્ત્વના આયામો છે. દરેક વિદ્યાર્થી શિક્ષક માટે યુનિક છે. શિક્ષકે પોતાના વર્ગખંડની બારીમાંથી જગતને જોવાનું છે. બે આંખોથી નહિ પણ એક દૃષ્ટિથી જોવાનું છે. જે દૃષ્ટિ તેના વિકાસને સતત ઝંખતી હોય. એક શિક્ષકનું શાળાએ સમયસર પહોંચવું 'સત્યમ્' છે. કર્મયોગી બની વિદ્યાર્થીમય થવું 'શિવમ્' છે. જ્યારે વિદ્યાર્થીઓના દિલમાં વસી જવું 'સુંદરમ્' છે. શિક્ષકનું અધ્યાપન કાર્ય સત્ય જ હોવું જોઈએ. તેમાં સહેજપણ અસત્યનો બેસુરો રણકાર ન હોવો જોઈએ. સામાન્ય શિક્ષક સમજાવે છે. સારો શિક્ષક દર્શન કરાવે છે. જ્યારે ઉત્તમ શિક્ષક ભણાવવાની સાથે પ્રેરણા આપે છે.

**જે પરિસ્થિતિ તમને તકલીફ આપે છે, એ જ તમને જીવનમાં ઊંચે આવવાની તાલીમ પણ આપે છે.**

જાણીતા વિચારક અને શિક્ષણચિંતક ગુણવંત શાહ નોંધે છે કે, "એક જીવંત શિક્ષક વર્ગમાં જાય છે અને વિદ્યાર્થીઓમાં ચેતનાની લહેર પ્રસરી જાય છે."

'ચૉક અને ટૉક'ની પ્રણાલિગત પદ્ધતિ હવે ચાલી શકે તેમ નથી. કમ્પ્યૂટરનું નૉલેજ નહીં હોય તેવા ભણેલા અભણ કહેવાશે. સ્માર્ટ ક્લાસરૂમ અને ડિજીટલ ક્લાસરૂમના નવા ખ્યાલોનો આવિષ્કાર થઈ ચૂક્યો છે. ચાર ભૌતિક દીવાલો વચ્ચેના વર્ગખંડનું સ્થાન હવે વર્ચ્યુઅલ ક્લાસરૂમે લઈ લીધું છે. વિદ્યાર્થી વર્ગખંડના બદલે પોતાના ડ્રોઈંગરૂમમાં બેઠા બેઠા શિક્ષણ મેળવી રહ્યો હશે એ દિવસો હવે બહુ દૂર રહ્યા નથી. ઓડીયો-વિડીયો યાને દશ્ય-શ્રાવ્ય માધ્યમો થકી વર્ગખંડના અધ્યયનને જોડવામાં આવ્યું છે. સરળ અને પ્રગતિશીલ અધ્યયન માટે ટૅક્નોલોજીનો અર્થપૂર્ણ ઉપયોગ કરવાનું કૌશલ્ય અને નૈપુણ્ય શિક્ષકમાં હોવાં અનિવાર્ય બન્યા છે.

OHP, સ્લાઈડ, પ્રૉજેક્ટર, કમ્પ્યૂટર, ઇન્ટરનેટ, વૉટ્સઍપ વગેરે સ્રોતોનો ઉપયોગ કરી વર્ગખંડના અધ્યયનને વધુ કાર્યક્ષમ અને ધારદાર બનાવવાની ક્ષમતા શિક્ષકે કેળવવી જરૂરી છે. શિક્ષણ સંવેદના, પ્રયોગશીલ અભિગમ, સંશોધન, નવસંસ્કરણ અને અદ્યતન શિક્ષણ ટૅક્નોલોજી દ્વારા વર્ગશિક્ષણને સમૃદ્ધ બનાવવાનો સમયનો તકાદો છે. તો જ શિક્ષક આજીવન ટકી શકશે. તાર્સ્તન હસને યોગ્ય જ નોંધ્યું છે કે, ''આજે જ્ઞાનનો વિસ્ફોટ થયો છે. આવા સંજોગોમાં શિક્ષક સમકાલીન ઘટનાઓથી પરિચિત રહે તે જરૂરી છે. નહીંતર આજના વિદ્યાર્થીઓને જ્ઞાનની તૃપ્તિ થશે નહીં અને શિક્ષકને શેરડીના કૂચાની જેમ ફેંકી દેશે.''

શિક્ષકે પુસ્તકો, અખબારો, સામયિકો, સાપ્તાહિકો દ્વારા પોતાની જાતને સજ્જ રાખવી જરૂરી છે. તો જ તે સમકાલીન ઘટનાઓના અભ્યાસ દ્વારા શિક્ષણકાર્યને વધુ અસરકારક બનાવી શકે. શિક્ષકોએ બાળકોના મિત્ર, માર્ગદર્શક અને ફિલસૂફ બનીને તેમનો ઉત્તમ વિકાસ થાય, ચારિત્ર્ય ઘડતર થાય તે જોવાનું છે. વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતરનું કાર્ય શિક્ષક સિવાય અશક્ય છે. વિશ્વનું કોઈપણ વૈજ્ઞાનિક ઉપકરણ ગમે તેટલું પ્રબળ કે શક્તિશાળી કેમ ન હોય ! પણ એ શિક્ષકનું સ્થાન ક્યારેય લઈ શકશે નહીં.

વર્ગમાં નબળા કે સબળા વિદ્યાર્થીઓ આવે છે. તેથી ઘણી વખત અશિસ્તભર્યું વાતાવરણ સર્જાય છે. શિક્ષક સામે આ એક મોટો પડકાર છે. વિદ્યાર્થીઓને શારીરિક-માનસિક સજા કરવા પર નિષેધ છે. આ પરિસ્થિતિમાં પોતાના જ્ઞાનાલય દ્વારા પ્રભાવશાળી વ્યક્તિત્વ થકી વિદ્યાર્થીઓને નિયંત્રિત કરવાની જવાબદારી શિક્ષકે વહન કરવાની છે. સ્વયં શિસ્તનું નિર્માણ થાય તેવું વાતાવરણ શિક્ષકે સર્જવાનું છે.

---

**સંપર્ક : બી-101, સ્વાગત સીટી,**
**અડાલજ, જિ. ગાંધીનગર-382421**

## બાળક... સંવેદનશીલ પંખીડું...

બાળક એ કોઈ માટીનું ઢેફું નથી કે ફાવે તે રીતે તેને આકાર આપી શકાય. એ કાંઈ પથ્થરનું પૂતળું નથી કે તેને ફાવે તે રીતે આભૂષણો પહેરાવી શકાય. એ કાંઈ યંત્ર નથી કે તેને ફાવે તે રીતે ચાવી આપીને ચલાવી શકાય. એ તો છે એક જીવંત, અત્યંત સૂક્ષ્મ, મૃદુ અને સંવેદનશીલ પંખીડું. આ પંખીડું છે... રહસ્યમયતાનો સંપુટ. ખૂબ સમજથી, ખૂબ કોમળતાથી, ખૂબ કાળજીપૂર્વક તેને વિકસાવવાનું છે. પુષ્પની પાંદડીઓ ખૂલતાં પૂર્ણ વિકસિત કમળ બને તેમ તેને ખીલવવાનું છે. આ માટે આપણી જે પ્રાચીન વિદ્યા આપણને વારસામાં મળી છે એ છે અંતરાત્માના વિકાસની વિદ્યા અને એનું જ નામ છે કેળવણી.

**- રવીન્દ્રનાથ ટાગોર**

**હિંમત ક્યાંય ભાડે મળતી નથી અને કોશિશના ક્યાંય કારખાનાં નથી હોતા. બન્ને પોતે જ કરવાં પડે છે.**

# માતૃભાષા અને આઈસીટીનો ઉપયોગ

**ડૉ. રાઘવજી માધડ**

માતૃભાષાને ગાંધીજીએ દૂધ ભાષા કહી છે. બાળક માટે માતાનું દૂધ સર્વ પોષણ પૂરું પાડે છે એવું જ માતૃભાષાનું છે. શિક્ષણમાં સાક્ષરી વિષયોનું માધ્યમ માતૃભાષા છે. જો માતૃભાષાનું શિક્ષણ કાચું કે નબળું રહે તો અન્ય વિષયોનું શિક્ષણ પણ નબળું રહે.

આમ છતાં દોષારોપણ થાય છે, અન્ય સાક્ષરી વિષયો પર ! પણ તેનાં મૂળ માતૃભાષાના શિક્ષણમાં રહ્યા છે. સૌથી અનિવાર્ય બાબત છે કે, દરેક વિદ્યાર્થી માતૃભાષાનું સારું ને સમૃદ્ધ શિક્ષણ પામે. ભારતની દરેક ભાષાઓને આ એટલું જ લાગુ પડે છે. અરે.... અન્ય ભાષાનું શિક્ષણ પણ માતૃભાષાના શિક્ષણ પર આધારિત છે. જેમનું અંગ્રેજી સારું હશે તેના પાયામાં તેમનું ગુજરાતી કાચું નહીં જ હોય !

ગુજરાતની ઘણી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં મુલાકાત અર્થે જવાનું બન્યું છે અને તાલીમ નિમિત્તે પણ શિક્ષકોને મળવાનું બનતું જ રહ્યું છે ત્યારે ચર્ચાનો મુદ્દો, માતૃભાષા શિક્ષણ જ રહ્યો છે. ભાષા-શિક્ષણ કાચું રહેવાના ઘણાં કારણો છે તે પૈકી સૌથી મોટું કારણ છે, પ્રાદેશિક બોલી. ગુજરાતમાં વિસ્તાર અને જ્ઞાતિ મુજબ બોલીઓ પ્રવર્તે છે. જેમાં આદિવાસીઓની વિવિધ બોલીઓનો પણ સમાવેશ થાય છે. બોલી વ્યક્તિના લોહીના લયમાં વહેતી હોય છે. બોલીના પ્રભાવથી ખુદ શિક્ષક પણ પ્રભાવિત થાય છે. આ બાબતની ખરાઈ માટે, ખુદ શિક્ષકે મોબાઈલમાં પોતાના અવાજ, ટૂંકું વક્તવ્ય રેકર્ડ કરી, પછી ત્રાહિત વ્યક્તિ તરીકે સાંભળવું... ખુદને ખ્યાલ આવશે, પોતાની વાણીમાં સ્થાનિક બોલીનો કેટલો પ્રભાવ છે !

ગુજરાતના અમુક અંતરિયાળ વિસ્તાર એવા છે જ્યાં વિદ્યાર્થીઓની બોલી શિક્ષક સમજી શકતો નથી અને શિક્ષકની બોલી વિદ્યાર્થીને સમજવામાં તકલીફ થાય છે. એકબીજા વચ્ચે સંવાદ સધાતો નથી... જેની અન્ય સાક્ષરી વિષયો પર અસર થાય છે. પરિણામ ધાર્યું કે સારું આવતું નથી.

પ્રવર્તમાન સમયમાં ટૅક્નોલોજીના આગમનથી લગભગ સર્વ ક્ષેત્રોમાં બદલાવ આવ્યો છે. તેમ શિક્ષણ જગતમાં પણ એટલો જ બદલાવ આવ્યો છે. શિક્ષણ આપવા અને મેળવવાની પદ્ધતિ-પ્રયુક્તિઓ પણ બદલાઈ છે. શિક્ષક ચૉક અને ટૉકમાંથી બહાર આવવા લાગ્યો છે.

આજે ઈન્ટરનેટના આગમનથી આંગળીના ટેરવે સમગ્ર વિશ્વ આપણી સમક્ષ હાજર છે ત્યારે ન્યૂજનરેશન તેમાં અગ્રેસર રહી બદલાતા યુગ સાથે તાલ મેળવી રહી છે. લોકડાઉન દરમિયાન ઑનલાઈન શિક્ષણ પણ શક્ય બન્યું. તેનાથી કેટલો ફાયદો થયો તે સંશોધનનો વિષય છે. પણ વિકલ્પ તરીકે ઉપયોગી નીવડ્યું. વિદ્યાર્થી ન સમજાયેલી બાબતો કે વધારાની માહિતી માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરતો થયો છે. જે પ્રયોગ, પદ્ધતિ કે નિદર્શન ક્લાસરૂમમાં શક્ય નથી તે મોબાઈલમાં સરળતાથી જોઈ, સમજી શકાય છે. સમગ્ર શિક્ષણ ટૅક્નોલોજી આધારિત થવા લાગ્યું છે.

જોકે શિક્ષકને ક્લાસરૂમનો બાદશાહ કહ્યો છે. શિક્ષકનો ક્યારેય કોઈ વિકલ્પ ન હોઈ શકે. પણ આ ટૅક્નોલોજીના મહત્તમ ઉપયોગની દિશામાં શિક્ષક સક્રિય બને, તે વિશેષ જરૂરી ને અગત્યનું છે. જે આજના સમયની માંગ છે. વિદ્યાર્થીને ઑનલાઈનની આદત પડી ગઈ છે.

રાષ્ટ્રીય અભ્યાસક્રમના ચાર પરિચિત ક્ષેત્રોનાં પરિવર્તન પર ભાર મૂકવામાં આવ્યો છે. તે ક્ષેત્રો ભાષા, ગણિત, વિજ્ઞાન-ટૅક્નોલોજી અને સામાજિક વિજ્ઞાન છે.

**સંબંધોની સિલાઈમાં સ્વાર્થનો નહીં પણ લાગણીઓનો દોરો વાપરશો તો ક્યારેય નહીં તૂટે.**

મહત્ત્વની વાત એ છે કે આ ચારેય વિષયોની દીવાલોને નાબૂદ કરવા માટે તે વિષયોનું શિક્ષણ જે માધ્યમ દ્વારા આપવામાં આવે છે તે ભાષાનું મૂલ્ય જરાપણ ઓછું આંકી શકાય તેમ નથી.

**ભાષા-શિક્ષણના સામાન્ય હેતુઓ :**

- ગુજરાતી ભાષાની ઉચ્ચારણ તેમજ લેખન વિષયક સજ્જતા કેળવે.
- ગુજરાતી ભાષામાં અસરકારક રીતે મૌખિક-લેખિત અભિવ્યક્તિ કરી શકે.
- ગુજરાતી ભાષાના વ્યાવહારિક વ્યાકરણનો પરિચય કેળવે અને એનો કુશળતાથી જીવન વ્યવહારમાં ઉપયોગ કરે.
- શિષ્ટ અને સર્વ સામાન્ય ગુજરાતી ભાષામાં વાતચીતનું કૌશલ્ય કેળવે.
- ગુજરાતી ગદ્ય-પદ્ય સાહિત્ય વાંચીને સરળતાથી તેનો આનંદ-આસ્વાદ મેળવી શકે.
- ગુજરાતી ભાષા દ્વારા ગુજરાતના ભવ્ય વારસાનો પરિચય મેળવી શકે.
- પ્રસ્તુત પાઠ, કૃતિ દ્વારા સર્જકના ભાવવિચારો, અનુભવોને જીવનમાં આત્મસાત્ કરી ઉત્તમ નાગરિક બની શકે.
- સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા પોતે ભાષા વિકાસ સાથે જીવન વિકાસ સાધે.
- સાહિત્યનાં વિવિધ સ્વરૂપો દ્વારા સૌંદર્ય કે રસાસ્વાદ કેળવે.
- મૂલ્ય-સંસ્કાર આત્મસાત્ કરે.

પ્રવર્તમાન યુગમાં ટૅક્નોલોજીનું બાહુલ્ય કે પ્રભુત્વ વધ્યું છે. સર્વ ક્ષેત્રોમાં તેનો વ્યાપ વધ્યો છે. જેના લીધે સારા પરિણામો પણ પ્રાપ્ત થઈ રહ્યા છે. ભાષા-શિક્ષણમાં પણ ટૅક્નોલોજીનો ઉપયોગ થાય તે આજની માંગ અને જરૂરિયાત છે.

**માહિતી અને સંચાર પ્રૌદ્યોગિકી (આઈસીટી) :**

જે વિજ્ઞાન ક્ષેત્રે આકાર અપાતા સંચારિત સંગ્રહ, સર્જિત, દેખાડવું, વિદ્યુતીય અર્થ દ્વારા અરસપરસ રીતે અથવા વિનિમય શબ્દોની માહિતી માટે ઉપયોગી છે.

આઈસીટીની વ્યાપક વ્યાખ્યાઓમાં રેડિયો, ટેલિવિઝન, વીડિયો, ડીવીડી, ટેલિફોન, ઉપગ્રહની શ્રેણીઓ, કમ્પ્યૂટર અને નેટવર્ક હાર્ડવેર-સોફ્ટવેર જેવા પ્રૌદ્યોગિકીનો સમાવેશ થાય છે. જેમ કે, વીડિયો દ્વારા સંબોધન કરવું, ઈ મેઈલ, બ્લોગ્સ... વગેરે.

શૈક્ષણિક હેતુઓ માટે શિક્ષણની માહિતી અને સંચાર પ્રૌદ્યોગિકનું આધુનિક સંકલિત સ્વરૂપ જરૂરી છે. આને અસરકારક બનાવવા, શૈક્ષણિક આયોજનમાં શાળાના આચાર્યો, શિક્ષકો અને પ્રૌદ્યોગિક નિષ્ણાતો ઘણાં નિર્ણયો લઈ, ઉપયોગ કરી શકે છે. શિક્ષણશાસ્ત્ર વિષયક અને આધાર-સામગ્રીની જરૂરિયાતો તેમજ ઘણાં માટે આ સંકુલ દ્વારા એક નવી ભાષા શીખવવાની નથી પરંતુ ભાષાને અસરકારક કેવી રીતે શીખવાડવી તેની જાણકારી આપવાની છે.

**આઈસીટીની શિક્ષણક્ષેત્રે ભૂમિકા :**

શિક્ષણક્ષેત્રે ચોક્કસ સુધારણા અને અસરકારકતા માટે આઈસીટીની શિક્ષણક્ષેત્રે ભૂમિકા રહેલી છે. આમ તો ભાષાશિક્ષણ એ સંવેદનાઓ અને સંસ્કારઘડતરનું શિક્ષણ છે, ઊર્મિ-ભાવના અને લાગણીઓ સાથે જોડાયેલું છે. યંત્ર કે ટૅક્નિકલ તંત્ર સફળ ન થાય અથવા સફળ થાય તો કદાચ મૂળભૂત ઉદ્દેશ્ય માર્યો જાય. આવું બને... તેની સંભાવનાઓ નકારી શકાતી નથી. પરંતુ આજે સ્માર્ટ ક્લાસરૂમની સંકલ્પના સિદ્ધ થવા લાગી છે. નાનું બાળક પણ મોબાઈલ કે કમ્પ્યૂટર ઓપરેટ કરતું થઈ ગયું છે ત્યારે તેને આ ટૅક્નોલોજીથી વંચિત નહીં રાખી શકાય. વળી વિદ્યાર્થીઓની માતૃભાષા પ્રત્યેની ઉદાસીનતા પણ જોઈ શકાય છે. તે ઘટાડવા અને વધુ રસ લેતા કરવા પણ આ ટૅક્નોલોજીનો ઉપયોગ જરૂરી બન્યો છે.

**ભિક્ષાપાત્ર તો ભરાઈ શકે છે, પરંતુ ઈચ્છાપાત્ર કદી ભરાતું નથી. સંતોષમાં પરમ સુખ છે.**

ભાષાશિક્ષણને રસાળ અને જીવંત બનાવવા ટૅક્નોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવામાં આવે તો શિક્ષણની અસરકારકતા વધે તેમ છે.

દા.ત. કોઈ કવિતાનું રસ-ગાન કરાવવું હોય તો ઑડિયો-વીડિયોનો ઉપયોગ કરી શકાય.

કોઈ શબ્દની જોડણી કે અર્થ જોવો હોય તો સાર્થ જોડણીકોશની એપ દ્વારા મોબાઈલમાં જ શબ્દનો અર્થ જોઈ શકાય.

સામાન્ય શૈક્ષણિક કાર્યક્રમમાં વ્યાપક પ્રકારની શ્રેણીઓનો સમાવેશ થાય છે. દસ્તાવેજી, પ્રશ્નોતરી, શૈક્ષણિક કાર્ટૂનો વગેરેનો સમાવેશ થાય છે. સંશોધન દ્વારા સાબિત થયું છે કે આઈસીટીના ઉપયોગથી અનુક્રમે સામગ્રી અને પેડાગોજી બંનેમાં સરળતા અને સુધાર જોવા મળ્યા છે. જે 21 મી સદીમાંના સુધારાત્મક શિક્ષણના હૃદય પર છે.

આઈસીટીનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે. તે શીખ્યા બાદ વિદ્યાર્થીઓ આજીવન રીતે જ્ઞાન અને કૌશલ્યનો ઉપયોગ કરી શકે છે.

**શિક્ષકોને આઈસીટીનું પ્રશિક્ષણ :**

ટૅક્નોલોજીના આવિર્ભાવથી સર્વત્ર પરિવર્તન આવ્યું છે ત્યારે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં પણ પરિવર્તન આવવું જોઈએ. પરંપરાગત પદ્ધતિઓના સ્થાને ટૅક્નોલોજીયુક્ત નૂતન પદ્ધતિઓ ક્લાસરૂમમાં અપનાવવી પડે. શિક્ષક પ્રથમ વિદ્યાર્થી છે... તે સતત નવું નવું શીખતો રહે તો વિદ્યાર્થીઓને શીખવી શકે. આ વિગતનો ઉદ્દેશ્ય એ છે કે શિક્ષક પ્રથમ તો જૂની ઘરેડમાંથી બહાર નીકળે અને આ નૂતન પદ્ધતિઓનો સ્વીકાર કરે.

**સંપર્ક : 'અભિષેક' પ્લોટ નં.715/1,**
**સૅક્ટર-7/બી, ગાંધીનગર-382007**

## બાળકોને પ્રોત્સાહન આપો

શાળામાં માત્ર ઉચ્ચ ગ્રેડ કે માર્ક્સ લેવા એ જ કંઈ શિક્ષણનું એક માત્ર ધ્યેય નથી. બાળપણથી જ બાળકમાં એવો વિશ્વાસ જગાવવાની - તેને પ્રેરણા, પ્રોત્સાહન અને દૃઢનિશ્ચયી ઈચ્છા જગાવવાની કે તે પ્રયત્ન ચાંદ પર પહોંચવાનો જ કરે અને એમ કરવામાં અમુક તારા તો ચોક્કસ મેળવે. માતા-પિતા અને શિક્ષકો જ બાળકના પહેલા પ્રેરકો છે કે જે બાળકને ઉદ્દેશપૂર્ણ જીવનની એક સમજ ખીલવી શકે છે અને તેઓના જીવનમાં જે મેળવવા માંગે છે તેની અર્થસભરતા પામવા તેને મદદ કરે. બાળકોને તેમના અસ્તિત્વને દોરી રહ્યાં હોય તેવાં મૂલ્યો અને ધારાધોરણોને પોતાના વિચારો પરથી ઓળખવાના છે, પોતાની વર્તણૂકને એ રીતે ઘડવાની છે કે તેઓ પોતાની નિહિત ક્ષમતાઓને પામી શકે. ત્યારબાદ તેઓએ ધ્યેય સ્પષ્ટ અને નિશ્ચિત કરવાનાં છે. ધ્યેયો - કે જે એક આયોજન હોય, એક પથ હોય જેના પર તેણે ચાલીને પોતાનાં મૂલ્યોને ચરિતાર્થ કરવાના છે. બાળકોએ ધ્યેયનિષ્ઠ બનવું જોઈએ. ઘણાંખરા બાળકોમાં તેમના માતા-પિતાની પસંદ પર આધારિત રહેવાની આદત હોય છે. જે બાળક સાદી વાર્તાની ચોપડી નથી વાંચી શકતું તે ઈન્ટરનેટ, હોમ પેજ બનાવવા, સીડી જોવી કે સર્ફિંગને વળગેલું રહે છે ! બાળકને અર્થપૂર્ણ ધ્યેય નક્કી કરવા અને તેને પ્રાપ્ત કરવાના ચક્ર દરમિયાન સહકાર આપવો જોઈએ અને તેને પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કરવા જોઈએ.

**- ઈલાક્ષી પટેલ**
**('બાળઉછેરની ચાવી'માંથી સાભાર)**

**વાણી, વર્તન અને વિચાર પોતાની કંપનીની પ્રોડક્ટ છે, જેટલી ગુણવત્તા ઊંચી રાખશો એટલી વધુ કિંમત મળશે.**

# ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવન : સંસ્થા પરિચય

**ડૉ. પી. એ. જલુ**

**વ્હાલા મિત્રો,**

મારી કારકિર્દીના અંતિમ પડાવમાં એક નવી જવાબદારી સંભાળવાનું થયું અને ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવન (GIET)ના નિયામક તરીકે કામ કરવાનું શરૂ કર્યું. આ લેખ ખાસ તો આપ સૌ સારસ્વત મિત્રોને આ ગૌરવશાળી સંસ્થાનો પરિચય કરાવવા માટે લખી રહ્યો છું અને ગુજરાતના પ્રતિભાવાન શિક્ષકો આ સંસ્થા સાથે જોડાય એવો હેતુ છે.

ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવન (GIET) 1984થી કેન્દ્ર સરકારના CIET પ્રૉજેક્ટ અંતર્ગત ગુજરાતમાં સ્થપાયેલી સંસ્થા છે. આ સંસ્થાનો મૂળભૂત હેતુ જે તે સમયે શૈક્ષણિક કાર્યક્રમો ઉપરાંત વાલીશિક્ષણ અને લોકજાગૃતિના કાર્યક્રમોનું નિર્માણ કરીને દૂરદર્શનના માધ્યમથી લોકો સુધી પહોંચાડવાનો છે. GIET એ જે તે સમયે અનેક ઉત્કૃષ્ટ કાર્યક્રમોનું નિર્માણ કર્યું અને દૂરદર્શન પર પ્રસારિત કર્યા છે. ઉપરાંત ઘણા કાર્યક્રમોનો CD/DVD સંગ્રહ શાળાઓ સુધી પહોંચાડયો. એક સમયે ખાસ GIET ના શૈક્ષણિક કાર્યક્રમો જોવા માટે શાળાનો સમય 10:00 થી 4:00 નો પણ કરવામાં આવેલો. સવારે 10:00 વાગ્યે દૂરદર્શન પરથી આ કાર્યક્રમો પ્રસારિત થતાં હતાં. GIET માં કામ કરીને કેટલાયે કલાકારો અને શિક્ષકોનો વ્યક્તિગત વિકાસ પણ થયો અને આ ક્ષેત્રે એમની કારકિર્દી પણ બની.

એક સમયે સંસ્થા સતત ધમધમતી હતી અને પુષ્કળ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું નિર્માણ કર્યું. પાઠ્યક્રમ, બાળ મનોવિજ્ઞાન, લોકજાગૃતિ, વાલીશિક્ષણ, સાંપ્રત પ્રશ્નો, સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત કાર્યક્રમોનું દસ્તાવેજીકરણ, શાળાઓ અને સંસ્થાઓની ડૉક્યુમેન્ટરી, કારકિર્દી શિક્ષણ, રમતગમત, સાહિત્ય વગેરે અનેક વિષયો પર GIET એ ઉત્તમ કાર્યક્રમો બનાવ્યા અને આપણા સૌ સુધી પહોંચાડયા.

કાળક્રમે ટીવીની સાથે સાથે નવાં અનેક માધ્યમો આવ્યાં છે, જેવાં કે Youtube, Facebook વગેરે અસ્તિત્વમાં આવ્યાં છે ત્યારે GIET પણ આ માધ્યમો દ્વારા લોકો સુધી પહોંચવા માટે પ્રયત્નશીલ છે. GIET પાસે હાલ અગાઉ રેકોર્ડ થયેલા 3000 થી વધુ કાર્યક્રમોનો ખજાનો છે. એમાં અનેક એવા કાર્યક્રમો છે જે સાંપ્રત સમયમાં પણ એટલાં જ ઉપયોગી છે. આ કાર્યક્રમોને વર્તમાન સમય અને ટેક્નોલોજીની જરૂરિયાત મુજબ ફેરફારો સાથે GIET એ Youtubeના માધ્યમથી પુનઃ પ્રસારિત કરવાનું શરૂ કર્યું છે. જે સાંપ્રત સમયમાં પણ એટલાં જ ઉપયોગી છે. GIET ની Youtube ચૅનલના એક મહિનામાં 8000 જેટલા subscribers થયાં છે અને 130000 થી વધારે વખત એના કાર્યક્રમો જોવામાં આવ્યાં છે. અમે હવે નવા કાર્યક્રમોના નિર્માણ તેમજ અન્ય સંસ્થાઓ સાથે સહયોગ કરી તેઓ દ્વારા નિર્મિત વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ વાલીઓ માટે ઉપયોગી કાર્યક્રમોને પણ GIETના પ્લેટફોર્મ પર પ્રસારિત કરવાનું વિચારી રહ્યા છીએ અને એ દિશામાં કામ પણ કરી રહ્યા છીએ.

હાલ GIET એ કેટલાંક જૂના કાર્યક્રમોને Youtube ના માધ્યમથી શ્રેણી સ્વરૂપે પ્રસારિત કરવાનું શરૂ કર્યું છે. જેમાં ‘મૂછાળી મા’ શ્રેણીમાં બાળ મનોવિજ્ઞાન અને વાલીશિક્ષણને લગતાં કાર્યક્રમો છે, **‘વૈભવે ઊભરાતી ગુજરાતી’** શ્રેણીમાં ગુજરાતી ભાષાના વ્યાકરણની સમજ વિદ્વાન કેળવણીકાર-ભાષાવિજ્ઞાની ડૉ. યોગેન્દ્ર વ્યાસ દ્વારા આપવામાં આવી છે. **‘સર્વાંગી શિક્ષણ શ્રેણી’** અંતર્ગત યોગ, રમતગમત, શારીરિક શિક્ષણ, સંગીત અને ચિત્ર વગેરે વિષયો પર બનેલા કાર્યક્રમો છે. આશા છે કે આ કાર્યક્રમો આપના સુધી પહોંચ્યા હશે. આ પ્રમાણે જૂના કાર્યક્રમોનું પુનઃ પ્રસારણ તો ચાલતું જ રહેશે. ઉપરાંત GIET કેટલાક નવા કાર્યક્રમોનું પણ નિર્માણ કરી રહ્યું છે, જે નજીકના ભવિષ્યમાં આપના સુધી આવશે. અમે અત્યારે 11 જેટલાં વિવિધ પ્રૉજેક્ટસ પર કામ કરી રહ્યા છીએ. આવનારા સમયમાં ટેક્નોલોજીની સમજ આપવા માટે ‘ટેક્નોલોજી આંગળીના ટેરવે’, શાળાઓ અને શિક્ષકોના ઉત્તમ પ્રયોગોને ઓળખ આપવા માટે ‘દીવાદાંડી’, બાળકો માટે ક્વિઝ, શિક્ષકો અને વાલી શિક્ષણ માટે ‘સૅકન્ડ લાઈન

**ધનની ત્રણ ગતિ છે. દાન, ભોગ અને નાશ. જે નથી દેતો કે નથી ભોગવતો તેની ત્રીજી ગતિ નિશ્ચિત છે. - ભર્તૃહરિ**

ઑફ પેરેન્ટિંગ', વિજ્ઞાન વિષય પર શ્રેણી, શિક્ષણના સાંપ્રત પ્રવાહો પર નવી નજરે શ્રેણી વગેરે અનેક નવાં આયોજનો પણ કરી રહ્યાં છીએ.

આ સિવાય GIET પોતાની પાસે પડેલાં કેટલાક વિષયવસ્તુ આધારિત કાર્યક્રમોને કોર્સ સ્વરૂપે DIKSHA પોર્ટલ ઉપર પણ મૂકવા જઈ રહ્યું છે. તો આપની કક્ષાએથી તમામ શિક્ષકોને આ  કોર્સમાં જોડાવા માટે પણ આપ કહી શકો છો અને GIETના કાર્યમાં મદદરૂપ થઈ શકો.

ગુજરાત રાજ્યમાં સેંકડો શિક્ષકો છે જેઓ નવા નવા પ્રયોગો શિક્ષણમાં કરી રહ્યા છે. એવા પ્રયોગશીલ શિક્ષકોને પણ અમે GIET સાથે જોડાવા માટે આવકારીએ છીએ જેથી એક જગ્યાએ અજમાવાયેલી ઉત્તમ પદ્ધતિ બીજા લોકો સુધી પણ પહોંચાડી શકાય અને પ્રયોગશીલ શિક્ષકોને પણ એક રાજ્યવ્યાપી પ્લેટફોર્મ મળે. આપની કક્ષાએથી આપના જિલ્લાના આવા પ્રયોગશીલ શિક્ષકોના નામ પણ સૂચવી શકો છો.

આ સિવાય આપણી શાળાઓમાં વિશિષ્ટ પ્રતિભા ધરાવતા હોય એવાં અસંખ્ય બાળકો છે. એમને પણ GIET રાજ્યવ્યાપી પ્લેટફોર્મ પૂરું પાડવા ઇચ્છે છે. તો GIET આપ સૌને ખુલ્લા દિલે આવકારે છે અને અહીંથી મૂકવામાં આવનાર ઉપયોગી કાર્યક્રમોનો ભરપૂર ઉપયોગ કરવા માટે અપીલ કરે છે.

**અમારું વિઝન:**

- સંસ્થા બદલાતા સમય સાથે શૈક્ષણિક વિતરણ પ્રણાલી વિકસાવવા માટે તૈયાર છે.
- શિક્ષણ, સમાજઘડતર, પર્યાવરણ અને મૂલ્ય શિક્ષણ જેવા વિષયો પર વધુ ગુણવત્તાયુક્ત કાર્યક્રમોનું નિર્માણ.
- GIET એ પોતાની યુ ટ્યુબ ચૅનલ પર જે કાર્યક્રમો પ્રસારિત કરેલ છે તે ગુજરાતનાં અંતરિયાળ ગામડાં સુધી પહોંચાડવા માગે છે.
- શૈક્ષણિક વીડિયો લાઈબ્રેરી બનાવવા માંગે છે.
- હાલમાં સંસ્થા પાસે ડિજિટલ વિઝન મિક્સર, ડિજિટલ નોન-લાઈનિયર ઍડિટિંગ સેટઅપ, ડિજિટલ ઈન્ટરકોમ જેવા સંસાધનો છે. સંસ્થા સ્ટુડિયો અને સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરવા માગે છે.
- GIET  ભવિષ્યના પ્રસારણમાં વધુ કાર્યક્ષમતા, સારી ગુણવત્તા અને વિવિધતા પ્રાપ્ત કરવાનું લક્ષ્ય ધરાવે છે.

  આપ આપની કક્ષાએથી તમામ શિક્ષકોને પણ આ મેસેજ પહોંચાડશો અને GIET ની Youtube ચૅનલ સબસ્ક્રાઈબ કરવા માટે તેમજ કાર્યક્રમોને બાળકો તથા વાલીઓ સુધી પહોંચાડવા માટે સૂચના આપશો એવી અપેક્ષા.

  આપણે સૌ સાથે છીએ અને સૌનું ધ્યેય એકજ  છે : બાળકોનો વિકાસ..
- નીચે આપેલ QR CODE સ્કેન કરી GIET ની યૂટ્યુબ ચૅનલ, ફેસબુક પેજ અને વેબસાઈટ પર મુલાકાત લઈ શકો છો.

Youtube : GIET

Facebook : GIET

Wesite : http://gujarat-education.gov.in/giet/

સંપર્ક: નિયામકશ્રી,
ગુજરાત શૈક્ષણિક ટૅક્નોલોજી ભવન,
અમદાવાદ

**કળા એટલે પ્રત્યેક ચીજને, એટલે કે વિચાર, વાણી, વર્તનને તેના યથા યોગ્ય સ્થાને મૂકવી. - જે. કૃષ્ણમૂર્તિ**

# ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ : પરિચય

**પુલકિત જોશી**

સંસ્કૃત ભાષા પ્રાચીન ભાષા છે. ઘણી બધી ભારતીય ભાષાઓની જનની સંસ્કૃત ભાષા છે. તે દિવ્ય ભાષા છે, શ્રેષ્ઠ ભાષા છે, મધુર ભાષા છે. આપણો સાંસ્કૃતિક વારસો, આપણું જ્ઞાન અને ડહાપણ આ ભાષામાં સચવાયું છે. વિશ્વની શ્રેષ્ઠ વૈજ્ઞાનિક ભાષા સંસ્કૃત ભાષા છે. સંસ્કૃતના આ મહત્ત્વને સૌ કોઈ સ્વીકારે છે, જેનું પ્રતિબિંબ રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પણ જોવા મળે છે. આ બાબતોને ધ્યાને લઈ સંસ્કૃતના સંરક્ષણ અને સંવર્ધન અર્થે ગુજરાત સરકારે સંસ્કૃત બોર્ડની રચના કરી છે. ચાલો, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડનો પરિચય મેળવીએ.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તા.26-10-2020ના રોજ ગુજરાત રાજ્યમાં સંસ્કૃત ભાષા અને સાહિત્યના વ્યાપક વિકાસ માટે તથા જન સમુદાયમાં સંસ્કૃત ભાષા અને સાહિત્ય અંગે જાગૃતિ ફેલાવવા માટે સંસ્કૃત બોર્ડની રચના કરવામાં આવેલી છે.

**બોર્ડના ઉદ્દેશ તથા હેતુઓ :**

- સંસ્કૃત ભાષા અને સાહિત્યમાં ઉપલબ્ધ જ્ઞાન અને દૃષ્ટિનો પ્રચાર-પ્રસાર કરવો.
- સંસ્કૃત ભાષા અને સાહિત્યના અભ્યાસને ઉત્તેજન અને પ્રોત્સાહન આપવું.
- સંસ્કૃત શિક્ષણની પરંપરાગત અને આધુનિક પદ્ધતિઓ વચ્ચે સમન્વય સાધવો.
- પત્રાચાર અને દૂરવર્તી સંસ્કૃત શિક્ષણના અભ્યાસક્રમો તૈયાર કરવા.
- ભારતીય શાસ્ત્રીય ભાષાઓમાં અભ્યાસ અને સંશોધન માટે સંસ્કૃત પર વિશેષ ભાર મૂકવો.
- સંસ્કૃત ભાષા અને તેના સાહિત્ય માટેના શિક્ષણ, પ્રશિક્ષણ અને સંશોધન ક્ષેત્રે અભ્યાસના કેન્દ્રોનો વિકાસ કરવો.
- નાવીન્યપૂર્ણ વ્યાવહારિક પદ્ધતિઓ વિકસાવવી તેમજ તેનો અમલ કરાવવો.
- સંસ્કૃતમાં અનૌપચારિક શિક્ષણને પ્રોત્સાહન આપવું.

બોર્ડની કામગીરીના અસરકારક અમલીકરણ માટે રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને કુલ ૧૨ સભ્યોની ઉચ્ચ સ્તરીય સ્થાયી સમિતિ રચવામાં આવેલી છે.

રાજ્ય સરકાર દ્વારા પાંચ સરકારી તથા પાંચ બિન સરકારી સભ્યોથી બોર્ડની રચના કરેલ છે. અત્યારે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ તરીકે શ્રીમાન જયશંકર રાવલ અને ઉપાધ્યક્ષ તરીકે શ્રીમાન નંદકિશોર મહેતાની નિયુક્તિ થયેલ છે. શિક્ષણ વિભાગ દ્વારા ખાસ ફરજ પરના અધિકારી (વર્ગ-1) તરીકે ડૉ. કનુભાઈ કે. કરકરની નિમણૂક કરવામાં આવી છે. અત્યારે બોર્ડનું કાર્યાલય ગ-3 સર્કલ પાસે, સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર કેમ્પસ, સૅક્ટર-12, ગાંધીનગર ખાતે કાર્યરત છે.

**કામગીરીની રૂપરેખા**

ઉપરોક્ત હેતુઓને સિદ્ધ કરવા માટે બોર્ડ નીચે મુજબની કામગીરી કરશે.

- સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસારની કામગીરી ગ્રામ્ય સ્તરથી લઈ રાજ્ય સ્તર સુધી કરશે.
- તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરશે. જેમ કે... તાલીમ, શિબિર, પરિસંવાદ, વર્કશોપ, પ્રદર્શન, પરિષદો વગેરે
- સંસ્કૃત ભાષામાં જુદા જુદા સંશોધનની જરૂરિયાતો અંગે ભલામણ કરશે.
- સંસ્કૃત ભાષા સંબંધિત સાહિત્યનાં પ્રકાશનનું આયોજન કરશે.
- રાજ્યમાં સૌને સંસ્કૃત ભાષાના અભ્યાસની પ્રેરણા મળે તે પ્રકારના આયોજનને પ્રોત્સાહન આપશે.

આમ, ગુજરાત રાજ્યના આબાલવૃદ્ધ સૌ માટે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ કામગીરી કરનાર છે.

સંપર્ક: **મદદનીશ અધિકારીશ્રી,**
**ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગ-3 સર્કલ પાસે,**
**સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર સંકુલ, સૅક્ટર-12,**
**ગાંધીનગર.**

**પ્રીતિવચન જેવું બીજું વશીકરણ નથી. કલાકૌશલ જેવું બીજું ધન નથી. અહિંસા જેવો બીજો કોઈ ધર્મ નથી. - મહાભારત**

# વિદ્યાર્થીઓને દૃશ્યાંકન કરતાં કરીએ

ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા

માણસને પાંચ જ્ઞાનેન્દ્રિયો આંખ, કાન, નાક, જીભ અને ત્વચા પ્રભુએ આપીને મહા ઉપકાર કર્યો છે. આ જ્ઞાનેન્દ્રિયો દ્વારા રૂપ, શબ્દ (અવાજ), ગંધ, રસ અને સ્પર્શના ઇન્દ્રિયાનુભવો કરીને માણસ વિવિધ જ્ઞાન મેળવી શકે છે. જેમાં ભાષા શીખવા માટે પ્રત્યક્ષ રીતે ઈન્દ્રિયાનુભવો આપવા અતિ આવશ્યક છે. જેમાં દૃશ્યાનુભવ મહત્ત્વના છે.

બાળક જન્મતાં જ જોતું રહે છે. તે આ જગતમાં આવીને નવું નવું જોઈને આનંદાશ્ચર્ય પામે છે. જે જુએ છે તેને ઓળખવાનો પ્રયાસ કરે છે. આ ક્રિયા તેને જ્ઞાનોપાર્જન માટે ઉપયોગી બની રહે છે. એ જોઈને જ્ઞાન મેળવવાના પ્રયાસો કરનારને આગળ વધવાનો માર્ગ મળે છે. ન્યૂટને ઝાડ ઉપરથી ફળને નીચે પડતું જોયું અને વિચાર આવ્યો કે તે નીચે શાથી પડ્યું ? કેમ ઉપર ના ગયું ? આ વિચાર તેને શોધ તરફ દોરી જઈને ગુરૂત્વાકર્ષણના સિદ્ધાંતની રજૂઆત કરવામાં સફળતા બક્ષે છે. આમ આ પ્રસંગ ઉપરથી કહી શકાય કે, 'જેને આંખ હોય તે જુએ, વિચારે, સમજે, શોધે અને તે જ્ઞાન પામે.' આંખ બધાને મળી છે પણ જે જુએ છે, વિચારે છે, સિદ્ધ કરવા શોધે છે તે જ પામે છે.

ભાષા આંખ અને કાન વડે ગ્રહણ કરાય છે. એટલે ભાષા એ દૃશ્ય-શ્રાવ્ય સ્વરૂપ છે. લિખિત ભાષા દૃશ્ય સ્વરૂપ છે. લેખન અને વાચનમાં ભાષાના દૃશ્ય સ્વરૂપનો ઉપયોગ થાય છે. આ ગૌણ સ્વરૂપ છે, છતાં લેખનકળા અને મુદ્રણકલાને લીધે ભાષાનું દૃશ્ય સ્વરૂપ ટકાઉ અને વ્યાપક છે. દૃશ્ય સ્વરૂપથી જીવનનો વ્યવહાર સરળતાથી ચાલે છે. સાંસ્કૃતિક વારસાના હસ્તાંતરણમાં અને તેના સંવર્ધનમાં ભાષાનાં દૃશ્ય સ્વરૂપનો ફાળો વિશેષ છે. મુખમુદ્રાઓ અને હાથ, માથું વગેરેના હલનચલન અને ચેષ્ટાઓ દ્વારા પણ માણસ વિવિધ અર્થો પ્રતિપાદિત કરે છે. બહેરાં કે મૂંગા માનવીઓ મુખમુદ્રાઓ અને ચેષ્ટાઓ દ્વારા પ્રત્યાયન કરે છે. વર્ગમાં શિક્ષકની ચેષ્ટાઓ, મુખ-હાથ-આંખ વગેરેના હલનચલન, હાવભાવથી વિદ્યાર્થીઓને ઘણાં સ્પષ્ટીકરણો કરાવી શકાય છે. લખવા-વાંચવાના અર્થમાં ભાષાના દૃશ્ય સ્વરૂપનું શિક્ષણ આપીને ભાષામાં સમર્થતા બક્ષી શકાય છે. ત્યારે વિદ્યાર્થીઓને દૃશ્યાંકન કરતાં કરવા તે જરૂરી જ નહીં પણ અનિવાર્ય છે.

- **દૃશ્યાંકન કરતાં કરવા શું કરીશું ?**

ભાષા શીખવા માટે જોવું - દૃશ્યનું અંકન કરવું. જે જોવું તેને પારખવું - સમજવું ખૂબ જ અગત્યનું છે ત્યારે વિદ્યાર્થીઓને દૃશ્યાંકન કરતાં કરવા અનિવાર્ય છે. જે જુએ તેને સમજીને, પરખ કરીને, ઓળખ આપે ત્યારે તેણે દૃશ્યાંકન કર્યું કહેવાય.

બાળક ભાષા શીખવાની શરૂઆત શ્રવણ દ્વારા કરે છે. આ માટે જે બીજા બોલે છે તેને સાંભળીને, અનુકરણ કરીને ભાષા બોલતાં શીખે છે. જ્યારે બાળક શાળામાં પ્રવેશે ત્યારે ભાષા અધ્યયનની ઔપચારિક પ્રક્રિયા શરૂ થાય છે. બાળકને વાંચતા-લખતાં શીખવાય છે. પરીક્ષાની ભાષાના કથિત સ્વરૂપ અને શિષ્ટ લેખિત સ્વરૂપ વચ્ચે રહેલાં અંતરનો તે શાળામાં અનુભવ કરે છે. ભાષાના શ્રાવ્ય સ્વરૂપનું લેખિત સ્વરૂપ ઔપચારિક રીતે શાળામાં શીખે છે. એટલે બાળકને દૃશ્યાંકન કરતાં કરવા ખૂબ જરૂરી છે. દૃશ્યાંકન કૌશલ કેળવવા માટે નીચેના જેવી પ્રવૃત્તિઓ કરવી જોઈએ.

1. **આકૃતિમાંથી આકૃતિ શોધે :** બાળકોને એક આકૃતિ આપવામાં આવે અને તે આકૃતિમાંથી તેમાં સમાવેલી બીજી નાની નાની આકૃતિઓને અલગ બતાવીને તે આકૃતિઓ શોધાવવી જોઈએ. જો તે બતાવેલી આકૃતિઓ આપેલી એક આકૃતિમાંથી શોધી શકે તેવું દૃશ્યાંકન સારું.

**સંબંધોમાં એકબીજાની હૂંફ હોય તો ક્યારેય હાંફ ન ચઢે.**

2. **અનેકમાંથી એક બનાવે :** કોઈ આકૃતિ કે મૂર્તિ કે ઢીંગલીના જુદા જુદા ભાગ કરી દેવા અને તે અનેક ભાગમાંથી ભાગોને જોડીને આકૃતિ, મૂર્તિ કે ઢીંગલી બનાવે તેવી પ્રવૃત્તિ કરાવવી જોઈએ. આ કરાવવાથી તે આકારનું દશ્યાંકન કરશે. તેને પારખીને જે તે પદાર્થને જોડી શકશે.

3. **જોઈને સર્જન કરે :** કોઈ આકૃતિ કે ચિત્ર જોઈને તે દોરે. કોઈ ઝાડ - ફૂલ - ઝૂંપડી - ચોરસ - લંબચોરસ - ત્રિકોણ વગેરે બતાવીને તે પ્રમાણે દોરે. કોઈ પ્રયોગનું નિદર્શન જોઈને તે પ્રયોગની આકૃતિ દોરે. આમ તે જોઈને તેની પ્રતિકૃતિનું સર્જન કરે તો દશ્યાંકન દઢ બને છે.

4. **વસ્તુઓળખ પ્રવૃત્તિ :** (દશ્ય - સ્મૃતિ ફલક વિસ્તાર અંગેનો મહાવરો) જોયેલી વસ્તુઓ, ચિત્રો, આકૃતિઓને સ્મૃતિમાં રાખીને ઓળખવાની ક્રિયા એટલે દશ્ય સ્મૃતિ ફલક. આ માટે બાળકોને પશુ - પક્ષી - વસ્તુઓ - મૂળાક્ષરો વગેરે બતાવીને તેમાંથી તે કરેલું યાદ રાખીને ઓળખી શકે છે. તેની ચકાસણી અંગેની રમત રમાડવી જોઈએ. બાળકોએ કેટલાંક પશુ-પક્ષી-ઝાડ-છોડ-વસ્તુઓ જોઈ હોતી નથી. તે બતાવવી ખાસ જરૂરી છે. આ વસ્તુઓની ઓળખ તે કેટલા સમયમાં કરે છે તે પણ ચકાસવું જોઈએ. આમ કરવાથી દશ્ય-સ્મૃતિ ફલકનું માપન થઈ શકે છે.

5. **દશ્યભેદ પરખ :** બાળકોને જુદી જુદી વસ્તુઓ, આકૃતિઓ, ચિત્રો બતાવીને તેમાં રહેલું સરખામણું અને અસમાનતા શોધાવવી જોઈએ. તે જોઈને સરખાપણું કે અસમાનતાની પરખ કરી શકે તે જરૂરી છે. એક આપેલી આકૃતિના જેવી જ બીજી ચાર-પાંચ આકૃતિમાંથી સરખા આકારવાળી આકૃતિ શોધી કાઢવાનું, શોધીને બતાવવાનું કહી શકાય. જુદી જુદી વસ્તુઓ દા.ત. શાકનો - ભાતનો - દાળનો - ચમચા બતાવીને તેમાં સરખાપણું અને અસમાનતા શોધવા કહી શકાય.

6. **વર્ણઓળખ :** ભાષાના વર્ણો - શબ્દોને બાળક બોલે છે પણ ઓળખતા નથી. આથી દરેક વર્ણ માટે પાંચ કે તેથી વધુ આકૃતિઓ, ફોટા દર્શાવીને વર્ણની ઓળખ કરાવવી જોઈએ. દા.ત. 'ક' ની ઓળખ માટે ખાસ કરીને પ્રથમ જ 'ક' વર્ણ આવે અને જોયેલા હોય તેવી વસ્તુનાં ચિત્રો બતાવીને તેની ઓળખ કરાવી શકાય. દા.ત. કડછો, કડાઈ, કડા, કડું, કથરોટ, કપડું, કબૂતર (કપોત), કમાડ, કર, કલમ, કરવત, કમળ, કપચી વગેરેનાં ચિત્રો બતાવી શકાય.

7. **વર્ણ-ભેદ ઓળખ :** ગુજરાતી ભાષામાં જે વર્ણો છે તેમાં કેટલાંક વર્ણોના આકાર જાણીને ભેદ પારખી શકાય છે. આમ તો બધાં જ વર્ણોના આકારથી જ તેની ઓળખ થાય છે, પણ કેટલાંક વર્ણો જેવા કે, ટ-ડ, ઢ-ઠ, પ-ય, ળ-ણ, ક્ષ-જ્ઞ, જ-ઝ, વગેરેને તેના આકાર ઉપરથી ઓળખીને ભેદ પારખી શકાય છે. ઉચ્ચારણ પણ ઓળખ આપે છે. છતાં લખવામાં કેટલીકવાર ભૂલો થાય છે તે ન થાય તે માટે વર્ણ જોઈને વર્ણભેદ પરખ કરાવવી જોઈએ.

8. **ભાવ નિદર્શન પ્રવૃત્તિ :** બાળકો મુખ ઉપરની શારીરિક ચેષ્ટા આધારિત ભાવો જોઈને ભાવની પરખ કરી શકે. કરૂણ ભાવ દર્શાવતી, સંતોષ ભાવ દર્શાવતી, ગુસ્સાનો ભાવ દર્શાવતી મુખાકૃતિ, વિવિધ અભિનય દ્વારા, આંગિક ભાવ દ્વારા ભાવનિદર્શન કરી શકાય. આ માટે બાળકોને વિવિધ ભાવ દર્શાવતાં દશ્યો દર્શાવી શકાય. શિક્ષક જાતે પણ ભાવ નિદર્શન કરી શકે. વિદ્યાર્થીઓ પાસે પણ તેમ કરાવી શકાય.

9. **દશ્ય-એકાગ્રતા મહાવરો :** બાળક જે જુએ તે એકાગ્ર થઈને, ધ્યાનથી જુએ તે જરૂરી છે. એકાગ્રતાથી, ધ્યાનથી જોયેલાં દશ્યો વિશે તે વધુ સારી રીતે સમજી શકે છે. શિક્ષણમાં ચાર્ટ્સ, ચિત્રો, નકશા વગેરે દર્શાવવાના હોય છે. ત્યારે એકાગ્રતાથી જોવાની વૃત્તિ વિકસી હોય તો તે સારી રીતે નિરીક્ષણ કરીને, સમજીને, જે તે દર્શાવી શકશે. આ ઉપરાંત ભાષામાં

**જીવનમાં ઊંડામાં ઊંડા ઘા પણ રૂઝાઈ જાય - જો આપણે તેને ખોતરવાના બંધ કરી દઈએ તો !**

વાચન-લેખનમાં એકાગ્રતા કેળવી શકશે. આ માટે ચિત્રના ભાવ, શિલ્પના ભાવ દર્શાવવા, ચિત્રનું વર્ણન કરવા, આકૃતિ શું શું દર્શાવે છે તે બતાવવાનું કહી શકાય, પૂછી શકાય.

10. **શબ્દભેદ ઓળખ :** શબ્દોના અર્થ બદલવામાં શબ્દમાં એકાદ વર્ણ બદલવામાં આવે છે ત્યારે તે શબ્દો વચ્ચેના ભેદ ઓળખવા જરૂરી છે. આ માટે તેવા શબ્દો પસંદ કરીને, તેના અર્થ પૂછીને તેમાં ભેદ દર્શાવી શકાય. દા.ત. પાણિ-પાણી, સુરત-સૂરત, આણી-કાણી-વાણી-શાણી-જાણી, ભીમ-જીમ-ટીમ-રીમ, કમર-મકર-રકમ વગેરે.

11. **દૃષ્ટિ-ધ્વનિ ફલક :** મૌખિક વાચન દરમિયાન જે શબ્દોનો ઉચ્ચાર થાય છે તે શબ્દની જમણી તરફ આપેલા કેટલાક શબ્દ ઉપર આંખની દૃષ્ટિ હોય છે. આમ ઉચ્ચાર અને દૃષ્ટિ વચ્ચે એક પ્રકારનું ફલક રચાય છે. તેને દૃષ્ટિ-ધ્વનિ ફલક અથવા ધ્વનિ-દૃષ્ટિ ફલક કહે છે. આ ફલક સારું હોય તો વાચન ઝડપ વધે છે. આ માટે બાળકોને સરળ વાચન-મધ્યમ વાચન-કઠિન વાચન કરાવી શકાય. સરળ વાચન એટલે પરિચિત શબ્દો આવતા હોય તેવા ફકરાનું વાચન, મધ્યમ વાચન એટલે પરિચિત શબ્દો વધુ અને અપરિચિત ઓછા હોય તેવા ફકરાનું વાંચન અને કઠિન વાંચન એટલે અપરિચિત શબ્દો વધુ અને પરિચિત શબ્દો ઓછા હોય તેવા ફકરાનું વાંચન. આમ કરાવવાથી વિદ્યાર્થીઓની દૃષ્ટિ-ધ્વનિફલક વિકસશે અને વાંચન ઝડપ પણ વધશે.

12. **શબ્દભંડોળ વિકાસ પ્રવૃત્તિઓ :** જોઈને વાંચવા અને સમજવા શબ્દભંડોળ વધારેમાં વધારે હોવું જોઈએ. જે શબ્દોને ઓળખે, તેના અર્થ આપી શકે, વાક્યના સંદર્ભે અર્થ આપી શકે તેનું વાચન અર્થગ્રહણ - વાચન ઝડપ સારી થઈ શકે. શબ્દભંડોળ વધારવા વાચન મહત્ત્વની પ્રવૃત્તિ છે. વિદ્યાર્થીઓ જુદાં જુદાં પુસ્તકો વાંચે અને તેમાં આવતા અપરિચિત શબ્દોના અર્થ મેળવે - સમજે તેવું કાર્ય કરાવી શકાય. આ માટે વિવિધ શબ્દ રમતો રમાડી શકાય.

આમ, ઉપરોક્ત પ્રવૃત્તિઓ દ્વારા બાળકોનું દશ્યાંકન કૌશલ્યો વિકસાવવાથી ભાષાવાચન અને લેખનને સારું બનાવી શકાશે. તેની સાથોસાથ અન્ય કૌશલ્યો વિષય શિક્ષણમાં પણ ઉપયોગી થશે.

**સંપર્ક : 10, વૃંદાવન બંગ્લોઝ, ધારાનગરી રોડ, વલ્લભવિદ્યાનગર તા.જિ. આણંદ, પીન કોડ-388520**

## નોકરી પહેલી કે દેશ ? : પુરૂષોત્તમદાસ ટંડન

લોક-સેવક-સંઘ નામે ઓળખાતી સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટીના સભાપતિ લાલા લજપતરાય અવસાન પામ્યા. એક અંગ્રેજની લાઠીનો એ ભોગ બન્યા હતા.

હવે સભાપતિના સ્થાને કોની નિમણૂક કરવી એ સવાલ થઈ પડયો. વાત મહાત્મા ગાંધી પાસે પહોંચી. એમણે પુરૂષોત્તમદાસ ટંડનને કહેવડાવ્યું કે સ્થાન તમે લઈ લો તો સારું.

ટંડનજી આ વખતે પંજાબ નેશનલ બેંકની લાહોર શાખાના મેનેજર હતા. એ સમયે મહિને દહાડે તેરસો રૂપિયાનો મોટો પગાર એમને મળતો હતો. અને બહોળું કુટુંબ પોષવાની જવાબદારી પણ એમને શિરે હતી. કુટુંબ મુશ્કેલીમાં આવી પડે તેમ હતું.

છતાં ગાંધીજીના હુકમને માન આપીને તેમણે સંઘનું કામ સંભાળી લીધું. પછી જીવ્યા ત્યાં સુધી દેશની જ સેવા કરતા રહ્યા.

**('અત્તરનાં પૂમડાં'માંથી સાભાર)**

**પાણી મર્યાદા તોડે તો વિનાશ થાય, પરંતુ વાણી જો મર્યાદા તોડે તો સર્વનાશ થાય.**

# સ્વચ્છતા એ આપણી સામાજિક જવાબદારી

કનુભાઈ આઈ. પટેલ

સ્વચ્છતા એ દરેક ભારતીયની સામાજિક જવાબદારી છે. ભારતીય સંસ્કૃતિની વિચારધારા પ્રમાણે ''જ્યાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા'' અને જ્યાં પ્રભુતા છે ત્યાં દિવ્યતા છે. આવી માન્યતા ભારતીય સંસ્કૃતિની રહેલી છે. પણ આજે જે પરિસ્થિતિ છે તે જોતાં શરમથી માથું ઝૂકી જાય છે. પ્રાચીન ભારતની છબી કાંઈક જુદી હતી આને કારણે તે સમયનો સમાજ સંપૂર્ણ સ્વસ્થ અને સમૃદ્ધ હતો. પરંતુ આજે પરિસ્થિતિ કંઈક વિપરિત છે.

ગંદકી, દુર્ગંધ, અસ્વચ્છતા આપણા દેશની એક મોટી સમસ્યા છે. આ માટે વસ્તીવધારો, ગરીબી, નિરક્ષરતા અને ઓછા સંસાધનો અમુક અંશે જવાબદાર હશે પરંતુ સૌથી મહત્ત્વનું પરિબળ તો લોકોની આદતો, સ્વચ્છતા માટે જાગૃતિનો અભાવ, મારાપણાનો અભાવ વગેરે વધારે જવાબદાર છે. કચરો ગમે ત્યાં, ગમે તેમ ફેંકવો, ગમે ત્યાં થૂંકવું, પાનમસાલા કે ગુટકા-માવાના પાઉચ કે કાગળો ગમે ત્યાં ફેંકવા, કેળાં ખાઈ તેની છાલ રોડ પર ગમે ત્યાં ફેંકવી, કેનાલના પાણીમાં ભગવાનને ચડાવેલાં ફૂલ, પૂજાપો પધરાવવો, ખુલ્લામાં કોઈ જાતની શરમ રાખ્યા વગર પેશાબ કરવો વગેરે જેવી ઘણી બાબતો આપણા લોકો માટે સામાન્ય બાબત છે. આવી પરિસ્થિતિમાં આપણે આપણા દેશને સ્વચ્છ રાખવા શું કરી શકીએ ?

ગાંધીજીના મતે સ્વચ્છતા એ કોઈ પ્રક્રિયા નથી, પણ રોજબરોજની જીવનશૈલીનો એક ભાગ છે. સરકાર દ્વારા અવનવા પ્રયોગો કરીને સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાના પ્રયાસો થાય છે. જેમ કે 'નિર્મલ ભારત અભિયાન'. વર્તમાન સરકાર દ્વારા પૂરેપૂરા સ્પષ્ટ વિઝન અને ઍક્શન પ્લાન સાથે નવેસરથી તેણે ''સ્વચ્છ ભારત અભિયાન'' યોજના લૉન્ચ કરી છે. આ યોજનામાં લોકોને જોડવા તેમજ ભાગીદાર બનાવવા સરકાર પૂરા પ્રયાસ કરી રહી છે. લોકજાગૃતિના કાર્યક્રમો કરીને લોકોને સ્વચ્છતા પ્રત્યે સભાન બનાવવા પૂરા પ્રયત્નો થઈ રહ્યા છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીનું લક્ષ્ય પણ છે કે ગાંધીજીની 150મી જન્મજયંતી પૂર્ણ થઈ હોવાથી દેશને સ્વચ્છ ભારતની ભેટ ધરવી. લોકો તેને બિરદાવી પણ રહ્યા છે પરંતુ દેશની આમજનતા આ વાતને સ્વીકારે અને સહયોગ કરે તો જ તે સફળ બની શકે. જો આગામી વર્ષોમાં આપણા સૌના નિષ્ઠાપૂર્વકના સામૂહિક પ્રયાસથી આ લક્ષ સિદ્ધ થાય તો રાષ્ટ્રપિતા ગાંધીજીને સાચી શ્રદ્ધાંજલિ આપી ગણાશે. તેની શરૂઆત આપણે આપણાથી કરીશું તો જ તે સ્વચ્છતા માટે જનઆંદોલનનું સ્વરૂપ ધારણ કરશે.

દેશની ઘણીબધી સેવાભાવી સંસ્થાઓ દ્વારા, મીડિયા દ્વારા, સમાજની વિશેષ વ્યક્તિઓ દ્વારા પણ આ અભિયાન અંતર્ગત નિષ્ઠાપૂર્વકના પ્રયાસ થઈ રહ્યા છે. શાળા અને કૉલેજ કક્ષાએ ચાલતા એન.એસ.એસ. યુનિટો દ્વારા પણ ગ્રામ શિબિરો અને નિયમિત પ્રવૃત્તિના વિવિધ કાર્યક્રમો સ્વચ્છતા માટે જાગૃતિ લાવવાના ઉત્તમ પ્રયાસો કરી રહ્યા છે. આમ આ જવાબદારી ફક્ત સરકારની જ નહિ પણ ભારતના નાગરિક તરીકે આપણા સૌની છે, માટે આપણે સૌ સ્વચ્છતા માટે પ્રતિબદ્ધ બનીએ.

હું પ્રતિજ્ઞા લઉં છું કે......

- ''સ્વચ્છ ભારત અભિયાન''માં હું નિષ્ઠાપૂર્વક સહભાગી બનીશ.
- મારી શાળા, સંસ્થા અને કેમ્પસને સ્વચ્છ અને સુઘડ રાખીશ.

**આનંદમાં રહેવા માટે સુવિધાની નહીં, સમજણની જરૂર છે.**

- હું પોતે ગંદકી કરીશ નહીં કે અન્યને પણ ગંદકી કરવા દઈશ નહીં.
- જયાં પણ કચરો કે ગંદકી નજરે પડશે તેને દૂર કરવા પ્રયત્ન કરીશ.
- મારી સાથે મારો પરિવાર, મિત્રો તથા અન્ય સભ્યોને આ અભિયાનમાં જોડાવવાની પ્રેરણા આપીશ.
- એન.એસ.એસ.ના સ્વયંસેવકોની જેમ સપ્તાહમાં એક કલાક સ્વચ્છતા માટે ફાળવીશ.
- ''જયાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા'' એ સૂત્ર યાદ રાખીને 'સ્વચ્છ ભારત અભિયાન'માં સ્વયં સક્રિય રહીને અન્યને પ્રેરિત કરતો રહીશ.

આ ઉપરાંત એ પણ સ્પષ્ટ છે કે જેટલી બાહ્ય સ્વચ્છતાની જરૂરિયાત છે તેટલી જ કે તેથી વધુ વ્યક્તિની આંતરિક સ્વચ્છતાને પણ મહત્ત્વ આપવાની જરૂર છે. જેમાં નિષ્ઠા, પ્રામાણિકતા, દયા, કરુણા અને સત્ય જેવા માનવીય મૂલ્યોનો વિકાસ થાય તો જ માનવીની આંતરિક સ્વચ્છતા વિકાસ પામે છે. માટે માણસ મનથી પણ સ્વચ્છ અને સ્વસ્થ બને તે પણ તેટલું જ જરૂરી છે અને આપણામાં આધ્યાત્મિક વૃત્તિ ખીલે તે પણ જરૂરી છે. ભારતના એક નાગરિક તરીકે ''સ્વચ્છ ભારત અભિયાન'' માટે તન-મનથી આ કાર્યક્રમમાં પૂરો સહયોગ કરી રાષ્ટ્રનિર્માણ માટે રામની ખિસકોલી બની શરૂઆત કરીએ.

**આદત નહીં હોય તો પાડવી પડશે,**
**દેશમાંથી ગંદકી તો કાઢવી પડશે,**
**આદત સ્વચ્છતાની અપનાવી હવે,**
**મિશન સ્વચ્છતાનું પાર પાડીશું હવે.**

---

**સંપર્ક : એન.એસ.એસ. પ્રૉજેક્ટ ઑફિસર**
**સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી, જિ. મહેસાણા-382715**

## ખંતીલા શિક્ષક : ગાંધીજી

(1) તેમના દીકરાઓને ગાંધીજીએ કેટલાક સમય સુધી મૌખિક પાઠ આપવાનું રાખ્યું હતું. તેમની પાસે સમયની ખેંચ રહેતી એટલે તેમનાં છોકરાઓ, તેઓ ઑફિસે જાય ત્યારે તેમની સાથે ચાલતા ચાલતા ઑફિસે જતા અને રસ્તે ગાંધીજી તેમને ગુજરાતી ભાષામાં કવિતા, સાહિત્ય તથા બીજા વિષયો વિશે વાત કરતા. ફિનિક્સ આશ્રમમાં ગાંધીજીએ આશ્રમવાસીઓનાં બાળકો માટે પ્રાથમિક શાળા શરૂ કરી હતી. તેઓ આ શાળાના મુખ્ય શિક્ષક હતા. બીજા સાથીદારો શાળા ચલાવવામાં મદદ કરતા. શિક્ષકો આશ્રમમાં જાતમહેનતનું કામ કરવામાં એવા રોકાયેલા હતા કે કેટલીક વાર ખેતરમાંથી સીધા વર્ગ લેવા માટે આવતા. પોતે આચરણમાં ન મૂક્યું હોય એવું કોઈ પણ કામ કરવાનું ગાંધીજી પોતાના વિદ્યાર્થીઓને કહેતા નહિ. ગાંધીજીનું વાંચન વિશાળ હતું અને કંઈક નવું શીખવા મળે તો તે શીખવા માટે તેઓ હંમેશાં આતુર રહેતા. પાંસઠ વર્ષની ઉંમરે એમણે ખગોળશાસ્ત્રનો અભ્યાસ શરૂ કર્યો હતો. ગાંધીજી વિદ્યાર્થીઓને ભણાવવા માટે કોઈ ચોપડીનો ઉપયોગ ભાગ્યે જ કરતા. પુસ્તકિયા જ્ઞાનને તેમણે ઝાઝું મહત્ત્વ નહોતું આપ્યું. હૃદયની સંસ્કારિતાનો વિકાસ અને ચારિત્રનું ઘડતર એ એમના શિક્ષણનું ધ્યેય હતું.

**- અનુ બંદોપાધ્યાય**

(2) બિહારના વ્રજકિશોર બાબુની મોટી દીકરી પ્રભાવતીનું લગ્ન ચૌદ વર્ષની વયે 1920માં જયપ્રકાશ નારાયણ સાથે થયું હતું. નાની વયથી પ્રભાવતીને ગાંધીજીના સંપર્કની તક મળી હતી. જયપ્રકાશ અમેરિકા અભ્યાસ કરવા ગયા ત્યારે અવારનવાર બાપુ અલ્પશિક્ષિત પ્રભાવતી બહેનને સાબરમતી આશ્રમ બોલાવી લેતા. બાપુ તેમને અંગ્રેજી વ્યાકરણ, અનુવાદ, શબ્દના ઉચ્ચાર, પત્રલેખન શીખવતા. 'શાકુંતલ' અને પુરૂરવા-ઉર્વશી' પણ અંગ્રેજીમાં ભણાવ્યાં. ઉપરાંત, ગુજરાતી, ગણિત, નામું, આરોગ્ય જેવા વિષયોનું પિતૃવત્ પ્રેમથી શિક્ષણ આપ્યું.

**(સંકલન)**

**અસંતોષનું એક કારણ છે - સરખામણી.**

# વજ્ર કુંડમાં ઊગેલું સુકોમળ પુષ્પ : સરદાર વલ્લભભાઈ પટેલ

સુભાષ પટેલ 'એકાંત'

ગુજરાતના ગૌરવ સમા કવિશ્રી ઉમાશંકર જોશી સરદાર પટેલના વ્યક્તિત્વને કાવ્યશૈલીમાં વધાવતાં કહે છે :

'પગ પર પગ ટેકવી બેસે છે : નમેલા ખભા,
ચહેરા પર ઊંડા ચાસ,
આંખો એક સાથે નિર્ભિક, શોધતી, માયાળુ,
મસ્તિષ્ક ઠંડુ-અગ્નિઝરતા શબ્દોનું ઉદ્ભવસ્થાન
તમે કદી એમને બોલતા સાંભળ્યા છે ?
એ શબ્દો ઉચ્ચારતા નથી,
ભૂખથી ભરખાતી વિરાટ પ્રજાના
હિજરાતા આત્માની તાકાતને એકત્રિત કરે છે,
અને એમનું લોખંડી કટ્ટર વ્યક્તિત્વ
એમાંથી નીપજાવે છે શબ્દપંખાળી શસ્ત્ર ગંધાતા દૂરિત પ્રતિ
ધારદાર શબ્દોના ઘા કરવામાં રાચે છે.
પણ હમણાં હમણાં તો એમની આત્માની ગોફણમાંથી
છૂટે છે - શબ્દ નહીં, પણ તાતી સંકલ્પશક્તિ, એમના શબ્દો
શબ્દો નથી, કાર્યો છે.'

સરદારશ્રીનો પરિચય પામવો એટલે સદ્ભાગ્ય. પરોક્ષ તો પરોક્ષ પણ આવા મહાનુભાવનો પરિચય એટલે જીવનમાં ખુમારી અને કોમળતા બંને ગુણોનો એક સાથે આત્મસાત્ કરવાનું અહોભાગ્ય.

**'નિર્ભય સિંહ સમી છાતી**
**બુલંદ જોમ ભરી ઊભરાતી,**
**હૃદયે કોમળતા વર્તાતી**
**વજ્રના પુષ્પ રૂપે મહેંકતી.'**

નિર્ભયતા અને બુલંદીના મહારથીનું હૃદય ફૂલ જેવું કોમળ હતું. સાથે સાથે તેમના અંગત જીવનમાં કોઈ સાધુને શોભે એવો દઢ વૈરાગ્ય હતો. માત્ર રાજકારણ જ નહીં, બીજા અનેક ક્ષેત્રોમાં સફળતાની ટોચે બેઠેલા મહાનુભાવોના જીવનમાં ડોકિયું કરીએ ત્યારે એ વાત સમજમાં આવે કે સરદાર પટેલનું અંગત જીવન એટલે અણીશુદ્ધ અને પરિશુદ્ધ. જીવનભરની કારમી એકલતા પચાવી પીડાકારક વ્યાધિની પરવા કર્યા વગર જીવન દેશ માટે સમર્પિત કરનાર સરદાર પટેલ ખરેખર અખંડ ભારતના શિલ્પી હતા. ભારતની એકતા અને અખંડિતતાનું સાંગોપન સંવર્ધન કરનાર મહાપુરુષને આવનાર પેઢીઓ પણ નહીં ભૂલી શકે.

સરદાર પટેલની નીડરતા, દઢતા, દક્ષતા અને દેશભક્તિ વિશે સહેજ પણ સંદેહ વ્યક્ત થઈ શકે તેમ નથી. તેઓ પરાક્રમી વીર પુરુષ હતા. પોતાને યોગ્ય લાગે તે વાત સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરતા. સામેવાળાને સારું લગાડવા માટે ખોટી નમ્રતા કે મીઠાશ બતાવવાનું એમના લોહીમાં ન હતું. તેઓ સાચા ખેડૂત હતા અને એમનું સૌજન્ય પણ ખેડૂતને શોભે તેવું ભેળસેળ વગરનું હતું. હાથમાં લીધેલું કામ પાર પાડીને જ જંપતા.

સરદાર પટેલમાં રહેલા ગુણોનું દર્શન કરાવતા કાકાસાહેબ કાલેલકર લખે છે :

''મનુષ્યમાત્રમાં સુષુપ્તપણે રહેલી ધાર્મિકતા, આર્યતા અને તેજસ્વિતાને જાગ્રત કરવાની અસાધારણ શક્તિ ગાંધીજીમાં હતી. એ જાગૃત શક્તિ મજબૂત અને પોલાદ જેવી પાણીદાર બનાવવાનું કામ વલ્લભભાઈનું હતું. ગાંધીજીએ આખા દેશમાં ચારિત્ર્યના સંસ્કાર સીંચીને લોકોને બહાદુર બનાવી સેના તૈયાર કરી. વલ્લભભાઈએ પોતાના અસાધારણ કૌશલ્ય સાથે એ સેના પાસેથી કામ લઈ

**આપણને વાગે ને દર્દ થાય તે વેદના, બીજાને વાગે ને દર્દ આપણને થાય તે સંવેદના.**

વિજય મેળવી બતાવ્યો. આપણા દેશી રાજ્યોનો સવાલ બહુ આંટીઘૂંટીવાળો હતો. ભારતનું સ્વરાજ્ય માન્ય કરતી વખતે અંગ્રેજોએ રાજાઓને સંપૂર્ણ સ્વતંત્ર બનાવી, આ સવાલને વધારે ગૂંચવ્યો હતો. આ પરિસ્થિતિમાં ભાગલા પડેલા દેશની એકતા કાયમ રાખવી અને મજબૂત કરવી એ કઠણ કામ હતું. એ પ્રશ્નનો ઉકેલ લાવી શકે એવા એક સરદાર પટેલ જ હતા.'' કાકાસાહેબના આ શબ્દોમાં સરદાર પટેલની આંતરિક સમૃદ્ધિના દર્શન કરી શકાય છે. સરદાર પટેલ અનન્ય સંચાલક અને ચાણક્ય જેવી ચતુરાઈ ધરાવનાર શાસક હતા. સ્વ. કે.કે. શાહ કહેતા કે : 'સરદાર પટેલને મળવા આવનાર વ્યક્તિનો ઈરાદો શું છે તેની ગંધ સરદાર પટેલને અગાઉથી જ આવી જતી'.

સરદાર પટેલ નોખી માટીના માનવી હતા, તેઓ ટોચ પર પહોંચ્યા પછી પણ ગમાણની ગંધ ભૂલ્યા ન હતા. તેમની અંદર ભારતનો ખેડૂત જીવતો જાગતો બેઠો હતો. તેના દર્શન બારડોલી સત્યાગ્રહ દરમિયાન થયા હતા સાથે સાથે તેઓ કાર્યક્ષમ વહીવટકર્તા પણ હતા. જે કામની જવાબદારી ઉપાડે એમાં ભલભલા ચમરબંધીની દખલ ન ચલાવતા. લગભગ 40 વર્ષ સુધી ભારત સાથે જોડાયેલ આઈ.સી.એસ. અધિકારી પોતાના પુસ્તકમાં ભૂતકાળ પર નજર નાખતાં સરદાર પટેલ વિશે લખે છે :

'સરદાર પટેલના ટેબલ ઉપર કદી એક પણ ફાઈલ પડી રહેતી નહોતી. સાવચેતીપૂર્વક પસંદ કરાયેલ અધિકારીઓના મૌખિક અહેવાલ સાંભળીને તેઓ નિર્ણય લઈ લેતા. સરદાર સાથેની દસ મિનિટમાં જે શીખવા મળતું એ તેમના સાથીઓ જોડે કલાકોની મુલાકાતમાં પણ શીખવા ન મળતું.'

મહાત્મા ગાંધીજી સરદાર પટેલ વિશે કહે છે કે :

'સેનાપતિની ચતુરાઈ પોતાનું કારભારી મંડળ પસંદ કરવામાં રહેલી છે. ઘણા માણસો મારી સલાહ માનવા તૈયાર હતા પણ મને વિચાર થયો કે, ઉપસેનાપતિ કોણ થશે ? ત્યાં મારી નજર વલ્લભભાઈ પર પડી. મારે કબૂલ કરવું જોઈએ કે, મેં વલ્લભભાઈની પહેલી મુલાકાત લીધી ત્યારે મને એમ થયેલું કે, આ અક્કડ પુરુષ તે કોણ હશે ? એ શું કામ કરશે ? પણ જેમ જેમ હું એમના વધારે પરિચયમાં આવ્યો તેમ તેમ મને લાગ્યું કે, મારે વલ્લભભાઈ તો જોઈએ જ, વલ્લભભાઈ મને ન મળ્યા હોત તો જે કામ થયું તે ન જ થાત.'

સરદાર પટેલને ઘણા લોકો નિરીશ્વરવાદી ગણે છે. આ બાબતને ખોટી પાડતાં શ્રી ચંદ્રવદન મહેતા કહે છે કે : 'સરદાર પટેલ જેલમાં ભજનો ગાતાં અને ગીતાના શ્લોકો પાકા કરતા પરંતુ તેઓ ક્યારેય અંધશ્રદ્ધા કે મંત્ર-તંત્ર માં ફસાયા નહોતા. એવા સરદાર પટેલે સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર પણ કરાવેલો.'

સરદાર પટેલ એક ઊંચા ગજાના રાજપુરુષ અને દેશહિતચિંતક હતા. તેમની વાણી ભલે ખરબચડી હતી પરંતુ એમની કોઠાસૂઝ ભારે સૂક્ષ્મ હતી. સાચા અર્થમાં સરદાર પટેલ વગર ગાંધીજી અધૂરા હતા. સરદાર વલ્લભભાઈ પ્રેરણા, ધૈર્ય, આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધાની મૂર્તિ હતા. તેમના હિંમતભર્યા અને પ્રામાણિક કાર્યો સદાય જીવંત રહેશે.

સરદાર પટેલની પ્રતિભાને સમજવા માટે ડૉ. ગુણવંત શાહે 'સરદાર સિન્ડ્રમ' (સંલક્ષણ) તરીકે તેમની ચાર ખૂબીઓ દર્શાવી છે :

1. વેધક દૃષ્ટિએ સમસ્યાજન્ય પરિસ્થિતિનો કાર્ડિયોગ્રામ મેળવી લેવો.
2. સમગ્ર રીતે વિચાર કર્યા પછી પૂરી મક્કમતાથી સમસ્યાના ઉકેલ અંગે નિર્ણય લેવો.

**ચર્ચા એટલે વિચારોની આપ-લે અને દલીલ (કુતર્ક) એટલે અહમ્‌ની આપ-લે.**

3. એકવાર નિર્ણય લેવાઈ જાય પછી અને એને પાર પાડવા માટે શક્તિનું છેલ્લું ટીપું વાપરી નાખવું.
4. આમ કરતી વખતે દેશના હિતનો જ વિચાર કરવો અને વ્યક્તિગત હિતને વચમાં ક્યાંય આવવા ન દેવું.

સરદાર પટેલની કાર્યશૈલીને સમજવા માટે ઉપરની ચાર બાબતો સમજવી ખૂબ જરૂરી છે. કોઈપણ બાબતમાં સરદાર પટેલે કાચું કાપ્યું હોય તેઓ એક પણ દાખલો મળવો મુશ્કેલ છે. તેઓ પ્રચંડ સંકલ્પબળ, પારદર્શક પ્રામાણિકતા અને ધ્યેયનિષ્ઠ શાસન શૈલીના માલિક હતા. ચાણક્ય પછી 22 સદીઓ બાદ દેશને સરદારના રૂપમાં ચાણક્ય મળ્યા હતા. અમેરિકાના વિશ્વ વિખ્યાત ટાઈમ સાપ્તાહિકે ઈ.સ. 1947માં જાન્યુઆરીની 27 તારીખના અંકમાં મુખપૃષ્ઠ પર સરદાર પટેલનો ફોટો છાપેલો અને અંદરના લેખમાં લખ્યું હતું કે :

'Gandhi listened to God and passed on his political ideas to Vallabhbhai Patel. Patel after listening to Gandhi translated those ideas into intensely practical politic.'

**અર્થાત્....**

'ગાંધી પરમેશ્વરને સાંભળતા અને પોતાના રાજકીય વિચારો વલ્લભભાઈ પટેલને જણાવતા. ગાંધીને સાંભળી લીધા પછી પટેલ એ વિચારોનો અત્યંત વ્યવહારુ રાજકારણમાં વિનિયોગ કરતા.' સરદાર પટેલ માટે સ્વરાજ પછીનાં બે-ત્રણ વર્ષો દરમિયાન ઉચ્ચ કક્ષાના અધિકારીઓમાં એક વાત ચર્ચાતી હતી.

'જો સરદારના મૃત શરીરને રસાયણો ભરીને ખુરશીમાં બેસાડવામાં આવે તોય દેશનું શાસન બરાબર ચાલે.'

આવા સફળ રાજપુરુષને અંજલિ આપતા શબ્દો ખૂટી પડે છે. જ્યારે કોઈ યુગપુરુષ અવતરે ત્યારે ત્યારે કાયમ બનતું આવ્યું છે કે રામત્વની સાથોસાથ લક્ષ્મણત્વ અવશ્ય જોવા મળે છે. કૃષ્ણત્વની સાથોસાથ અર્જુનત્વ જોવા મળે છે. લગભગ એ જ રીતે આપણા યુગમાં મોહનત્વ સાથે વલ્લભત્વ જોવા મળ્યું. આવા વલ્લભત્વને અવતરિત કરનાર કરમસદની પવિત્ર ભૂમિને વંદન...

સરદાર પટેલને અને એમના દેશપ્રેમને વંદન કરતાં કહેવાનું મન થાય...

**'એકતા તણા પ્રહરી સરદાર દેશવાસી સૌ તમારા,**
**કરીએ મળીને વંદન ! સ્વીકારજો અમારા.**
**જીત્યો જંગ બારડોલી તણો ને હંફાવ્યા અંગ્રેજ,**
**કુનેહ એ આપની કેમ ભૂલે દેશવાસી સૌ તમારા.**
**ભેળવી ભારતમાં દેશી રજવાડાં બક્ષી અખંડતા,**
**ભેળા મળી કરે યાદ દેશવાસી સૌ તમારા.**
**કરી ઉજાગર ભાવના ત્યાગની ને બન્યા તવંગર,**
**શીખતા નીડરતા આપ થકી દેશવાસી સૌ તમારા.**
**નર્મદા યોજના તણું સ્વપ્ન થયું સાકાર આજે,**
**આપના ભવ્ય મનોરથે પાવન દેશવાસી સૌ તમારા.'**

લોખંડી પુરુષ સરદાર પટેલ ખરેખર લોખંડી વ્યક્તિત્વ ધરાવતાં હતા, પરંતુ એમના હૈયામાં દેશવાસીઓ માટે ઝરતી લાગણી માતૃવત્ હતી. એટલે જ કોઈ કવિ કહે છે...

**'કહેવાય છે કે પથ્થરો રોયા નથી કરતાં**
**તો પછી પર્વત પરથી ઝરણાં કેમ વહે છે ?'**
**આવાં ઝરણાં સમ (કઠોર છતાં કોમળ દિલના)**
**સરદાર વલ્લભભાઈ પટેલને કોટિ કોટિ વંદન...**

---

**સંપર્ક :** ગ્રંથપાલ, શ્રી એમ.પી.શાહ હાઈસ્કૂલ, જીતપુર
તા. બાયડ, જિ. અરવલ્લી

**તમારા પરસેવાનો રૂપિયો પર-સેવામાં વપરાય તો જીવન સફળ માનજો.**

# પેરા-ઑલિમ્પિક ગેમ્સનો ઇતિહાસ અને ભારત

મનુભાઈ આર. ચૌધરી

પેરા-ઑલિમ્પિકનો ઉદ્‌ભવ અને ઈતિહાસ ખૂબ જ રસપ્રદ છે. દિવ્યાંગ રમતવીરોની સૌપ્રથમ સ્પોટ્‌ર્સ ક્લબ જર્મનીના બર્લિન શહેરમાં ઈ.સ. 1888માં શરૂ થઈ. આ સ્પોટ્‌ર્સ ક્લબમાં માત્ર બધીર રમતવીરો જ જોડાયેલા હતા. ધીરેધીરે પ્રથમ વિશ્વયુદ્ધ પછી અને બીજા વિશ્વયુદ્ધ પહેલાંના સમયમાં યુદ્ધમાં જખ્મી થયેલા સૈનિકો અને શારીરિક રીતે અશક્ત કે ક્ષતિગ્રસ્ત બનેલા યોદ્ધાઓને આર્થિક મદદ કરવાના હેતુથી વિવિધ રમતગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવતું હતું. પ્રારંભમાં આ ગતિવિધિઓ યુરોપના દેશો પૂરતી સીમિત હતી.

ઈ.સ.1944માં બ્રિટિશ સરકારની વિનંતીથી ડૉક્ટર લુડવિગ ગટમેને Spinal Injuries Centre શરૂ કર્યું. તે સ્ટોક મેન્ડવિલે હૉસ્પિટલ તરીકે, તે સમયે કાર્યરત હૉસ્પિટલ દ્વારા યુદ્ધમાં કે પછી અકસ્માતના કારણે ઈજાગ્રસ્ત થયેલા દિવ્યાંગ વ્યક્તિઓ માટે, શરૂઆતમાં માત્ર મનોરંજન અને પુનર્વસનના હેતુથી શરૂ થયું અને ત્યારબાદ ધીરેધીરે સ્પર્ધાત્મક અભિગમ સાથે વિવિધ રમતો રમાડવાની શરૂઆત થઈ.

29 જુલાઈ, 1948ના દિવસે અધિકૃત રીતે લંડનમાં યોજાયેલા ઑલિમ્પિક ગેમ્સના ઉદ્‌ઘાટન સમારંભમાં ડૉક્ટર ગટમેનના પ્રયાસો થકી વ્હીલચેર એથ્લેટ્‌સ માટે સૌપ્રથમ સ્પર્ધા યોજાઈ. જેને ''સ્ટોક મેન્ડવિલે ગેમ્સ'' એવું નામ આપવામાં આવ્યું અને એ સાથે પેરા-ઑલિમ્પિક ગેમ્સના ઈતિહાસની સીમાસ્તંભરૂપ ઘટનાનો પ્રારંભ થયો. યુદ્ધમાં ઘવાયેલા 16 સૈનિકોએ (જેમાં મહિલાઓ પણ સમાવિષ્ટ હતી) તીરંદાજીની રમતમાં ભાગ લીધો. ઈ.સ.1952માં ડચ માજી સૈનિકોના સંગઠનના પ્રયાસોથી, આંતરરાષ્ટ્રીય મેન્ડવિલે રમતોની વિધિવત્ સ્થાપના કરવામાં આવી.

આ સ્ટોક મેન્ડવિલે ગેમ્સ પાછળથી પેરા-ઑલિમ્પિક ગેમ્સ તરીકે જાણીતી બની, જેની સૌ પ્રથમ શરૂઆત ઈ.સ.1960 માં ઈટાલીના રોમ શહેરમાં થઈ.

દુનિયાના કુલ 23 દેશોમાંથી 400 રમતવીરોએ વિવિધ ઈવેન્ટ્‌સમાં ભાગ લીધો. ત્યારપછી દર ચાર વર્ષે આ પ્રકારની પેરા ગેમ્સ રમાડવાની શરૂઆત થઈ છે જે આજપર્યંત ચાલુ છે. સમર પેરા ઑલિમ્પિકની સાથે સાથે ઈ.સ.1976માં સૌ પ્રથમ વખત વિન્ટર પેરા ઑલિમ્પિકની પણ શરૂઆત થઈ. ત્યાર પછી દર ચાર વર્ષે નિયમિતપણે જે સ્થળે ઑલિમ્પિક યોજાય તે જ સ્થળે પેરા-ઑલિમ્પિક ગેમ્સ પણ યોજાવા લાગી.

ઈ.સ.1988માં સેઉલ ઑલિમ્પિક અને ઈ.સ. 1992માં ફ્રાન્સના આલ્બર્ટવિલે શહેરમાં શિયાળુ ઑલિમ્પિક ગેમ્સ, એ જ શહેર અને એ જ મેદાન પર પેરા ઑલિમ્પિક ગેમ્સ યોજવાની પ્રથા શરૂ કરવામાં આવી. અલબત્ત International Paralympic Committee (IPC) અને International Olympic Committee (IOC) ના સતત પ્રયાસોથી ખેલ જગતમાં આ પેરા ગેમ્સનો વિચાર સ્વીકૃતિ પામ્યો અને પછી લોકપ્રિય પણ થયો.

ઈ.સ.1964માં International Sport Organisation For the Disabled (ISOD) એ સૌપ્રથમ વાર એવા દિવ્યાંગ રમતવીરોને તક આપવાની પહેલ કરી જેમનો સમાવેશ International Stock Mandeville Games ના નેજા હેઠળ કરવામાં નહોતો આવતો. સૌ પ્રથમ વખતે અંધ, કપાયેલા અંગવાળા દિવ્યાંગ, સેરેબલ પાલ્સી અને પેરેપ્લેજિકનો સમાવેશ પેરા ઑલિમ્પિક ગેમ્સમાં થયો.

**હાથમાંથી છૂટે એ ત્યાગ અને હૈયામાંથી છૂટે એ વૈરાગ્ય.**

વિશ્વના 16 દેશો દ્વારા માન્યતા પ્રાપ્ત સંગઠન ISOD દ્વારા Blind and Amputates Athletes ને ટોરેન્ટો ખાતે ઈ.સ.1976 માં રમાયેલા પેરા ઑલિમ્પિક ગેમ્સમાં સમાવવામાં ખૂબ જ જહેમત ઉઠાવેલી. છેવટે ઈ.સ. 1980માં આર્ન્હેમ ખાતે યોજાયેલા પેરા ઑલિમ્પિક ગેમ્સમાં સેરેબ્રલ એથ્લિટ્સને સમાવાયા. આ સંગઠનનું મુખ્ય ધ્યેય ક્રમશઃ તમામ દિવ્યાંગ કેટેગરીને આવરી લેવાનો હતો.

ત્યાર પછી વધુ સબળ પ્રયત્નોના ભાગરૂપે ઈ.સ.1978 અને ત્યારપછી ઈ.સ.1980માં Cerebral Palsy International Sports and Recreation Association (CPISRA) અને International Blind Sports Association (IBSA) ની ક્રમશઃ સ્થાપના થઈ.

The international Committee of Sports for the Deaf (ICSD) and International Sports Federation for Persons with an Intellectual Disability નામની સંસ્થાઓ ઈ.સ. 1986 માં જોડાઈ. આ બધાં સંગઠનોના છેવટના પ્રયત્નો અને પુરુષાર્થના ભાગરૂપે 22 સપ્ટેમ્બર, 1989માં International Paralympic Committee નામની સંસ્થા આંતરરાષ્ટ્રીય સ્તરે જર્મનીના ડુસેલ્ડોર્ફ શહેર ખાતે અસ્તિત્વમાં આવી.

પેરાઑલિમ્પિક શબ્દનો અર્થ અને ઉદ્ભવ Greek Preposition Para અને Olympic બંને શબ્દોને જોડીને કરવામાં આવ્યો. આમ આંતરરાષ્ટ્રીય સ્તરે Paralympic Games અથવા Paralympic અથવા Paralympiad Games તરીકે દિવ્યાંગ રમતવીરો માટે દર ચાર વર્ષે યોજાતો રમતોત્સવ જાણીતો બન્યો. વર્તમાન સમયમાં પેરા ઑલિમ્પિક ગેમ્સનું સંચાલન પણ International Para olympics Committee (IPC) દ્વારા થાય છે. International Olympics Committee (IOC) દ્વારા માન્યતા પ્રાપ્ત રમતોત્સવ "Special Olympics World Games" તરીકે પણ ઓળખાય છે.

આમ દાયકાઓ સુધીની ગડમથલ પછી દિવ્યાંગ બાળકની ક્ષમતાને અનુરૂપ અને દિવ્યાંગતાને અલગ-અલગ કેટેગરીમાં ગોઠવીને, તે પ્રમાણે દિવ્યાંગતાને અનુરૂપ ઈવેન્ટ કે રમતની પસંદગી કરી, વિશ્વસ્તરે દિવ્યાંગ રમતવીરોની અંદર પડેલી પ્રતિભાને, સમાનતાના ધોરણે, સમાંતર ઑલિમ્પિક ગેમ્સના આધુનિક સ્વરૂપનો આવિર્ભાવ થયો. આમ વર્ષોના સંઘર્ષ પછી રમતગમતના ક્ષેત્રમાં "Equal Rights, Equal Opportunities" નો લોકતાંત્રિક સિદ્ધાંત વૈશ્વિક ફલક પર સ્વીકૃતિ પામ્યો.

ભારતે ઈ.સ.1968માં સૌપ્રથમ વખતે પેરા ઑલિમ્પિક ગેમ્સમાં મૅક્સિકો ખાતે ભાગ લીધો. ત્યાર પછી લાંબા અંતરાલ બાદ ઈ.સ. 1984માં ભાગ લીધો અને ત્યાર પછી અત્યાર સુધી ભારત અવિરતપણે પેરા ઑલિમ્પિકમાં ભાગ લેતું આવ્યું છે, પણ આજપર્યંત ક્યારેય ભારતીય રમતવીરોએ શિયાળુ પેરા ઑલિમ્પિક ગેમ્સમાં ભાગ લીધો નથી.

ભારતને પેરાઑલિમ્પિકમાં સૌપ્રથમ વાર મેડલ ઈ.સ.1972માં મ્યુનિચ (જર્મની) ખાતે મળ્યો. મુરલીકાન્ત પેટકરે 50 મીટર ફ્રી સ્ટાઈલ તરણ સ્પર્ધામાં ભાગ લઈ, પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી દેશની ઝોળીમાં પહેલો ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવાનું સદ્ભાગ્ય સાંપડ્યું. ઈ.સ. 1972 ના મ્યુનિચ પેરાઑલિમ્પિક ગેમ્સમાં ભારતે વિશ્વમાં 25મો ક્રમાંક મેળવ્યો.

ઈ.સ. 1984માં જોગીન્દર સીંઘ બેદીએ શૉટ પૂટમાં સિલ્વર મેડલ અને અન્ય બે ઈવેન્ટ જેવી કે જ્વેલીન થ્રો અને ડિસ્ક થ્રોમાં ભારતને બ્રોન્ઝ મેડલ જીતી અપાવ્યા. આમ લોસ એન્જલસ (અમેરિકા) ખાતે રમાયેલી આ પેરા-ઑલિમ્પિક ગેમ્સમાં જોગીન્દર એવા પ્રથમ પેરા એથ્લીટ બન્યા, જેમણે એક કરતાં વધુ મેડલ એક જ પેરા-ઑલિમ્પિક ગેમ્સમાં દેશને અપાવ્યા. ભીમરાવ કેસરકરે પણ તે જ પેરા-ઑલિમ્પિક ગેમ્સમાં જ્વેલીન થ્રો ઈવેન્ટમાં ભારતને સિલ્વર મેડલ અપાવ્યો. આમ, ઈ.સ.1984 (લોસ

**બીજાની ભૂલ કાઢવા માટે ભેજું જોઈએ અને પોતાની ભૂલ સ્વીકારવા માટે કલેજું જોઈએ.**

એન્જલસ, અમેરિકા) ખાતે રમાયેલા પેરા-ઑલિમ્પિક ગેમ્સમાં કુલ 54 રાષ્ટ્રોમાં ભારતે 37મું સ્થાન પ્રાપ્ત કર્યું. ત્યાર પછી ભારતે દરેક પેરા-ઑલિમ્પિક ગેમ્સમાં ભાગ લેવાનું ચાલુ રાખ્યું. પરંતુ મેડલની બાબતમાં ભારતને 20 વર્ષ સુધી રાહ જોવી પડી. ઈ.સ. 2004 (એથેન્સ, ગ્રીસ) માં રમાયેલ પેરા-ઑલિમ્પિક ગેમ્સમાં રાજસ્થાનના દેવેન્દ્ર ઝાંઝરીયાએ જ્વેલીન થ્રો ઈવેન્ટમાં દેશને ગોલ્ડ મેડલ અપાવ્યો અને રાજેન્દર સિંઘ રાહેલુએ પાવર લીફ્ટીંગ (56 કિ.ગ્રા. કેટેગરી)માં બ્રોન્ઝ મેડલ અપાવ્યો.

ફરી એક વખત ઈ.સ. 2008 (બેઈજિંગ) અને ઈ.સ 2012 (લંડન) પેરા-ઑલિમ્પિક ગેમ્સમાં ભારતને નિષ્ફળતા મળી. ઈ.સ.2016 પેરા-ઑલિમ્પિક ગેમ્સમાં દેવેન્દ્ર ઝાંઝરીયાએ (જ્વેલીન થ્રો), મરિયપન થાંગુંવેલું એ (હાઈ જમ્પ) ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો. વરુણસિંહ ભાટી (હાઈ જમ્પ) એ સિલ્વર મેડલ અપાવ્યો અને દીપા મલિક (શોટ પુટ) ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતી, પેરા-ઑલિમ્પિક ગેમ્સના ઈતિહાસમાં ભારત વતી મેડલ જીતનારી પ્રથમ મહિલા બનવાનું બહુમાન પ્રાપ્ત કર્યું. અનેક વિશ્વ રેકોર્ડ પોતાના નામે કરનાર દીપા મલિકને ટોકિયો-2020 પેરા-ઑલિમ્પિક ગેમ્સમાં પેરા-ઑલિમ્પિક કમિટીની અધ્યક્ષ બનવાનું બહુમાન પણ પ્રાપ્ત થયું.

ગુજરાતની ભાવિના પટેલે ટોક્યો-2020 પેરા-ઑલિમ્પિક ગેમ્સમાં ટેબલ ટેનિસની રમતમાં ભારતને સિલ્વર મેડલ અપાવ્યો છે. શૂટર અવની લેખારાએ (શૂટિંગ)માં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો. એક અન્ય શૂટિંગ ઈવેન્ટમાં અવનિ લેખારાએ દેશને બ્રોન્ઝ મેડલ અપાવી મલ્ટીપલ મેડલ્સ વિજેતા મહિલા તરીકેનું બહુમાન પ્રાપ્ત કર્યું.

સિંઘરાજ અધાનાએ 50 મીટર પિસ્તોલ કેટેગરીમાં SH-1 કેટેગરીમાં સિલ્વર મેડલ અને 10 મીટર એર રાઈફલ SH-1 કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યા છે.

હરવિંદર સિંઘ તીરંદાજીમાં ભારતને બ્રોન્ઝ મેડલ અપાવનાર પ્રથમ ભારતીય પેરા એથલીટ બન્યા છે. મરિયપન થાંગુંવેલુંએ ફરીવાર ભારતને સિલ્વર મેડલની ભેટ ધરી.

સુમિત અન્તિલે જ્વેલીન થ્રો F-64 કેટેગરીમાં અને મનીષ નરવાલે શૂટિંગમાં દેશને ગોલ્ડ મેડલ અપાવ્યો. પ્રમોદ ભગત અને ક્રિષ્ના નાગરે અલગ-અલગ કેટેગરીમાં દેશને ગોલ્ડ મેડલ્સ અપાવ્યા છે.

યોગેશ કથુનીયા (ડિસ્ક થ્રો), નિષાદ કુમાર (ઊંચી કૂદ), મરિયપન થાંગુંવેલુ (ઊંચી કૂદ), પ્રવિણકુમાર (ઊંચી કૂદ), દેવેન્દ્ર ઝાંઝરીયા (જ્વેલીન થ્રો), સુહાસ યથીરાજ (બેડમિન્ટન), સિંઘરાજ અધાના (શૂટિંગ), ભાવિના પટેલ (ટેબલ ટેનિસ) કુલ 8 સિલ્વર મેડલ દેશને અપાવ્યા.

હરવિન્દર સિંઘ (તીરંદાજી) શરદકુમાર (ઊંચી કૂદ), સુંદર સિંઘ ગુર્જર (જ્વેલીન થ્રો), મનોજ સરકાર (બેડમિન્ટન), સિંઘરાજ અધાના (શૂટિંગ) અને અવનિ લેખારા (શૂટિંગ)મા કુલ 7 બ્રોન્ઝ મેડલ ભારતની મેડલ ટેલીમાં ઉમેરી, ટોકિયો 2020 પેરાઑલિમ્પિક ગેમ્સમાં કુલ 19 મેડલ (5 ગોલ્ડ + 8 સિલ્વર + 6 બ્રોન્ઝ) મેળવી 24મું સ્થાન મેડલ ટેલીમાં મેળવ્યું છે. રીયો (2016) પેરાલિમ્પિક ગેમ્સ રમાય ત્યાં સુધી ભારતને માત્ર 12 મેડલ પ્રાપ્ત થયા હતા, જ્યારે માત્ર ટોકિયો-2020 પેરાલિમ્પિક ગેમ્સમાં કુલ-19 મેડલ્સ જીતી સૌ ખેલદિલ રમતવીરોએ એક અભૂતપૂર્વ ઈતિહાસ રચી દીધો છે. આમ ભારતીય પેરા ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદાન કરી પેરાલિમ્પિકનો મોટો "Spirit in Motion" સાચા અર્થમાં સાર્થક કરી દેખાડ્યું છે.

---

**સંપર્ક: આચાર્ય, મીની કામા સૅકન્ડરી/**
**હાયર સૅકન્ડરી સ્કૂલ ફૉર ધી બ્લાઈન્ડ,**
**વસ્ત્રાપુર, અમદાવાદ**

**જીવનમાં બે બાબત વ્યક્તિને દુ:ખી કરે છે - જીદ અને અભિમાન. જીવનમાં બે બાબત વ્યક્તિને સુખી કરે છે - જતું કરવાની ભાવના (Let go) અને બીજું સમાધાન (Compromise)**

# બાળક આત્મનિર્ભર તો દેશ આત્મનિર્ભર

વિજય દાણી

'આત્મનિર્ભર' શબ્દ પ્રચલિત છે. કોરોના કાળમાં 'આત્મનિર્ભર' અંતર્ગત ઘણી બધી યોજનાઓ બહાર પડી. ઉદ્દેશ માત્ર એક જ કે દરેક મનુષ્ય આત્મનિર્ભર બને. પહેલાં એક કહેવત પ્રમાણે લોકો અનુસરતા કે 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી' પરંતુ સમય જતાં જનમાનસમાં સલામતીનું જોર વધતાં લોકો નોકરીને પ્રથમ નંબરે મૂકતા થયા. આમ, જોવા જતાં કેળવણી પામેલો સાક્ષર વ્યક્તિ નોકરી કરવાથી દૂર ભાગી 'આત્મનિર્ભર' બનવો જોઈએ પણ પરિણામ વિપરિત જોવા મળે છે.

"શિક્ષણે મનુષ્ય અને સમાજનું નિર્માણ કરવું જોઈએ. સર્વાંગી વિકાસના દૃષ્ટિકોણ સાથે, માનસિક તાલીમ સાથે સાથે કલ્પનાશક્તિ અને મનોભાવોને નિર્મળ બનાવે, જિજ્ઞાસુ મન, અંતરજ્ઞાની, હૃદય, ચેતનશીલ આત્મા અને સારાસાર કરનાર વિવેકનો વિકાસ કરે, લલિત કલાઓ દ્વારા મનની દરિદ્રતા દૂર કરે તે ખરું શિક્ષણ." - **ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્**

"વિચાર કરવાની કળા એટલે ખરી કેળવણી."

**- ગાંધીજી**

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ અને ગાંધીજીના ઉપરોક્ત વિધાનો પરથી શિક્ષણ કેવી ફલશ્રુતિથી અપાવું જોઈએ તેની વાત કરવામાં આવી છે. નવી શિક્ષણનીતિ-2020માં 'લર્નિંગ આઉટકમ' પર અને 'HOT' ઉપર ભાર મૂકે છે ત્યારે શાળાઓની રૂઢિગત ચાલતી પધ્ધતિઓમાં ફેરફાર કરવો પડશે.

'વ્યવસાયલક્ષી શિક્ષણ' એક વિષય તરીકે ધોરણ-9 થી દાખલ કરવાની વાત યથાયોગ્ય છે તે સમયની માંગ અને અનિવાર્યતા છે. આ બધું જ પ્રચલિત શબ્દ 'આત્મનિર્ભર' તરફ આગળ વધવાના પ્રયાસો છે. સરકાર દ્વારા પણ આત્મનિર્ભર યોજનાઓ બહાર પાડવામાં આવી છે. પરંતુ મૂળ વાત જ્યાં સુધી બાળકોમાં આ વિશેના બીજ રોપવામાં નહીં આવે તો 'બીજાંકુરણ' થવાનું નથી તે પણ નિર્વિવાદ છે. બાળકોમાં નીચેના ગુણોનો વિકાસ થાય તો જ 'આત્મનિર્ભર' બનવા તરફ વળાશે.

### (1) કલ્પના શક્તિ અને પહેલ કરવાની ભાવના :

શિક્ષણમાં આ એક બાબત કલ્પનાશક્તિ અને પહેલ કરવા માટે બાળકને કેળવવો પડશે. કલ્પના કરતો થાય અને તે કલ્પના સાકાર કરવા પહેલ પણ કરે તેવી છૂટ વિદ્યાર્થીઓને આપવી પડશે. એવી પળ ઊભી કરવી પડશે કે દરેક બાળક પોતાની કલ્પનાશક્તિનો વિકાસ કરે. A child is the master of his imagination, hence he is creative. બાળક એની કલ્પનાનો સ્વામી છે.

### (2) બીજાઓ ન જોઈ શકે ત્યાં સંભાવનાઓ જોવાની ક્ષમતા :

**પહલે એક આસમાન પૈદા કર,**
**ફિર પૈરો મેં ઉડાન પૈદા કર.**

બીજાઓ ન જોઈ શકે ત્યાં સંભાવના જોવાની ક્ષમતા વિકસાવવી પડે. 'सबसे हटके' વિચારવું પડે. સફળ થવું હોય તો આ પ્રકારનો ગુણ વિકસાવવો પડશે. અનેક ઉદાહરણ થકી આજે ભારત દેશનું નામ વિશ્વમાં લેવાય છે.

### (3) સતત નવી તકો તથા પડકારોની શોધ :

કહેવત છે કે 'તકને ટકોરા ન હોય' તે પ્રમાણે આવેલી તક ઝડપી લેવી અને તેમાંથી બીજી તકો ઊભી કરવી એવો ગુણ બાળકમાં વિકસે તે જોવું જોઈએ. 'કમ્ફર્ટ ઝોન' માંથી બહાર આવવું પડે.

સફળ ઉદ્યોગપતિ રતન તાતા કહે છે કે ''આપણા દરેક પાસે સરખી પ્રતિભા નથી પણ દરેક પાસે રહેલી પ્રતિભાને કંડારવાની તકો તો દરેક પાસે સરખી જ છે.''

તક મળે નહીં તો તક ઊભી કરવી એ ક્રિએટીવ માઈન્ડની ઉપજ છે. જો નવી તકો ઊભી કરી શકો તો રોદડા રોવાનું ટળી જશે. ઘણા લોકોને અઢળક તકો હોય પરંતુ રોદડા રોવા સિવાય તેની પાસે કશું જ હોતું નથી તેથી બાળકને શાળા કક્ષાએ જ સતત નવી તકો અને પડકારોની શોધ કરતી તાલીમ આપવી પડશે.

**ગમે તેટલું 'ધન' કમાઓ પણ મૃત્યુ નોંધમાં 'નિધન' જ લખાશે.**

### (4) સર્જનાત્મકતા અને પરંપરાગત વિચારની બહાર નીકળી વિચારવું :

બાળકો કલાકો સુધી પોતાની જાતમાં મસ્ત અને વ્યસ્ત રહી શકે છે. કારણ કે એમને કોઈ પણ ક્રિએટીવ ચૅલેન્જ ગમે છે. બાળકને આપણે રમકડું રમવા આપીએ છીએ ત્યારે તે રમવાને બદલે તોડવાનો પ્રયત્ન કરે છે અને આપણે એને ટોકીએ છીએ જે આપણી મોટી ભૂલ છે. બાળકને સર્જનાત્મકતા ગમે છે, તેને જાણવાની જિજ્ઞાસા હોય છે પરંતુ આપણે તેમ થવા દેતા નથી. પરંતુ જો ભાવિ નાગરિકને 'આત્મનિર્ભર' બનાવવો હશે તો તેનામાં આવા ગુણનો વિકાસ કરવો પડશે.

'જો બધું જ તમારી વિરુદ્ધ જઈ રહ્યું હોય તો વિચારો કે વિમાન હંમેશાં હવાની વિરુદ્ધ જ ઊડે છે.' - **હેનરી ફોર્ડ.**

આ વિધાન સફળ ઉદ્યોગપતિનું છે એટલે આપણે પરંપરાગત વિચારની બહાર નીકળીને વિચારવું પડશે. જેટલા પણ સંશોધનો/ આવિષ્કારો થયા છે તે પરંપરાગત વિચારની બહાર નીકળીને ઊંડું વિચારીને જ થયા છે.

બાળકને શાળા કક્ષાએથી જ આ વાત શીખવાડવી પડશે. ચોક્કસ આયોજન થકી આ કામ જરૂર થઈ શકે. નવી NEP 2020 માં 'વૉટ ટુ થિંક' નહીં પરંતુ 'હાઉ ટુ થિંક' પર ભાર મૂકાયો છે.

### (5) સતત વધારે સારું કામ કરવાની પ્રયત્નશીલતા :

બાળકને 'ઉત્કૃષ્ટતા એ જ જીવન' નો મંત્ર આપવો પડશે. જે પણ કામ કરીએ તે શ્રેષ્ઠ કરીએ તેવું એમના જીવનમાં વણાય તે અતિ આવશ્યક છે.

"વિશ્વ તમને જુએ તેવા ઈરાદાથી પર્વત ન ચઢશો. તમે વિશ્વને જોવાના ઈરાદાથી પર્વત ચઢો."

એકવાર કરેલું કામ ફરીથી કરો ત્યારે તેની ગુણવત્તા પહેલી વખત કરેલા કામથી ઉત્તમ હોવી જોઈએ.

### (6) જોખમ લેવા માટેનો વિશ્વાસ :

બાળકોને 'કમ્ફર્ટ ઝોનમાંથી ચૅલેન્જીંગ' ઝોનમાં લાવવાં પડે. ઉછળતાં, કૂદતાં, ખિલખિલાટ કરતાં બાળકને આપણે 'ડાહ્યું ડમરું' બનાવી દેવાની ઘેલછા સેવતી વખતે આપણને ભાગ્યે જ ખ્યાલ રહે છે કે એક ચેતન તત્ત્વને જડ બનાવી દેવાનું કામ આપણે કરી રહ્યાં છીએ. - **જુગતરામ દવે**

બાળકને સીમાઓના બંધનમાં ન જકડી રાખતાં તેને જોખમ લેવા અને સાહસ કરવા દેવા જોઈએ. જોખમ લેશે તો તેને પોતાની જાત પર વિશ્વાસ અને પછી આત્મવિશ્વાસ આવશે જે 'આત્મનિર્ભર' બનવા માટે ખૂબ જ આવશ્યક છે.

'જહાજ કિનારે સૌથી સુરક્ષિત હોય છે પરંતુ તે કિનારા માટે બન્યું હોતું નથી.' - **વિલિયમ શેડ.**

### (7) સક્રિયતા અને ભવિષ્ય તરફ દષ્ટિ :

'જિજ્ઞાસા' અને 'પેશન' હોય તે વિઘ્નમાં આવતા પથ્થરને પણ પગથિયું બનાવી દે છે.

સક્રિયતા એટલે કે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. નિષ્ક્રિય રહેવાથી કશું હાથ લાગતું નથી. ભવિષ્યને નજર સામે રાખી દિશા અને ગતિ નક્કી કરવાથી જ પ્રગતિ શક્ય બને છે. બાળકને સક્રિય બનાવી અને ભવિષ્યદર્શન કરાવતાં પણ શીખવવું આવશ્યક છે.

બાળકને 'આત્મનિર્ભર' બનાવવા માટે સક્રિયતા અને ભવિષ્ય તરફ દષ્ટિ બંનેથી વાકેફ કરી અને બાળક તેવા ગુણો શાળા કક્ષાએ જ જીવનમાં ઉતારે તેવું અમલીકરણ જરૂરી છે.

### (8) પૂરતું જ્ઞાન અને પાયાનાં કૌશલ્યો :

કાબેલિયત એવું લોહચુંબક છે કે જે સફળતાને ખેંચી લાવે છે. કોઈપણ ક્ષેત્રમાં પૂરતું જ્ઞાન પ્રાપ્ત કરવું જરૂરી હોય છે. તમે જે ક્ષેત્રમાં જવા માગતાં હોય તેનાં કૌશલ્યો પણ હોવા જરૂરી છે.

ઉપરોક્ત આઠ ગુણોને શાળા કક્ષાએ જ આયોજનપૂર્વક બાળકમાં વિકસે તેવું અનિવાર્ય છે. 'આત્મનિર્ભર'ની ઘણી બધી યોજનાઓ સરકાર દ્વારા જાહેર થઈ છે. તેનું અત્યારથી જ એટલે કે 'આત્મનિર્ભર' ભારત બનાવવું હોય તો NEP-2020માં સમાવેશ કરેલી નવી બાબતોનો અમલ શિક્ષકો દ્વારા થાય અને તેમાં સમાજ સાથે રહે તે પણ જરૂરી છે.

**સંપર્ક : આચાર્ય, શ્રી આદર્શ વિદ્યાલય,**
**લીંભોઈ, તા. મોડાસા, જિ. અરવલ્લી**

**ચિંતા ઊધઈ જેવી હોય છે, જેના જીવનમાં ઘર કરી જાય એનો સર્વનાશ કરીને જ જંપે છે.**

# લાલબહાદુર શાસ્ત્રી

**સંકલન**

ઈ.સ. 1904માં ગાંધીજયંતીના દિવસે તા.2 ઑક્ટોબરના રોજ જન્મેલા અને ''જય જવાન, જય કિસાન''નું સૂત્ર આપનાર ભારતના લાડીલા ભૂતપૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીને એક વાર રાષ્ટ્રસંઘના રાષ્ટ્રોની પરિષદમાં હાજરી આપવા માટે વિદેશમાં જવાનું હતું.

તે વખતે તેમના વિદેશપ્રવાસની તૈયારી ટાણે લંડનની એ વખતની ઠંડીની ઋતુમાં ગરમ પોષાક લઈ જવાની વાત નીકળી. તેમની પાસે ત્યારે માત્ર બે જ ગરમ કોટ હતા. એમાંય વળી એક કોટમાં તો મોટું કાણું પડેલું હતું. તેથી તે પહેરવામાં આવે તો ખરાબ લાગે તેમ હોવાથી નવો ગરમ કોટ તૈયાર કરાવવાની તેમને સૂચના કરવામાં આવી, કેમ કે એક જ સારો કોટ એ રાષ્ટ્રસંઘ પરિષદના દિવસોમાં નભી ન શકે.

એ સૂચનાના જવાબમાં શાસ્ત્રીજીએ કહ્યું : ''આ કાણાંવાળો કોટ પણ ચાલી શકે. કાણું પડેલા કોટને રફૂ કરાવી લઈને ચલાવી શકાય. ગરીબ ભારતના પ્રતિનિધિને તો આવો જ કોટ શોભે. ખેતરમાં તનતોડ મજૂરી કરતાં આપણા કિસાન ભાઈઓ પાસે શરીરને ઢાંકવા માટે બે સુતરાઉ કપડાં પણ હોતાં નથી. તેમનાં શરીર હું પૂરાં ઢાંકી ન શકું ને મારો રોફ મારવા ને બતાવવા નવો કોટ સીવડાવું એ તેમની ક્રૂર મશ્કરી નહિ તો બીજું શું ? આ બીજા કોટને દુરસ્ત કરાવીને પહેરવા લાયક બનાવી શકાય. નવા કોટની જરૂર નથી.''

અને એમણે એ કાણાંવાળો કોટ રફૂ કરાવીને પહેરવા લાયક બનાવ્યો, પણ નવો ગરમ કોટ તૈયાર ન જ કરાવ્યો. આવી હતી આપણા લાડીલા વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીની સાદાઈ, ગાંધીજીના તે સાચાં ને ચુસ્ત અનુયાયી હતા.

બીજા એક પ્રસંગે ભારતના પંડિત જવાહરલાલ નહેરુ પછીના દ્વિતીય છતાં અદ્વિતીય અને કદમાં વામન છતાં મનોબળમાં વિરાટ એવા એમણે જ્યારે તેઓ પંડિત નહેરુના પ્રધાનમંડળમાં રેલવે પ્રધાન હતા ત્યારે દક્ષિણ ભારતમાં થયેલ એક રેલવે અકસ્માતની જવાબદારી પ્રધાન તરીકે પોતાને માથે લઈને સત્તાલાલસુ થઈને ચીટકી રહેવાને બદલે પ્રધાન તરીકેના હોદ્દાનું રાજીનામું તરત આપી દીધું. એમ કરીને ઘેર જઈ પુત્રને ઉદાસ જોઈ તે બોલેલા : ''હું હવે રેલવેપ્રધાન નથી એથી તને ખરાબ લાગી રહ્યું છે કે ?'' પણ પુત્રે ના પાડ્યાથી તેઓ તેને વહાલ કરીને બીજા ખંડમાં જતાં રહ્યાં. એ પછી તેઓ દેશના રચનાત્મક સેવાકાર્યમાં વધુ સમય આપવા લાગેલા.

તેમનામાં સાદગી અને નમ્રતાના ગુણો ભારોભાર હતા. વળી, તેઓ સ્પષ્ટવક્તા પણ હતા. વડાપ્રધાન બન્યા પછી એક વાર એક અખબારી પરિષદમાં એક અમેરિકન પત્રકારે તેમને પૂછેલું : ''શાસ્ત્રીજી, તમારાં બાળકો ફેશનેબલ વસ્ત્રો પહેરે છે અને ખુદ તમે સાદા ઝભ્ભો-ધોતી પહેરો છો, એવું કેમ ?'' તરત જ તેમણે જવાબ આપ્યો હતો : ''ભાઈ, હું એક ગરીબ શિક્ષકનો પુત્ર છું, જ્યારે મારાં બાળકોના પિતા ભારતના વડાપ્રધાન છે.''

ઈ.સ. 1965ના પાકિસ્તાન સાથેના યુદ્ધ દરમિયાન ભારતમાં અન્ન-કટોકટી પ્રવર્તતી હતી ત્યારે તેમણે દેશવાસીઓને અઠવાડિયામાં એક ટંકનું ભોજન છોડવાની હાકલ કરી હતી. પણ આમ કરતાં પહેલાં તેમણે ખુદે એ જાતનું વ્રત લઈ રાખ્યું હતું અને કાયમ માટે સોમવારનું સાંજનું ભોજન લેવું બંધ કરી દીધું હતું.

એક વાર રાત્રે સૂવાના ખંડમાં પુત્રને કહ્યું હતું : ''હું તને કંઈક કહેવા ઇચ્છું છું. જો મેં એવું જોયું છે, અનિલ કે તમને વડીલોનાં ચરણ સ્પર્શીને પ્રણામ કરવાનું આવડતું નથી. હું ઉંમરમાં તમારાથી મોટો છું અને તમારો પિતા છું એટલે વડીલોને કઈ રીતે પ્રણામ કરાય તે હું તમને બતાવવા માગું છું.'' આમ બોલીને તેમણે તરત જ નીચા નમીને પોતાના બેઉ હાથોથી પુત્ર અનિલનો ચરણસ્પર્શ કર્યો અને બહુ આદરપૂર્વક પ્રણામ કર્યા અને એટલું જ કહ્યું : ''જો તમારી આવી રીત હોય તો મારી ભૂલ સ્વીકારું છું.'' પણ તમને તમારી ભૂલ દેખાય તો તે સુધારી લઈને મેં બતાવેલી રીત અપનાવવાની કોશિશ કરજો.'' આ સાંભળીને પુત્રની આંખો આંસુથી ભરાઈ ગઈ અને તેણે પોતાની ભૂલ બદલ પિતાજીની માફી માગી તેમજ ભવિષ્યમાં એવી રીતે પ્રણામ કરવાનું તેમને વચન આપ્યું.

તા. 3 જાન્યુઆરી, 1966ની સવારે તેઓ ભારત-પાકિસ્તાન મંત્રણા માટે તાશ્કંદ (રશિયા) જવા રવાના થયા ને ત્યાં મંત્રણા દરમિયાન તેમનું આકસ્મિક નિધન થયું. ઈ.સ. 1966માં એમને મરણોત્તર ''ભારતરત્ન''નો ખિતાબ પ્રાપ્ત થયો હતો.

**('પ્રેરણાની પરબ'માંથી સાભાર)**

**વિશ્વાસ એવી શક્તિ છે, જેનાથી વેરાન જીવનમાં પણ પ્રકાશ લાવી શકાય છે.**

### ભારતના આઝાદી સંગ્રામની

# ક્રાંતિકારી શિક્ષિકા દુર્ગા ભાભી

**પારસ દવે**

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં બહુ જ ઓછી સ્ત્રીઓને યાદ કરવામાં આવે છે એમાંનું એક પાત્ર એટલે દુર્ગા ભાભી. આમ તો આપણે ગુજરાતી તરીકે એ પણ ગૌરવ લઈ શકીએ કે આ દુર્ગા ભાભીના લગ્ન જે પરિવારમાં થયા હતા એ ભગવતીચરણ વોહરા મૂળ ગુજરાતના નાગર પરિવારના હતા. ભગવતીભાઈ તો ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ સાથે ભારત નૌજવાન સભામાં કામ કરનાર ક્રાંતિકારી હતા. એટલે એવું જરૂર કહી શકાય કે ભારતની આ ક્રાંતિકારી બેલડીએ રાષ્ટ્ર માટે પોતાના કુટુંબનો ભોગ આપી દીધો.

1907નું વર્ષ ભારત ઘણી ઘટનાઓ લાવનારું હતું. એક બાજુ કૉંગ્રેસમાં બે ભાગ પડ્યા હતા. ખુદીરામ બોઝ અને પ્રફુલ્લ ચાકી જેવા યુવાનોએ કિંગ્સફોર્ડ ઉપર બૉમ્બ ફેંકવાની હિંમત કરી. બંગભંગ હજુ શાંત નથી પડયું એવા ક્રાંતિભર્યા સમયમાં પ્રયાગ ખાતે એક બ્રાહ્મણ કુટુંબમાં દુર્ગા ભાભી જેવી વીરાંગનાએ જન્મ લીધો. હવે જેનું બાળપણ કષ્ટદાયક હોય એનું ભવિષ્ય ઊજળું હોવાની શક્યતાઓ વધુ હોય છે, એમ દુર્ગા ભાભી માત્ર દસ મહિનાના થયા ત્યાં જ એમની માતા યમુના દેવીનું નિધન થઈ ગયું. પિતા બાંકે બિહારીએ બીજા લગ્ન કર્યા તો ખરા પણ એમાં કષ્ટ સિવાય કંઈ નહોતું. દુર્ગાને ભણવું ખૂબ ગમતું પણ ત્રીજી ચોપડી સુધી માંડ ભણવા દીધી. ઘરકામ માટે બનેલી દીકરીઓએ થોડું ભણવાનું હોય ? આવું માનનારી એમની બીજી માતાએ આખા પરિવારને કષ્ટો આપ્યા તેથી બાંકે બિહારી ઘર છોડીને જતા રહ્યા. હવે દુર્ગા તો સાવ મા-બાપ વગરની થઈ ગઈ. એને એના ફોઈના ઘરે મોકલી દેવાઈ. દુર્ગા તો જ્યાં જાય ત્યાં સૌની માનીતી થઈ જાય એવી હતી એટલે ત્યાં જઈને આંગણાનો આનંદ બની ગઈ. અગિયાર વર્ષની થઈ ત્યાં એનાં લગ્ન લાહોરના સંપન્ન પરિવારમાં કરી દેવામાં આવ્યાં.

રાયસાહેબની માનદ્ પદવી મેળવી ચૂકેલા શિવચરણ વોહરાના પુત્ર ભગવતીચરણ વોહરા સાથે આ દુર્ગાએ સંસાર માંડયો. પિતા રાય સાહેબની સાથે ભગવતીચરણને ખાસ લગાવ કે આદર નહોતો. એમને સતત એવું જ થતું કે અંગ્રેજો આપણને ઉપાધિ આપવાવાળા કોણ ? આ તો ગુલામીનું જ પ્રતીક છે, તેથી એક દિવસ પિતાને પત્ર લખીને આપી દીધો કે તમે અંતે તો એક ગુલામ જ છો. એ વાંચીને ઉશ્કેરાયેલા પિતાએ ગુલામના ઘરને છોડી દેવાનું સૂચન કર્યું. ત્યાંથી જ શરૂ થાય છે ક્રાંતિની મશાલ. લાહોરની ગવાલ મંડી વિસ્તારમાં એક ઓરડી ભાડે રાખી અને બધા યુવાનો ત્યાં ક્રાંતિની યોજના ઘડે. ચંદ્રશેખર આઝાદ, ભગતસિંહ, સુખદેવ થાપર, રાજગુરુ, ધન્વંતરિ, બટુકેશ્વર દત્ત, સુશીલા દીદી જેવા રાષ્ટ્ર માટે બલિદાન આપવા તૈયાર થનારા સૌ કોઈ એ ઓરડીમાં આવે અને ત્યાં આયોજનો થાય.

દુર્ગા ભાભીએ અભ્યાસ શરૂ કરીને એ વખતે શિક્ષક થવા જરૂરી એવી પ્રભાકર નામની પરીક્ષા પણ પાસ કરી લીધી. 1929ની વિધાનસભા બૉમ્બ ફેંકવાની ઘટના માટે ભગતસિંહે પોતાને આત્મસમર્પણ કર્યા પછી, દુર્ગાવતી દેવીએ લોર્ડ હેલીની હત્યા કરવાનો પ્રયાસ કર્યો; તે ભાગી ગયો પરંતુ તેના ઘણા સહયોગીઓ મૃત્યુ પામ્યા. તેમને પોલીસ દ્વારા પકડી લેવામાં આવ્યા અને ત્રણ વર્ષ માટે જેલ કરવામાં આવી. સોન્ડર્સની હત્યાના બે દિવસ પછી, 19 ડિસેમ્બર 1928 ના રોજ, સુખદેવે ભાભી પાસે મદદ માટે ફોન કર્યો, જેમાં તે રાજીખુશીથી સંમત થયા. તેઓએ બીજા દિવસે વહેલી સવારે હાવડા (કલકત્તા) જવા માટે લાહોરથી ભટિંડા માટે ઉપડતી ટ્રેનને પકડવાનું નક્કી કર્યું. દુર્ગા ભાભીએ ભગતસિંહની પત્નીના વેશમાં મુસાફરી કરી અને તેના પુત્ર સચિને તેના ખોળામાં બેસાડયો. રાજગુરુ તેમનો સામાન ઉપાડનાર નોકર વેશે ચાલ્યો. શંકા ટાળવા માટે ભગતસિંહે તેમની દાઢી કાઢી નાખી હતી અને પહેલી વખત વાળ ટૂંકા કર્યા અને પશ્ચિમી પોશાક પહેર્યો હતો. જ્યારે 19 ડિસેમ્બર 1928 ની રાત્રે ભગતસિંહ અને સુખદેવ તેમના ઘરે આવ્યા, ત્યારે સુખદેવે ભગતસિંહને નવા મિત્ર તરીકે રજૂ કર્યા. દેવી ભગતસિંહને બિલકુલ ઓળખી શક્યા નહીં.

**શરીરની કિંમત દાક્તરની ફી સાંભળ્યા પછી વધુ સમજાય છે !**

પછી સુખદેવે દેવીને સત્ય કહ્યું અને કહ્યું કે જો દેવી, ભગતસિંહને સારી રીતે ઓળખતા હોવા છતાં તેમના બદલાયેલા દેખાવમાં ઓળખી ન શકે તો ચોક્કસ પોલીસ તેમને ઓળખશે નહીં, કારણ કે તેઓ તો દાઢીવાળા શીખની શોધમાં હશે. હાલમાં આપણે સૌ જે ભગતસિંહના ફોટા સાથે પરિચિત છીએ એ તે વખતનો જ છે.

તેઓ બીજા દિવસે વહેલી સવારે ઘરની બહાર નીકળી ગયા હતા અને સ્ટેશન પર ભગતસિંહે પોતાની છુપાવેલી ઓળખ સાથે કાનપોર (કાનપુર) માટે ત્રણ ટિકિટ ખરીદી અને પોતાના માટે બે ફર્સ્ટ ક્લાસ ટિકિટ અને રાજગુરુ માટે થર્ડ ક્લાસની. કોઈપણ અણધારી ઘટનાને પહોંચી વળવા બંને ક્રાંતિકારી શખ્સોએ તેમની સાથે રિવોલ્વર ભરેલી હતી. તેઓએ પોલીસની શંકા વધારવાનું ટાળ્યું અને ટ્રેનમાં બેસી ગયા. કાનપુરથી તેઓ લખનૌ માટે ટ્રેનમાં સવાર થયા કારણ કે હાવડા રેલવે સ્ટેશન પર CID સામાન્ય રીતે લાહોરથી સીધી આવતી ટ્રેનમાં મુસાફરોની તપાસ કરે છે. લખનૌમાં રાજગુરુ અલગથી બનારસ જવા નીકળ્યા જ્યારે ભગતસિંહ, દુર્ગા દેવી અને બાળક સચિ હાવડા ગયા. થોડા દિવસો બાદ દુર્ગા દેવી તેના શિશુ બાળક સાથે લાહોર પરત આવી.

એમના પતિ ભગવતીચરણનું રાવી કિનારે એક બૉમ્બનું પરીક્ષણ કરવામાં મૃત્યુ થયું ત્યારબાદ ક્રાંતિકારીઓએ જ એમની સંભાળ રાખેલી. આઝાદ હંમેશાં દીકરા સચિ માટે બે પૈસાની જલેબી લાવતા જ. આગળ જતાં ભગતસિંહ, બટુકેશ્વર, સુખદેવ, આઝાદ જેવા તમામની શહીદીથી એકલા પડી ગયેલા ભાભી પણ તૂટી ગયા. આઝાદી બાદ દુર્ગા ભાભી ગાઝિયાબાદમાં સાવ સામાન્ય વ્યક્તિની જેમ ગુમનામ જીવન જીવ્યા. તેમણે ગરીબ બાળકો માટે એક શાળા ખોલી અને ભણાવવાનું કામ કર્યું. જવાહરલાલ નહેરુ એક વખત એમને મળવા ગયા ત્યારે એમણે પૂછ્યું કે, 'ભારત સરકાર આપની કોઈ મદદ કરી શકે?' ત્યારે ખૂબ સહજતાથી ના પાડીને પોતાની સેવા અવિરત રાખી. દુર્ગાવતી દેવીનું 15 ઑક્ટોબર 1999ના રોજ ગાઝિયાબાદમાં 92 વર્ષની વયે અવસાન થયું. આવી દેશદાઝ ધરાવતી સ્ત્રીઓ ભારતમાં અનેક હતી જેમાં દુર્ગા ભાભી હંમેશાં અમર રહેશે.

**સંપર્ક: સરકારી માધ્યમિક શાળા,**
**ગુતાલ, તા. નડિયાદ, જિ. ખેડા. પીન કોડ-387370**

## રાષ્ટ્રના ઉજ્જવળ ભાવિ સમા બાળકો વિશેનું ઘોષણાપત્ર

ઈ.સ. 1958માં વીસમી નવેમ્બરે સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભામાં વિશ્વભરનાં બાળકોની આશાઓ અને આકાંક્ષાઓને પ્રગટ કરતું એક ઘોષણાપત્ર જાહેર કરવામાં આવ્યું હતું. જેના દરેક વાક્ય અને શબ્દ આજે પણ ખૂબ કિંમતી અને મૂલ્યવાન છે. ચાલો, તેનો હૃદયપૂર્વક અમલ કરીએ અને હંમેશાં તે કરતાં રહીએ.

- દરેક બાળકને પ્રેમ અને હેત મેળવવાનો જન્મસિદ્ધ અધિકાર છે.
- બાળકને યોગ્ય રીતે સમજવામાં આવે.
- બાળકને પૂરતું, યોગ્ય પોષણ મળે.
- બાળકને તબીબી સારસંભાળ પ્રાપ્ત થાય.
- બાળકને વિનામૂલ્યે શિક્ષણ મળે.
- બાળકને રમતગમત કે વ્યાયામ માટે વિશાળ તકો પ્રાપ્ત થાય.
- એને પોતાની અસ્મિતા મળે, રાષ્ટ્રીયતા સાંપડે.
- જો બાળક દિવ્યાંગ હોય તો તેની ખાસ કાળજી લેવામાં આવે.
- આપત્તિ સમયે અપાતી રાહતમાં એને અગ્રતાના ધોરણે સ્થાન અપાય.
- બાળક સમાજને ઉપયોગી બનતા શીખે.
- શાંતિ અને વિશ્વબંધુત્વની ભાવના વચ્ચે તેનો ઉછેર થાય.
- પોતાનામાં રહેલી શક્તિઓનો વિકાસ કરી શકે એવું એના માટે વાતાવરણ સર્જાય.
- જાતિ, રંગ, ધર્મ, દેશ કે સમાજના કોઈપણ ભેદભાવ વિના એ પોતાના સઘળા હકો ભોગવી શકે.

**જ્યાં સુધી જિંદગીમાં મીઠાશ અને ઉત્સાહ હોય, જ્યાં સુધી હૃદયમાં મહત્ત્વાકાંક્ષા હોય, જ્યાં સુધી તન-મનમાં કામ કરવાની ક્ષમતા હોય ત્યાં સુધી માણસ ઘરડો થયો ન કહેવાય. - સ્વેટ માર્ડન**

# જીવનમાં કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવાનું રહસ્ય... હકારાત્મક અભિગમ

**મૌલિક સોની**

જ્યારે મને આ રહસ્ય સમજાયું ત્યારે હું માત્ર એક જ શબ્દ બોલ્યો હતો... વાઉવ...! તે રહસ્ય હતું, કે જીવનમાં કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે મુખ્ય ત્રણ બાબતો જ ઉપયોગી હોય છે. જ્ઞાન, આવડત અને વલણ.

1. જ્ઞાન એટલે તમારે શું મેળવવું છે, કેમ મેળવવું છે અને ક્યારે મેળવવું છે...? તેનું ચોક્કસ જ્ઞાન.
2. આવડત એટલે જે મેળવવું છે તે કેવી રીતે મળે અને તે માટે કઈ આવડતો કેળવવી...? અને
3. વલણ એટલે ચોક્કસ જ્ઞાન દ્વારા જરૂરી આવડતને અમલમાં મૂકીને પોતાના ધ્યેયની પ્રાપ્તિ માટેની તીવ્ર ઈચ્છા. જો આ ત્રણ બાબતોને લઈને એક ત્રિકોણની કલ્પના કરીએ તો સફળતાનો ત્રિકોણ બને, જે નીચે મુજબ છે.




જરા વિચારી જુઓ કે જો ત્રિકોણનો પાયો એટલે કે માત્ર જ્ઞાન વધારવામાં આવે તો શું સફળતાનો ત્રિકોણ મોટો થાય ? 'ના' જ થાય. યુ આર રાઈટ ! એટલે કે માત્ર જ્ઞાન વધારવાથી કયારેય સફળતા મળતી જ નથી. સફળતા મેળવવા માટે જ્ઞાનની સાથે સાથે યોગ્ય આવડત અને હકારાત્મક વલણ પણ કેળવવાની જરૂર હોય છે. આ માટેનું એક સુંદર ઉદાહરણ મને યાદ આવે છે.

રમેશ એક કરિયાણાની દુકાનમાં નોકરી કરતો યુવાન છે. તે ખૂબ જ લગન અને મહેનતથી કરિયાણાની દુકાનમાં બે વર્ષથી નોકરી કરી રહ્યો છે. આ દરમિયાન તેનામાં કરિયાણાની દુકાનને સફળતાપૂર્વક ચલાવવાનું જ્ઞાન અને આવડત પૂરતા પ્રમાણમાં આવી ગયાં છે. હવે તેના પિતાજી તેને પોતાની કરિયાણાની દુકાન શરૂ કરવાનું કહે છે. રમેશને તો નોકરી કરવામાં જ રસ છે, પોતાની કરિયાણાની દુકાન શરૂ કરવામાં જરાય રસ નથી. આમ છતાં તેના પિતાજી તેને કરિયાણાની દુકાન કરી આપે છે. શું આપને લાગે છે, કે રમેશ પોતાની દુકાન સફળતાપૂર્વક સંભાળી શક્યો હશે ? 'ના', કારણ કે તેનામાં દુકાન સંભાળવાનું સંપૂર્ણ જ્ઞાન અને આવડત તો હતાં જ, પરંતુ તેની આંતરિક ઈચ્છા એટલે કે તે માટેનું હકારાત્મક વલણ ન હતું. પરિણામે સફળતા મળવાના ચાન્સ ખૂબ જ ઓછા થઈ જાય છે.

જ્યારે બીજી તરફ, મહેશ એક ખૂબ જ ઉત્સાહી અને હકારાત્મક વિચારસરણીવાળો યુવાન છે. તેને પોતાની એક કરિયાણાની દુકાન શરૂ કરવાની તીવ્ર ઈચ્છા છે. આ માટેનું જ્ઞાન અને આવડત તેનામાં સામાન્ય જ છે. તે પોતાની કરિયાણાની દુકાન શરૂ કરે છે. શું આપને લાગે છે કે મહેશ પોતાની દુકાન સફળતાપૂર્વક સંભાળી શક્યો હશે ? યસ, યુ આર રાઈટ ! એ દુકાન સંભાળી જ શક્યો અને સફળ પણ રહ્યો, કારણ કે એક મનોવૈજ્ઞાનિક તારણ અનુસાર જો હકારાત્મક વલણ સાથે કોઈ નવું કામ શરૂ કરવામાં આવે તો તે કામને લગતું જ્ઞાન અને જરૂરી આવડતો આપણામાં આપોઆપ જ આવી જાય છે.

શું તમે ક્યારેય કોઈના માટે, એ પછી તમારો દીકરો હોય કે અન્ય કોઈ, એવું બોલ્યા છો કે ''આનામાં ખૂબ જ જ્ઞાન છે, ખૂબ જ આવડત છે, પરંતુ ઉપયોગ કરે તો સફળ થાય.'' હું જાણું છું તમે અત્યારે વિચારી રહ્યા હશો કે આવું તો તમે ઘણી વખત બોલ્યા હશો. આપણે જો આ વાક્યને સફળતાના ત્રિકોણ સાથે સરખાવીએ તો ખ્યાલ આવશે કે મોટા ભાગની વ્યક્તિઓમાં જ્ઞાન અને આવડતની કમી હોતી જ નથી. કમી હોય છે, તો માત્ર 'હકારાત્મક વલણ'ની ! જો ફક્ત હકારાત્મક વલણ કેળવવામાં આવે તો સફળતા મેળવવા માટેનું ચોક્કસ જ્ઞાન અને જરૂરી આવડત આપણામાં આપોઆપ જ વધી જતું હોય છે.

**જેના ભાગ્યમાં જે સમયે, જે લખ્યું છે તેને તે સમયે તે જ પહોંચે. - નરસિંહ મહેતા**

હાર્વર્ડ યુનિવર્સિટીમાં હાથ ધરાયેલા એક સર્વે અનુસાર, જ્યારે કોઈ યુવાન ગ્રેજ્યુએટ થઈને નોકરી મેળવે છે ત્યારે તેમાં 85% મહત્ત્વ તો માત્ર વલણ અને આવડતનું હોય છે. જ્યારે માત્ર 15% જ મહત્ત્વ તેનામાં રહેલા જ્ઞાનનું હોય છે, મોટા ભાગે આપણે કૉલેજ સુધીના અભ્યાસમાં બધો જ સમય અને પૈસા ફક્ત 'જ્ઞાન' મેળવવા પાછળ ખર્ચ્યા હોય છે, જે સફળતામાં માત્ર 15% જ મહત્ત્વ ધરાવે છે. જ્યારે જીવનમાં સફળતા મેળવવા માટે 'હકારાત્મક વલણ' એ સૌથી અગત્યની બાબત છે. તે અંગત અને વ્યાવસાયિક ક્ષેત્રે પણ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. આ બાબતને વધુ સ્પષ્ટ કરતું ઉદાહરણ આ પ્રમાણે છે.

એક વખત એક વિદ્યાર્થીએ વિજ્ઞાની બ્લેઈઝ પાસ્કલ (1623-1662)ને પૂછ્યું, ''સર, જો હું તમારા જેટલું સારું જ્ઞાન અને સારી આવડતો ધરાવતો હોત તો હું પણ સારો માણસ હોત.'' ત્યારે બ્લેઈઝ પાસ્કલે હસતાં હસતાં ખૂબ જ શાંતિથી જવાબ આપ્યો, કે જો દીકરા, તું પહેલાં સારો માણસ બની જા, ત્યારબાદ તારામાં પણ મારા જેટલું જ્ઞાન અને આવડત આપોઆપ જ આવી જશે !

આ ઉદાહરણ પરથી સ્પષ્ટ રીતે સમજાય છે, કે જો આપણું વલણ હકારાત્મક હોય તો જ્ઞાન અને આવડત મેળવવાં કે કેળવવાં પડતાં જ નથી. તે તો આપોઆપ જ કેળવાઈ અને મેળવાઈ જાય છે.

જરા કલ્પના કરી જુઓ કે...

શું કોઈ વિદ્યાર્થી હકારાત્મક વલણ સિવાય સફળ અને સારો વિદ્યાર્થી હોઈ શકે ?

શું કોઈ કર્મચારી કે અધિકારી હકારાત્મક વલણ સિવાય સફળ અને સારો કર્મચારી કે અધિકારી હોઈ શકે ?

શું કોઈ બિઝનેસમેન હકારાત્મક વલણ સિવાય સફળ અને સારો બિઝનેસમેન બની શકે ?

શું કોઈ પરિવારનો સભ્ય, શિક્ષક, ડૉક્ટર કે પાડોશી હકારાત્મક વલણ ધરાવતા ન હોય તો તેઓ પોતે સારી વ્યક્તિ તરીકેની છાપ પાડી શકે ? આપનો જવાબ ચોક્કસ 'ના' જ હશે. તો શું દરેક વ્યક્તિએ પોતાના વલણમાં જરૂરી પરિવર્તન લાવવું જોઈએ ?

'હા'...! તો આ રહ્યા તેના બે ઉકેલ...

1. રોજ સવારે જાગતાં સાથે જ માઈન્ડને હકારાત્મક સૂચનો આપો. જેવાં કે,

- આજે મારો દિવસ ખૂબ જ સારો જશે.
- ગઈકાલ કરતાં આજે હું વધારે સારું પર્ફોર્મ કરી શકીશ.
- દિવસે ને દિવસે મારી આધ્યાત્મિક, માનસિક અને આર્થિક પ્રગતિ થઈ રહી છે.
- જીવન ખૂબ જ સુંદર છે અને મને જીવનમાં ખૂબ જ મજા આવે છે.
- હું દિવસે ને દિવસે જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, સફળતા અને તંદુરસ્તી મેળવી રહ્યો છું.

આવા શક્તિશાળી હકારાત્મક સૂચનો પોતાના મનને વારંવાર અને નિયમિત આપવાથી તમે જોશો કે તમારાં વિચારો અને વલણ હકારાત્મક થતાં જ જશે.

2. આ ઉપરાંત આ **'સાત દિવસની ચૅલેન્જ'** પણ આપને ખૂબ જ હકારાત્મક કરી દેશે.

સાત દિવસની ચૅલેન્જ : આજથી સાત દિવસ સુધી તમે દરેક પરિસ્થિતિમાં, દરેક વ્યક્તિમાં અને પોતાનામાં માત્ર હકારાત્મક બાજુઓ જ જોવાનું શરૂ કરી દો. આ ઉપરાંત તમે જેને પણ મળો તેની સાથે માત્ર સુખ, શાંતિ, સમૃદ્ધિ અને તંદુરસ્તીની જ વાતો કરો. ધીમે ધીમે તમારાં વિચારો અને વલણ હકારાત્મક થતાં જશે, પરિણામે આમ કરવું એ તમારી મજબૂત ટેવ બની જશે. આમ કરવાથી તમારા જીવનમાં એક જબરદસ્ત હકારાત્મક પરિવર્તન આવી જશે. જે દ્વારા તમે જીવનમાં કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવી જ શકશો.

**('કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક'-2020 માંથી સાભાર)**

**સંપર્ક :** E-mail : mauliksoni8@yahoo.co.in

**પ્રસન્નતા બધાજ સદ્ગુણોની માતા છે. - ગેટે**

# પ્રાસંગિક : દિનવિશેષ મહત્ત્વ

સંકલન

## 1) 31 ઑક્ટોબર-રાષ્ટ્રીય એકતા દિન

સને 1928માં બારડોલી સત્યાગ્રહમાં અગ્રેસર રહીને વલ્લભભાઈએ અંગ્રેજ સરકારને ઝુકાવી અપાવેલા વિજયને કારણે ખેડૂતોએ જેમને ‘સરદાર’નું બિરુદ આપ્યું એવા ‘અખંડ ભારતના શિલ્પી’ સરદાર વલ્લભભાઈ પટેલની 31મી ઑક્ટોબરે જન્મજયંતી છે.

સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ 31 ઑક્ટોબર, 1857માં ખેડા જિલ્લાના કરમસદ ગામે થયો હતો. પ્રાથમિક શિક્ષણ કરમસદમાં લઈને તેઓ નડિયાદ ભણવા ગયા. ત્યાં માધ્યમિક શિક્ષણ લીધું. તેમણે છેલ્લે વકીલાતની પરીક્ષા આપી અને પાસ થઈ ગોધરામાં વકીલાત કરવા માંડી ત્યાર પછી લંડન જઈને તેઓ બૅરિસ્ટર બન્યા.

ફૂલથીયે કોમળ અને વજ્રથી કઠોર આપણા લોકલાડીલા સરદારે 562 જેટલાં રજવાડાં પોતાની વિચક્ષણ બુદ્ધિથી ભારતમાં ભેળવી દઈને એક અખંડ ભારતની રચના કરી. તે સાચે જ ભારતના શિલ્પી હતા. તેમનો જન્મ દિવસ ‘રાષ્ટ્રીય એકતા દિવસ’ તરીકે ઉજવીને તેમનું સ્મરણ કરીએ. હવે, સરદાર પટેલના વિચારોની વાત કરીએ...

1. હિંદુસ્તાનમાં પણ હિન્દુસ્તાનીઓનું રાજ ચાલવું જોઈએ.
2. પ્રજાને સાચી સત્તા સોંપવામાં આવે તે જ રામરાજ્ય.
3. ગામડાંઓને ટકાવી, સમૃદ્ધ બનાવીને જ ભારતનો વિકાસ થઈ શકશે.
4. ગરમ લોઢાને ઘાટ આપનાર હથોડો અને તેનો હાથો તો ઠંડો જ હોવો જોઈએ. ગમે તેવી તકલીફમાં સ્વસ્થ રહેવું.
5. બધી ઉન્નતિની ચાવી જ સ્ત્રીની ઉન્નતિમાં છે. જીવનનો આ પ્રથમ અધ્યાય પૂરો કરો એટલે બાકીના અધ્યાય સુખદ રહેવાના.
6. કેળવણી બે પ્રકારની છે. એક કેળવણી માણસને માણસાઈનું ભાન કરાવે છે. બીજી માણસની માણસાઈ લઈ લે છે.
7. હિન્દુસ્તાન પર રાજ કોનું હોવું જોઈએ ? તે સંદર્ભે બહુ સરસ વાત કરી કે જેનામાં હિન્દુસ્તાનીપણું છે, રાષ્ટ્રપ્રેમ છે. હિન્દુસ્તાની એટલે કે હિન્દને સર્વસ્વ અર્પિત હોય તેવી વ્યક્તિ જ રાજ કરવી જોઈએ. હિન્દુસ્તાન પ્રત્યે મમત્વ હોવું અનિવાર્ય છે જેને હિન્દુસ્તાનની ‘મિટ્ટી’ થી પ્રેમ હોય, લાગણી હોય, કર્તવ્યનિષ્ઠા હોય તેવી વ્યક્તિ જ હિન્દુસ્તાન પર રાજ કરે તો જ હિન્દુસ્તાનનો ઉદ્ધાર થાય.
8. પ્રજાને સાચા અર્થમાં સત્તા એટલે કે લોકશાહી સાચા અર્થમાં અસ્તિત્વમાં હોય તો જ રામરાજ્ય કહેવાય. ‘લોકો માટે, લોકો વડે, લોકો થકી’ રાજ્યનું સંચાલન આ સિદ્ધાંતથી ચાલે.
9. મૂળ વિચારોથી પવિત્ર બનવું ઘટે.
10. તેઓ ગામડાં અને ખેડૂતોના પ્રત્યે અપાર આકર્ષણ, લાગણી ધરાવતા હતા. તેના વિકાસ અને સુખ થકી જ ભારત શ્રેષ્ઠ ભારત બની શકે, સુખી બની શકે, વિકસિત બની શકે તેવું દઢપણે માનતા હતા.
11. સ્ત્રી એટલે કે નારીશક્તિને વંદન કરવાનું પણ સૂચવ્યું છે. સ્ત્રીને ઉન્નતિની ચાવી ગણાવી છે. સ્ત્રીને આદર, સન્માન આપીને, તેના સ્વમાનને સંતોષી, તેને ન્યાય આપીને જ ઉન્નતિ પ્રાપ્ત કરી શકાશે.

    ‘સજ્જન નાર’ને પણ એક સુખ ગણવામાં આવ્યું છે. તેને સન્માનિત કરી નારીવંદના કરવી રહી.
12. કેળવણી થકી જ માનવીનું ઘડતર થાય છે. વ્યક્તિને દિશા અને દષ્ટિ કેળવણી થકી જ પ્રાપ્ત થાય છે. શિક્ષિત જ નહીં પરંતુ કેળવાયેલ વ્યક્તિ જ દેશને સમૃદ્ધ બનાવી શકશે.

**આ જગતમાં પરોપકાર સિવાય કોઈ ધર્મ નથી અને બીજાને દુ:ખ આપવા સમાન કોઈ પાપ નથી. - સંત તુલસીદાસ**

13. તેમણે એવું કહ્યું હતું કે 'જે દિવસે તમે મૃત્યુનો ભય છોડી દેશો તે જ દિવસે તમે સ્વતંત્ર છો.' મૃત્યુથી ડરવું નહીં. મૃત્યુ નિશ્ચિત છે. અભય બનીને જીવો તો જ જીવનમાં કંઈક કરી શકાશે. 'અમરત્વ' ઉછીનું લઈ શકાય, 'અભયત્વ' નહીં. અભય જાતે બનવું પડે, અંદરથી બનવું પડે. શ્રદ્ધા, શક્તિ અને નિષ્ઠા તેમજ પ્રામાણિકતા જેવાં મૂલ્યોનું સ્થાપન કરીને અભય કે નિર્ભય બની શકાય.

આવા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીના દિને સને 2014થી ભારત સરકાર દ્વારા આ દિવસ 31મી ઑક્ટોબરને 'રાષ્ટ્રીય એકતા દિન' તરીકે ઉજવવાનું જાહેર કર્યો છે.

સરદાર પટેલનું જીવન દેશની વર્તમાન અને ભાવિ પેઢીઓને માટે હંમેશાં પ્રેરણાદાયી બની રહેશે. એ હેતુથી જ એમના 143 મા જન્મદિન પ્રસંગે તેમના વિશેષ સ્મારક રૂપે એમની વિરાટ પ્રતિમા- **'ધ સ્ટેચ્યુ ઑફ યુનિટી'** રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવેલ છે.

સરદાર વલ્લભભાઈ પટેલના અનેકવિધ એવા પાયાનાં કામો જે લોકો માટે આશીર્વાદ સમા છે તેને યાદ કરી સદૈવ પ્રજાજનો એમના ઋણી રહેશે. આપણે સૌ ઉલ્લાસભેર 'રાષ્ટ્રીય એકતા દિવસ' ઉજવી તેમને કોટિ કોટિ વંદન કરીએ.

### 2) 14 મી નવેમ્બરે : 'વર્લ્ડ ડાયાબિટીસ ડે'

આજે જનજીવન મોટાભાગે શ્રમ વગરનું, બેઠાડુ અને સગવડભર્યું બનતું જાય છે. જીભનો સ્વાદ શરીરના સ્વાસ્થ્ય કરતાં વધુ ચડિયાતો થઈ ગયો છે. બહારનું ફાસ્ટફૂડ કે હૉટલની ખાણીપીણી વધવાથી ને શારીરિક શ્રમ ઘટવાથી, વધારે પડતો ઘી-તેલવાળો ખોરાક ખાવાથી કેલરી શરીરમાં ચરબી અને કોલેસ્ટેરોલ તરીકે જમા થાય છે. આ ચરબી અને કોલેસ્ટેરોલ જ મેદસ્વિતા, બ્લડપ્રેશર, હૃદયરોગ અને સવિશેષ તો ડાયાબિટીસ માટે જવાબદાર છે.

જગતના મોટા ભાગના દેશોમાં 'મધુપ્રમેહ' એટલે કે ડાયાબિટીસથી પીડાતા લોકોની સંખ્યા વધતી જાય છે. તાજેતરમાં અમેરિકાના એક સાયન્સ મૅગેઝિને બહાર પાડેલા આંકડા ચોંકાવનારા છે. લંડનમાં ત્રણ લાખથીય વધુ વ્યક્તિઓ આ રોગથી પીડાય છે. વિશ્વભરમાં આશરે 150 મિલિયન લોકોને ડાયાબિટીસ છે. ગુજરાતમાં ભારતનાં અન્ય રાજ્યો કરતાં વધારે પ્રમાણમાં ડાયાબિટીસના અને હૃદયરોગના દર્દીઓ છે. જોકે ગુજરાતીઓની ખાણીપીણીની કેટલીક અયોગ્ય ટેવો જવાબદાર વધુ છે. ભારતમાં અધધધ... ચાર કરોડથીય વધુ ડાયાબિટીસના દર્દીઓ છે.

આ રોગની ખાસિયત એ છે કે એની ખબર દર્દીને શારીરિક તકલીફ થાય અને ડૉકટરી તપાસ થાય પછી જ પડે છે. પરિણામે દર્દની શરૂઆતમાં દર્દી તે અંગે અજાણ હોવાથી બેદરકાર રહે છે અને આ રોગને નાબૂદ કરવા કે કાબૂમાં લેવા ગંભીરતાપૂર્વક અને ચોકસાઈથી સમયસર નિદાન કે ઉપચાર કરતો નથી. પરિણામે ક્યારેક આ દર્દ ગંભીર રૂપ ધારણ કરે છે અને તે ઉગ્ર બનતાં હાર્ટએટેક, અંધાપો, બ્લડપ્રેશર અને કિડનીની તકલીફોમાં પરિણમે છે. આવી પરિસ્થિતિ ઊભી થતાં તેનું જીવન કંટાળાભર્યું, ભયભીત ને હતાશાભર્યું બની જાય છે. તે જીવનનો આનંદ ગુમાવે છે. અકાળે જીવનનો અંત આવે છે. દર્દ ઉગ્ર બનતાં તેની સારવાર જે કુટુંબ કે વ્યક્તિને મોંઘી પડે છે તે વ્યક્તિ કે પરિવાર આર્થિક રીતે પાયમાલ થઈ જાય એ પણ શક્ય છે એવું નિષ્ણાત ડૉકટરો વારંવાર કહેતા રહે છે.

રાજ્યનું આરોગ્યખાતું પણ આ અંગે લોકોને સતત જાગૃત કરતું રહે છે. શાળાઓમાં બાળકોની ડૉકટરી તપાસમાં પણ વિગત લેવાય છે. ટૂંકમાં, ડાયાબિટીસની સારવારમાં, તેનાં કારણો અને લક્ષણો જાણી જો દર્દી દર્દની સાચી સમજ મેળવે અને ડૉકટર તથા સમાજ તેને પ્રેમભર્યો સહકાર આપે, ડૉકટરની સલાહ મુજબ જ યોગ, કસરત, યોગ્ય આહાર સાથે સારવાર થતી રહે તો દર્દીઓ ધારે તો સંપૂર્ણ તંદુરસ્તીભર્યું લાંબુ જીવન જીવી શકે છે. આ રોગની વ્યાપકતા ને સારવારથી પરિચિત સૌ કોઈ થતા રહે તે માટે ઇન્સ્યુલિનનાં શોધક ફ્રેડરિક બૅન્ટિંગની યાદમાં તેમનો જન્મદિન 14મી નવેમ્બર – 'વર્લ્ડ ડાયાબિટીસ ડે' તરીકે ઉજવવામાં આવે છે !

**(વાસરિકા દિનવિશેષ' પુસ્તકમાંથી સાભાર)**

**આક્રમણ કરવાવાળા શત્રુથી ન ડરો, પણ જે તમારી ખુશામત કરે છે તેવા મિત્રથી તો અવશ્ય ડરો. - જનરલ એબગોન**

# મેઘાણી વંદના : મુઠી ઊંચેરા માનવતાના જાણતલ મરમી - શ્રી ઝવેરચંદ મેઘાણી

(સંકલન)

આઝાદીનો અમૃત મહોત્સવ અને 'રાષ્ટ્રીય શાયર' સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતીના સુભગ સમન્વય અને ગરિમામય ઉજવણી નિમિત્તે વીરોની છલોછલ રાષ્ટ્રભક્તિ અને મેઘાણીની સાહિત્યકૃતિઓ, શૌર્ય રચનાઓ, લોકસાહિત્ય, ગદ્ય-પદ્ય તેમજ અનેક સાહિત્ય કૃતિઓ દ્વારા ત્યાગ, બલિદાન, સમર્પણ તેમજ ખમીરવંતી વીરરસની વાર્તાઓ કહી છે. આઝાદીના અમૃતમહોત્સવ નિમિત્તે ભારતની આઝાદીના 75મા વર્ષે સૌ સાથે મળીને ભારતને વધુ આત્મનિર્ભર અને સમૃદ્ધ બનાવવા માટે સંકલ્પબદ્ધ થઈએ.

સ્વ. ઝવેરચંદ મેઘાણીએ આઝાદીની લડત વખતે અમૂલ્ય યોગદાન આપ્યું હતું. ગાંધીજી દ્વારા 'રાષ્ટ્રીય શાયર' તરીકે ખ્યાતિ પામેલા સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતી નિમિત્તે રાજ્યભરમાં સાંસ્કૃતિક કાર્યક્રમ 'કસુંબીનો રંગ' ઉજવવામાં આવ્યો હતો.

આઝાદીનો અમૃત મહોત્સવ અને સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતી નિમિત્તે શાળાકક્ષાએ આચાર્યો અને શિક્ષકોના માર્ગદર્શનથી વિવિધ કાર્યક્રમો યોજાય તેમજ સ્વ. ઝવેરચંદ મેઘાણીએ સાહિત્યકૃતિઓ થકી આઝાદીની લડતમાં અવનવી રચનાઓ દ્વારા યુવાનોમાં નવા જોમ અને જુસ્સા સાથે દેશદાઝનો માહોલ ઊભો કર્યો હતો તેનાથી વિદ્યાર્થીઓ પરિચિત થાય તે આવશ્યક છે. સમગ્ર વર્ષ દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમો, વિવિધ સ્પર્ધાઓ તેમજ મેઘાણીના જીવન-કવન આધારિત પ્રવૃત્તિઓનું આયોજન કરી વિદ્યાર્થીઓને માહિતગાર કરી શકાય તેમજ ભારતના આઝાદીના સંગ્રામમાં યોગદાન આપનાર આઝાદીના ઘડવૈયાઓના જીવન અને બલિદાન વિશે વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી વિદ્યાર્થીઓમાં દેશભક્તિ માટે સંસ્કારોનું સિંચન કરી શકાય તેવું આયોજન શાળા કક્ષાએ થાય તે જરૂરી છે.

મુઠી ઊંચેરી યુગ પ્રવર્તક પ્રતિભાનું પોંખણું કરીએ છીએ ત્યારે ગુજરાતના લોકહૈયાના ધબકારને, માનવીની સૂક્ષ્મતમ લાગણીઓને, સંવેદનાઓને, ભાવને, માનવીના કોમલ હૃદયને ભાવભીની બનાવવાનું કાર્ય કરનાર શ્રી ઝવેરચંદ મેઘાણીમાં એવું તે શું છે કે જે જન જન શિષ્ટ અને લોકજીવનને જીવંત બનાવે છે. મેઘાણીમાં તળલોક જીવનનો સંપર્ક અને માનવતાનું ગાન સામાન્યમાંથી અસામાન્ય બનાવે છે.

મેઘાણીની લોકજીવન અને સાહિત્ય પ્રત્યેની અપ્રતિમ પ્રીતિ એના સર્જનને સ્વાભાવિક બનાવે છે. જીવન અને સાહિત્યનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ નવા જીવનરંગને પ્રગટાવે છે. મેઘાણી પોતે જ પોતાને 'કંકુવરણી પાંચાલ ભોમનું કલેજું' ગણાવે છે. રાષ્ટ્રકવિ, ગાયક, આપ્તજન મેઘાણીની કોઈ વિશિષ્ટ બાબત રહી હોય તો તે છે માનવતાનું આલેખન. આપ્તજન સાથેના સ્નેહસંબંધને નજીકના દૃષ્ટિકોણથી નિહાળી દિલના દર્દને સ્પર્શી અનહદ સંવેદનાના અનાહત નાદને આલેખે છે.

ગાંધીજીની ગોળમેજી પરિષદના પ્રયાણ વખતે રાષ્ટ્રપિતા ગાંધીજીના મનોમંથન અને વેદનાને સહજ અંતઃકરણપૂર્વક નિહાળી બોલી ઊઠે છે.

**'છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ !**
**સાગર પીનારા ! અંજલિ નવ ઢોળજો બાપુ !**

માનવતાના આ આલેખને કારણે ગાંધીજીએ મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર'નું બિરૂદ આપ્યું. મેઘાણીની કસુંબલ રંગની કવિતામાં એક એક શબ્દમાં રાષ્ટ્ર પ્રત્યેની વફાદારી, સમર્પિત બુલંદ ભાવના મસાણમાં પણ મડદાં ઊભા કરી નાખે એવી શૌર્યનીતરતી એમની કવિવાણી માનવતાના ઓજસ પાથરી લોકસમૂહના હૈયાને ડોલાવે છે. 'શબદના સોદાગર'માં ત્રાજવડા ત્રોફાવનારી નારીને 'તકદીરને ત્રોફાવનારી' ગણી સ્ત્રીના અંતરમનને નસીબ, ભાગ્ય સાથે જોડી ઈશ્વરનું અનુસંધાન જોડી આપે છે.

'મુંને કોઈ તો કે'જો રે, પાણી વેળા ક્યારે થશે ? મારી લગ્નની લીલા રે, કહો ક્યારે પૂરી થશે ?' મેઘાણીની

**ભૂલ પીઠ જેવી છે; બીજાની દેખાય, આપણી નહીં.**

'શેત્રુંજીને કાંઠે' કથા દેવરા અને આણલદેના પ્રેમની અને ઢોલરાના ત્યાગની વિશિષ્ટ ભાવનાને પ્રગટાવે છે. પ્રેમનું બીજું પાસુ ત્યાગ છે. ત્યાગ ત્યારે જ સંભવે જ્યારે નિઃસ્વાર્થ સમર્પિત ભાવ હોય. તો માનવતાને દુઃખ દર્દ સાથે પણ જોડે છે. જેમ કે, 'શેણી વિજાણંદ' લોકકથામાં ભારોભાર પ્રણય છે જ પણ એટલો જ કરૂણાસભર વિયોગને આલેખ્યો છે કે કથામાં પસાર થતા માનવીનું હૈયું હચમચી જાય છે. આ કથા અંગે સ્વ. કપિલભાઈ ઠક્કર નોંધે છે કે ''શેણી-વિજાણંદની અને તેના દુહાની રેકોર્ડ યંગ ઇન્ડિયાએ ઉતારેલી તે મેઘાણીના કંઠનું જળવાયેલું એક વિરલ સ્મૃતિચિહ્ન છે.'' મેઘાણીની મુઠ્ઠી ઊંચેરી માનવતાની મ્હેંક એમના એક પ્રસંગમાં મળે છે. લોકસાહિત્યના એક પરિભ્રમણમાં દરિયાના કાંઠાણ વિસ્તારનાં ગામડાંઓને ખૂંદવાનું શરૂ કર્યું અને સાથે કવિ કાગનો સથવારો લીધો. ફરતા-ફરતા મહુવાના બંદરે ગયા. બંદરની મુલાકાત વેળાએ સિત્તેર વર્ષની ઉંમર હોય એવી એક ડોશી વહાણમાં પાકેલ ઈંટો ચડાવવાનું કાર્ય કરી રહી હતી. મેઘાણીભાઈ એમની પાસે ગયા અને વાતોનો દોર શરૂ કર્યો. ડોશી પાસેથી જાણકારી મળી કે એકનો એક દીકરો બે'ક માસ પહેલાં સાગરના તોફાનમાં વહાણ બૂડી જવાથી મરી ગયો છે. મહુવાના વેપારીનું એ વહાણ હતું. મેઘાણીભાઈએ સહજ ભાવે ડોશીને જણાવ્યું કે 'તમે તમારી આજીવિકા માટે વહાણના શેઠ પાસે કેમ ન ગયાં ?' ડોશીએ પણ હૈયામાં સંઘરેલી માનવતાને જાગૃત કરી જણાવ્યું કે 'ભાઈ ! શેઠનું વહાણ મારા દીકરાને હાથે બૂડ્યું. હવે શું મોઢું લઈને એની પાસે માગવા જાઉં !' કવિ કાગ નોંધે છે કે 'ડોશીના આ શબ્દો સાંભળતા તો મેઘાણીભાઈ છાતી પકડીને બેસી ગયા અને ચોધાર આંસુડે રોયા. અહીં પ્રસંગ વાંચતા જ આપણા મનમાં પણ સહજ પ્રશ્ન થાય કે કોની માનવતાના વખાણ કરું, ડોશીના કે મેઘાણીભાઈના?

મેઘાણીના સાહિત્યમાં પ્રત્યેક કૃતિના કેન્દ્રમાં માનવતાની પરમ ઉપાસના થતી જોવા મળે છે. દીનજન પ્રત્યેની વત્સલતા, પીડિતોનાં આંસુઓને શબ્દોમાં ઝીલી તેને અમરતા બક્ષવાનું કાર્ય કર્યું છે. નાનામાં નાના ગણાતા માણસમાં પણ કેટલી મોટાઈ અને મહાનતા છુપાયેલી છે એને બહાર લાવવાનું કાર્ય મેઘાણીભાઈએ ઉત્તમ રીતે કર્યું છે. મેઘાણીની 'બૂરાઈના દ્વાર પરથી' વાર્તા એનું ઉત્તમ દૃષ્ટાંત છે. ઝમકુ અને જમનાના ચરિત્ર દ્વારા ગરીબની ઉદારતા અને શ્રીમંતોની કંજૂસાઈ અને માનવવૃત્તિઓનું લાક્ષણિક ઢબે આલેખન થયું છે.

''આ શેઠીઆવ, હજારુંના રળનાર અને હજારુંના ધુંવાડા કરીને વરા ઉકેલનારા પણ શાકપાંદડાંની વાતમાં પાઈ પૈસાની ગણતરી છોડતા જ નથી.''

મેઘાણીભાઈએ માનવહૃદયની લાગણીઓને, માનવહૈયાના ભાવોને સ્પર્શે એવા વિષયવસ્તુને સવિશેષ પસંદ કર્યા છે. બહારવટિયાની કથાઓમાં નારી સન્માન અને ગૌરવની ઝાંખી થાય છે. શત્રુઓની સ્ત્રીઓ પ્રત્યે આદરમાન રાખતા પુરુષોમાં પણ સ્ત્રીઓ પ્રત્યેની માનમર્યાદા અને સંયમ નિષ્ઠાનું દર્શન અનેક લોકવાર્તાઓમાં પ્રગટતું જોવા મળે છે. એનું ઉત્તમ દૃષ્ટાંત વીર ચાંપરાજવાળાની લોકકથા છે. 'દેવદાસ', 'અમરબાઈ' વગેરે ચરિત્રોમાં માનવતાની ભાવના ભારોભાર પ્રગટતી જોવા મળે છે. એમની માનવતાના દર્શનની અભિવ્યક્તિમાં આગવું ક્ષેત્ર વ્રતકથાઓ છે. પારંપરિક લોકસંસ્કૃતિમાં વ્રતની મહત્તા સંસ્કારસિંચન ભલભલા માણસની આંખમાં પણ આંસુ છલકાવી દે છે. વ્રતકથાઓમાં 'નાગપાંચમ' એનું ઉત્તમ દૃષ્ટાંત છે. પાંચમ અને નાગનું સાયુજ્ય દર્શાવી નાગની મહત્તા પ્રગટાવે છે. એ નિમિત્તે નાગને ઝેર સર્જન કરનાર નહીં પણ પૂજનીય ભાવથી નાગની ભાવ ગૌરવયાત્રા કરતા હોઈએ એવું અનુભવાય છે. પિતા તરીકે માનવતાનું દર્શન માત્ર એક પત્ર વાંચવાથી જ થઈ જાય છે. મેઘાણીભાઈના બેલડા પુત્ર મસ્તાન અને નાનક કડીમાં અભ્યાસ કરે છે. આ પુત્રો એક વર્ષના હતા ત્યારે પ્રથમ પત્ની દમયંતી બહેનનું અવસાન થયેલું. માતાની હૂંફ ન પામેલ પુત્રો પ્રત્યે પિતાની હૃદય સ્પર્શી વાત એમના પત્રમાં માણીએ.

**દિલથી કરેલી મદદ, હૃદયથી કરેલો પ્રેમ અને મુખથી લીધેલું ભગવાનનું નામ ક્યારેય વ્યર્થ જતાં નથી.**

બોટાદ,
તા.18-12-1946

વ્હાલા પુત્રો,

તમને સોળમું બેઠું તે પ્રસંગે મારા હૃદયના આશીર્વાદ છે. મનથી, શરીરથી ખૂબ તેજસ્વી બનો અને આ જીવન માર્ગ પર પૂર્ણ આનંદ ઉત્સાહ સાથે આગળ વધો.

તમારું વય વધતું જાય છે તેમ બાલ્યાવસ્થાનો દુઃખી ભૂતકાળ દૂર ઠેલાતો જાય છે. એ સર્વ સ્મૃતિઓ લુપ્ત બનો ! ભવિષ્યનાં જ આશા અને ઉલ્લાસ હૃદયમાં પ્રકાશી રહો ! જે કષ્ટો તમે સહ્યા છે તેણે તમારી શક્તિ વધારી છે. હું તો કાંઈ મદદ કરી શકતો નથી, પણ મારા પ્રેમનું ભાતું તમને બંધાવ્યું છે. તમે મને અનહદ પ્રેમ આપીને ટકાવ્યો છે. તમે જેમ જેમ મોટા થતા જાઓ છો તેમ તેમ મારા મન પરનો વિષાદ ઘટે છે. તમારી પ્રત્યેક શક્તિનો ખૂબ વિકાસ થજો. જીવનની કોઈપણ વિટંબણા તમને ડરાવે નહીં તણખલા જેવી તુચ્છ લાગે, એવું પરાક્રમ તમારામાં પ્રગટ થજો !

તમે ફક્ત ભાઈઓ નથી, મિત્રો છો, જન્મ સંગાથીઓ છો, એકબીજાના પૂરક છો, એક જ પંથના તીર્થયાત્રીઓ છો. શરીરે જુદા છતાં એકરસ અને એકરૂપ છો એમ માનજો.

તમારું બેઉનું કલ્યાણ ઇચ્છતો તમારો પિતા ઝવેરચંદ.

એ તાંતણે પત્ર વાંચતા રસાન્વિત બની જઈએ છીએ. પોતે જ પોતાના માટે 'હું પહાડનું બાળક છું...' એવા શબ્દો વાપરે છે.

અતિ કઠિન અને વિપરિત સંજોગોમાં રાણપુરમાં 'સૌરાષ્ટ્ર સાપ્તાહિક'માં તંત્રીપદ માટે શ્રી શાંતિભાઈ શાહે કહ્યું કે 'તમે રાણપુર જાઓ અને 'ફૂલછાબ' સંભાળી લો' અને મેઘાણી 'ફૂલછાબ'ને જીવંત બનાવવાના નિમિત્ત બન્યા એટલું જ નહીં ફૂલછાબના તંત્રીપદના સ્વીકાર પ્રસંગે સરસ કાવ્યરચના સૌ પ્રથમ લખી આરંભ કર્યો.

'નવા ક્લેવર ધરો હંસલા ! નવા ક્લેવર ધરો' રચી 'ફૂલછાબ'ને સજીવન કર્યું અને તે વર્તમાનપત્ર બન્યું. મેઘાણી પોતાના પત્રકારત્વના કાર્યને તીર્થક્ષેત્ર જેટલું જ પવિત્ર માનતા. મૂર્ખ માણસ પણ સમજી શકે એવી યુક્તિ-પ્રયુક્તિઓનો ઉપયોગ કરી કાર્ટૂનો તૈયાર કરાવતા અને 'ફૂલછાબ'ને માનવતાના પાયાના સિદ્ધાંતથી ચલાવી અગ્ર દૈનિકપત્ર બનાવ્યું જે આજે પણ અવિરત કાર્યરત છે. માત્ર ફેર એટલો છે કે રાણપુરથી પ્રસિદ્ધ થતું ફૂલછાબ આજે રાજકોટથી પ્રસિદ્ધ થાય છે. અમદાવાદમાં ફાટી નીકળેલા કોમી હુલ્લડો વખતે 'દેખો મુખડા દર્પનમેં' કાર્ટુન મેઘાણીભાઈએ પ્રગટ કર્યું. માનવતાના આ કેસમાં એમનો વિજય થયો. વર્તમાનપત્રમાં સૌરાષ્ટ્રના લોકજીવનની તાસીરને વિવિધ લેખો, કથાઓ, નવલકથાઓ વગેરેમાં માનવતાને કેન્દ્રમાં રાખી છે. લોકસેવાના ભેખધારી પત્રકાર તરીકે મેઘાણીભાઈએ પાળીઆદનો ધરતીકંપ, ગાંધીજીએ કરેલો રાજકોટમાં સત્યાગ્રહ, લીંબડીમાંથી પ્રજાજનોએ કરેલી હિજરત વગેરેમાં લોકોના દુઃખમાં સહભાગી બની લોકસેવાનો ધર્મ બજાવી માનવતાના અભિગમને ઉજાગર કરવા પ્રયત્ન કર્યો. ગાંધીજીના રાષ્ટ્રસંગ્રામમાં જ્યારે જોડાય છે ત્યારે પણ કોર્ટમાં એમણે કહ્યું કે ''યુગજૂની શૌર્ય અને વીરતાની ભૂમિએ કાઠીયાવાડે આ ધર્મયુદ્ધમાં તેના પ્રિયતમ (સપૂતો)માંથી વીણી વીણીને સુંદર ફાલ મોકલી આપ્યો. એ રીતે મારી શ્રદ્ધાને સાચી પાડી છે, તે જોઈ મારું હૃદય ગર્વ ઉન્માદમાં નાચે છે. તમારાથી મને ફાંસીના માંચડાની ભેટ થઈ શકતી હોય તો હું તેને વધાવી લેવાને પણ તૈયાર છું. એ ભેટને હું મારું પરમ સૌભાગ્ય સમજીશ.''

મેઘાણીભાઈની નિરાંડબર વાતચીતની શૈલી, ભીતરમાં ઊંડુ ઊંડુ નિહાળતી આંખો, એક એક શબ્દ અને વાક્યને તોલી તોલી બોલવાની વાક્શૈલી ગંભીર વદન છતાં ગૌરવાંકિત, પ્રામાણિક અને સત્યનિષ્ઠ સેવાવૃતિમાં એક વિશેષ માનવતા અને વૈશ્વિક માનવનું દર્શન હરેક પાસામાં પ્રગટે છે. માનવતાનો અભિગમ એના જીવનનું પ્રવેશદ્વાર છે. એક વખત જમાદાર પિતાએ ગામમાં ચોકીદારને મોકલી દૂધ મંગાવ્યું. દૂધ એકઠું કરી પસાયતાએ કહ્યું ''નાના છોકરાને ખાવા માટે પણ કોઈ ઘરમાં દૂધ રહેવા દીધું નથી. ટીપેટીપું ઉઠાવી લાવ્યો છું.'' - બાળક મેઘાણીએ આ વાત સાંભળી. સૌ સ્નેહીજનો એ દૂધપાક આરોગ્યો પણ મેઘાણીએ એક ટીપું પણ ચાખ્યું નહીં. કારણ પૂછ્યું ત્યારે

**જિંદગી વન-ડે મેચ જેવી છે; જેમાં રન તો વધી રહ્યા છે પણ ઓવર ઘટી રહી છે**
**એટલે ધન તો વધી રહ્યું છે પણ ઉંમર ઘટી રહી છે. માટે રોજ પુણ્યના ચોગ્ગા-છગ્ગા લગાવો.**

પિતાને પસાયતાએ કઈ રીતે દૂધ ભેગું કર્યું છે તે વાત સંભળાવી દીધી. આ અને આવા અનેક પ્રસંગોમાં એમની માનવતા અને સ્વદેશપ્રીતિનાં દર્શન ભારોભાર થતાં જોવા મળે છે. મેઘાણી માનવતાના પર્યાય સમા છે. મેઘાણીની જીવનગાથા બીજા શબ્દોમાં ખરેખર માનવતાની ગાથા છે. સમર્થ વ્યક્તિમાં દુર્લભ ગુણોનું દર્શન પ્રગટ કરી માનવતાની ધૂળધોયાની કામગીરી કરી એક નવી દિશાનું દર્શન કરાવ્યું છે. પોતાના સર્જન અને સંશોધનમાં માનવતાનો દૃષ્ટિકોણ આગળ ધરી લોકહૈયાની વીસરાતી વાતોને આલેખી ભવિષ્યની પેઢીના પ્રેરક, પ્રોત્સાહક અને માર્ગદર્શક બન્યા છે. મેઘાણીના અનેક પ્રસંગોમાં માનવતાનું દર્શન ઉચ્ચ કોટિએ પ્રગટ્યું છે. માનવતાના મરમી ગાયક અને માનવતાના આ શિલ્પીએ શુદ્ધ પવિત્ર ભાવે શ્રદ્ધેય અને અખંડ અભિવ્યક્તિની સમર્થતા જેટલી અને જેવી કરી છે એટલી હજુ કોઈ કરી શક્યા નથી અને એટલે જ મેઘાણી સૌથી વધુ ચર્ચિત રહ્યા છે એટલા જ અચર્ચિત છે ત્યારે મેઘાણીની 125મી જન્મજયંતીએ તેમને શત શત વંદન અને કોટિ કોટિ પ્રણામ કરીએ અને એમણે ચીંધેલા માર્ગને ઉજાળીએ એમાં જ આપણી પણ સાચી માનવતા ગણાશે.

ઝવેરચંદ મેઘાણીનાં જાણીતાં બે કાવ્યોનો આપતાં સૌ રસાસ્વાદ કરાવો એવી અપેક્ષા સહ બે પ્રેરક કાવ્યરચના રજૂ કરું છું.

## ઘણ રે બોલે ને...

ઘણ રે બોલે ને એરણ સાંભળે હો... જી !
બંધુડો બોલે ને બેનડ સાંભળે હો... જી !
એ જી સાંભળે વેદનાની વાત
વેણે રે વેણે હો સત-ફૂલડાં ઝરે હો... જી !
બહુ દિન ઘડી રે તલવાર,
ઘડી કાંઈ તોપું ને મનવાર;
પાંચ-સાત શૂરાના જયકાર
કાજ ખૂબ ખેલાણા સંહાર :
હો એરણ બેની ! - ઘણ રે બોલે ને
પોકારે પૃથ્વીના કણ કણ કારમા હો... જી !
પોકારે પાણીડાં પારાવારનાં હો... જી !
જળ-થળ પોકારે થરથરી :
કબરુંની જગ્યા રહી નવ જરી;
ભીંસોભીંસ ખાંભિયું ખૂબ ભરી,
હાય, તોય તોપું રહી નવ ચરી :
હો એરણ બેની ! - ઘણ રે બોલે ને
ભઠ્ઠિયું જલે રે બળતા પો'રની હો... જી !
ધમણ્યું ધમે રે ધખતા પો'રની હો... જી !
ખન ખન અંગારે ઓરાણા,
કસબી ને કારીગર ભરખાણા;
ક્રોડ નર જીવંતા બફાણા
તોય પૂરા રોટા નવ શેકાણાઃ
હો એરણ બેની ! - ઘણ રે બોલે ને
હથોડા પડે રે આજ જેના હાથના હો... જી !
તનડાં તૂટે રે આજ જેની કાયનાં હો... જી !
સોઈ નર હાંફીને આજ ઊભો,
ઘટડામાં ઘડે એક મનસૂબો :
બાળ મારાં માગે અન્ન કેરી દેગ;
દેવે કોણ - દાતરડું કે તેગ ?
હો એરણ બેની ! - ઘણ રે બોલે ને
આજુથી નવેલાં ઘડતર માંડવાં હો... જી !
ખડગખાંડાંને કણ કણ ખાંડવાં હો... જી !
ખાંડી ખાંડી ઘડો હળ કેરા સાજ !
ઝીણી રૂડી દાતરડીનાં રાજ,
આજ ખંડખંડમાં મંડાય,
એણી પેરે આપણ તેડાં થાય :
હો એરણ બેની ! - ઘણ રે બોલે ને
ઘડો હો બાળક કેરાં ઘોડિયાં હો... જી !
ઘડો હો વિયાતલ નારના ઢોલિયા હો... જી !
ભાઈ મારા ! ગાળીને તોપગોળા,
ઘડો સૂઈ-મોચીના સંચ બો'ળા;
ઘડો રાંક રેંટુડાની આરો,
ઘડો દેવ-તંબૂરાના તારો :
હો એરણ બેની ! - ઘણ રે બોલે ને
ભાંગો, હો ભાંગો, હો રથ રણજોધના હો... જી !
પાવળડાં ઘડો, હો છોરુડાંનાં દૂધનાં હો... જી !

**જીવનમાં આવતી મુશ્કેલીઓ રૂથી ભરેલા કોથળા જેવી હોય છે,**
**જો તેને જોયા જ કરો તો બહુ મોટી દેખાશે પણ ઉપાડી લેશો તો હળવી જ હોય છે.**

ભાઈ મારા લુવારી ! ભડ રે'જે,
આજ છેલ્લી વેળાના ઘાવ દેજે;
ઘાયે ઘાયે સંભાર્યે ઘટડામાં,
ક્રોડ ક્રોડ શોષિતો દુનિયાનાં;
હો એરણ બેની ! - ઘણ રે બોલે ને

**(કવિ : ઝવેરચંદ મેઘાણી)('સોનાનાવલડી'માંથી)**

(ભજનના ઢાળમાં રચાયેલી આ કૃતિમાં કવિએ માનવીની વેદના વર્ણવી છે. નિર્જીવ એવાં ઘણ અને એરણ વચ્ચેના સંવાદ દ્વારા કવિની વાત રજૂ થઈ છે. યુદ્ધ વિનાશક છે એની જાણ હોવા છતાં પણ માણસો હથિયારો ઘડે છે અને સંહાર સર્જે છે, એનો નિર્દેશ કરીને કવિ, એમાંથી ઊગરવાનું સૂચન કરે છે. સાથે સાથે તોપ અને તલવારને બદલે હળ કે દાતરડી, દરજી તથા મોચીના સંચા કે બાળકનાં ઘોડિયાં જેવાં માનવજાતને ઉપયોગી સાધનો બનાવવાની હિમાયત કરે છે. આમ, આ ગીતમાં રૂપકાત્મક રીતે કવિએ નિઃશસ્ત્રીકરણની વાત કરી છે.)

## આગે કદમ

આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !
યારો ! ફનાના પંથ પર આગે કદમ !
આગે કદમ; પાછા જવા રસ્તો નથી;
રોકાઓ ના, ધક્કા પડે છે પીઠથી.
રોતાં નહિ - ગાતાં ગુલાબી તૉરથી
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !

બેસી જનારા ! કોણ દેશે બેસવા !
આ હર ઘડી સળગી રહ્યાં યુદ્ધો નવાં;
આશા ત્યજો આરામસેજે લોટવા.
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !

આગે કદમ ! દરિયાવની છાતી પરે,
નિર્જળ રણે, ગાઢાં અરણ્યે, ડુંગરે;
પંથે ભલે ઘન ઘૂઘવે કે લૂ ઝરે.
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !

રહેશે અધૂરી વાટ, ભાતાં ખૂટશે;
પડશે ગળામાં શોષ, શક્તિ તૂટશે;
રસ્તે જતાં ડૂકી જવાથી શું થશે ?
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !

આવે ન આવે સાથીઓ સાથે છતાં
ધિક્કાર બદનામી બૂરાઈ વેઠતાં
વૈરીજનોનાં વૈરને યે ભેટતાં
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !

ક્યાં ઊભશો ! નીચે તપે છે પથ્થરો,
બાહેર શીતળ, ભીતરે લાવા ભર્યો
અંગાર ઉપર ફૂલડાં શીદ પાથરો ?
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !
આ તો બધા છેલ્લા પછાડા પાપના;
હોશે ખતમ જો ભાઈ ! ઝાઝી વારના ના.
પૂરી થશે તારીય જીવનયાતના;
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !

જ્વાળામુખીના શૃંગ ઉપર જીવવા
તેં આદરી પ્યારી સફર ઓ નૌજવાં !
માતાતણે મુક્તિકદંબે ઝૂલવા
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !

-----

(મુક્તિજંગમાં પોતાની જાતનું બલિદાન આપવા તત્પર થયેલા સૈનિકોને પ્રેરણા ને ઉત્સાહથી ઉદ્‌બોધન કરતું આ 'આગે કદમ' કાવ્ય આપણો દેશ પરતંત્ર હતો ત્યારે લખાયું હતું. દેશની મુક્તિ માટે લડનાર માટે આરામ સહેજ પણ ન હોય; એને માટે તો સંકટ, પીડા ને જોખમ જ હોય. એ બધાનો ગુલાબી તૉર (મિજાજ)થી સામનો કરી, કોઈપણ જાતના બદલાની આશા વિના, આગળ વધ્યે જવું એ જ એનું કર્તવ્ય હોઈ શકે.) **(સંકલન)**

**(કવિ : ઝવેરચંદ મેઘાણી)('યુગવંદના' પુસ્તકમાંથી)**

**આંખો બંધ થાય તે પહેલાં 'ઉઘડી' જાય તો આ જન્મારો સુધરી જાય.**

# સામાન્ય જ્ઞાનકસોટી-મેઘાણી વંદના

દિવેકર અશ્વિનકુમાર એસ.

**(સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતી અને તેમનાં જીવનકાર્યો અંતર્ગત પ્રશ્નો)**

(1) ઝવેરચંદ મેઘાણીનો જન્મ ક્યારે થયો હતો ?

(A) 17 ઑગસ્ટ 1896 (B) 18 ઑગસ્ટ 1896 (C) 28 ઑગસ્ટ 1896 (D) 28 ઑગસ્ટ 1895

(2) ઝવેરચંદ મેઘાણીનું જન્મસ્થળ ચોટીલા કયા જિલ્લામાં આવેલું છે ?

(A) સુરેન્દ્રનગર (B) ભાવનગર (C) જામનગર (D) અમદાવાદ

(3) ઝવેરચંદ મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર'નું બિરૂદ કોણે આપ્યું હતું ?

(A) મહાત્મા ગાંધીજી (B) ઉમાશંકર જોશી (C) કનૈયાલાલ મુનશી (D) રવિશંકર મહારાજ

(4) 'માણસાઈના દીવા' પુસ્તકમાં ઝવેરચંદ મેઘાણીએ કઈ વ્યક્તિને અનુલક્ષીને તેમના સાથેના અનુભવો આલેખ્યા છે ?

(A) રવિશંકર રાવળ (B) મહાત્મા ગાંધીજી (C) રવિશંકર મહારાજ (D) મહાદેવભાઈ દેસાઈ

(5) 'ઝવેરચંદ મેઘાણી પુરસ્કાર' ગુજરાત સરકાર દ્વારા કયા ક્ષેત્રે આપવામાં આવે છે ?

(A) સમાજસેવા (B) રમત ક્ષેત્રે (C) સાહિત્ય ક્ષેત્રે (D) લોકકલા ક્ષેત્રે

(6) ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ 'રણજિતરામ સુવર્ણચંદ્રક' ઝવેરચંદ મેઘાણીને કઈ સાલમાં એનાયત કરવામાં આવ્યો ?

(A) 1928 (B) 1929 (C) 1930 (D) 1935

(7) ઝવેરચંદ મેઘાણીએ મહાત્મા ગાંધીજીને કયું બિરૂદ આપ્યું હતું ?

(A) રાષ્ટ્રપિતા (B) બાપુ (C) જુવાન ડોસલો (D) મહાત્મા

(8) ઝવેરચંદ મેઘાણીએ કયા વિષય સાથે સ્નાતકની ડિગ્રી મેળવી હતી ?

(A) ગુજરાતી-સંસ્કૃત (B) રાજ્યશાસ્ત્ર-સંસ્કૃત (C) અંગ્રેજી-સંસ્કૃત (D) સમાજશાસ્ત્ર-સંસ્કૃત

(9) 'રાષ્ટ્રીય શાયર' ઝવેરચંદ મેઘાણીએ કયા હુલામણા નામથી સાહિત્ય સર્જન કર્યું હતું ?

(A) પહાડનું બાળક (B) વિલાપી (C) સાહિત્યયાત્રી (D) આપેલ બધા

(10) લંડન ખાતે ગાંધીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ગયા ત્યારે ઝવેરચંદ મેઘાણીએ કયા કાવ્યની રચના કરી હતી ?

(A) સિંધૂડો (B) છેલ્લો કટોરો (C) કોઈનો લાડકવાયો (D) છેલ્લી પ્રાર્થના

(11) ઝવેરચંદ મેઘાણીના કયા પુસ્તકને મહિડા પારિતોષિક એનાયત થયેલ છે ?

(A) માણસાઈના દીવા (B) સૌરાષ્ટ્રની રસધાર (C) સત્યની શોધ (D) આપણું ઘર

(12) ઝવેરચંદ મેઘાણીનું 'રઢિયાળી રાત' પુસ્તકનો પ્રકાર જણાવો.

(A) લોકકથા (B) લોકગીત (C) કાવ્યસંગ્રહ (D) લોકસાહિત્ય

(13) ઝવેરચંદ મેઘાણીનાં લોકગીતોને સ્વરબદ્ધ કરનાર ગાયક કોણ છે ?

(A) પિંગળ ગઢવી (B) પ્રશાંત ગઢવી (C) હેમુ ગઢવી (D) ઓસામણ મીર

(14) ઝવેરચંદ મેઘાણીનું 'સિંધૂડો' પુસ્તકનો પ્રકાર જણાવો.

(A) લોકકથા (B) લોકગીત (C) કવિતાસંગ્રહ (D) નાટક

(15) ઝવેરચંદ મેઘાણી ઇ.સ. 1922માં કયા સાપ્તાહિકના તંત્રીપદે જોડાયા હતા ?

(A) સૌરાષ્ટ્ર (B) ફૂલછાબ (C) નવજીવન (D) જન્મભૂમિ

**પ્રોત્સાહન ક્યારેક કોઈની પ્રગતિના પગથિયાં બની જાય છે.**

(16) ગુજરાત સાહિત્ય પરિષદના સાહિત્ય વિભાગના વડા તરીકે ઝવેરચંદ મેઘાણીની નિયુક્તિ ક્યારે થઈ હતી?
(A) 1934 (B) 1942 (C) 1946 (D) 1935

(17) ભારતીય ટપાલ વિભાગ દ્વારા ઝવેરચંદ મેઘાણીના માનમાં ક્યારે ત્રણ રૂપિયાની ટપાલટિકિટ બહાર પાડવામાં આવી હતી?
(A) 1945 (B) 1975 (C) 1985 (D) 1999

(18) ઝવેરચંદ મેઘાણીની પ્રથમ પત્ની દમયંતીબેનનું અવસાન ક્યારે થયું હતું?
(A) 1930 (B) 1931 (C) 1933 (D) 1929

(19) રાણપુરમાં 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિક કોણે શરૂ કર્યું હતું?
(A) ઝવેરચંદ મેઘાણી (B) અમૃતલાલ શેઠ (C) મણિલાલ શાહ (D) હરગોવિંદ પંડ્યા

(20) 'સૌરાષ્ટ્રની રસધાર' કથાઓનો સંગ્રહ કેટલા ભાગમાં પ્રકાશિત થયો છે?
(A) બે (B) ચાર (C) પાંચ (D) ત્રણ

(21) ઝવેરચંદ મેઘાણીના કયા પુસ્તકમાં નારીવ્રત કથાઓ અને તહેવારોનું વર્ણન જોવા મળે છે?
(A) સંત કથાઓ (B) કંકાવટી (C) ચૂંદડી (D) વેણીનાં ફૂલ

(22) ઝવેરચંદ મેઘાણીનો નીચેનામાંથી કયો કાવ્યસંગ્રહ સર્વપ્રથમ પ્રગટ થયો હતો?
(A) કિલ્લોલ (B) સિંધૂડો (C) વેણીનાં ફૂલ (D) યુગવંદના

(23) 'ફૂલછાબ'ને કોણે શરૂ કર્યું હતું?
(A) ઝવેરચંદ મેઘાણી (B) અમૃતલાલ શેઠ (C) મણિલાલ શાહ (D) કકલભાઈ

(24) ઝવેરચંદ મેઘાણીનું મૂળ વતન બગસરા કયા જિલ્લામાં આવેલ છે?
(A) ભાવનગર (B) સુરેન્દ્રનગર (C) અમરેલી (D) રાજકોટ

(25) ઝવેરચંદ મેઘાણીએ રવીન્દ્રનાથનાં કાવ્યો પરથી કયા 66 કાવ્યોનો સંગ્રહ કર્યો છે?
(A) રવીન્દ્ર વીણા (B) વેણીનાં ફૂલ (C) યુગવંદના (D) ચૂંદડી

(26) ઝવેરચંદ મેઘાણીની અપ્ટન સિંકલેટની 'સેમ્યુઅલ ધ લીકર' પરથી લખેલી વર્ગવિગ્રહની સમસ્યાને આલેખન કરતી નવલકથા કઈ છે?
(A) બીડેલા દ્વાર (B) અપરાધી (C) કાળચક્ર (D) સત્યની શોધ

(27) ઝવેરચંદ મેઘાણીએ રવીન્દ્રનાથની 'કથા કાહિની' પરથી વાર્તાઓનો કયો સંગ્રહ આપેલો છે?
(A) વિલોપન (B) દરિયાપારના બહારવટિયા
(C) કુરબાનીઓની કથાઓ (D) વસુંધરાનાં વહાલાં દવલાં

(28) ઝવેરચંદ મેઘાણીની મૌલિક વાર્તાઓ કયા પુસ્તકમાં સંગ્રહિત છે?
(A) સત્યની શોધ (B) વેરાનમાં (C) દાદાજીની વાતો (D) વિલોપન

(29) અપ્ટન સિંકલેટની 'લવ્ઝ પિલ ગ્રીમેઈજ' પરથી ઝવેરચંદ મેઘાણીએ કઈ નવલકથા લખી છે?
(A) બીડેલા દ્વાર (B) અપરાધી (C) કાળચક્ર (D) સત્યની શોધ

(30) એશ્ટન વુલ્ફના 'ધ આઉટ લોઝ ઑફ મોર્ડન ડેઝ'ની સત્ય ઘટનાઓ પર આધારિત બહારવટિયાઓ વિશે કયો વાર્તાસંગ્રહ છે?
(A) કુરબાનીની કથાઓ (B) ચિતાના અંગારાઓ
(C) ધરતીનું ધાવણ (D) દરિયાપારના બહારવટિયા

**ચારિત્ર્યનો પાયો સત્કર્મ છે અને સત્કર્મનો પાયો સત્ય છે. - ગાંધીજી**

(31) વિદેશી સાહિત્યકારો અને સાહિત્ય કૃતિઓ પરથી રચેલાં રેખાચિત્રો મેઘાણીના કયા પુસ્તકમાં સંગ્રહિત છે ?

(A) વેરાનમાં (B) કુરબાનીની કથાઓ (C) જેલ ઑફિસની બારી (D) પ્રતિમાઓ

(32) વિક્ટર હ્યુગોની 'ધ લાફિંગ મેન' પર આધારિત ઝવેરચંદ મેઘાણીએ કયું પુસ્તક લખ્યું છે ?

(A) વસુંધરાનાં વહાલાં દવલાં (B) અપરાધી (C) કાળચક્ર (D) સત્યની શોધ

(33) ઝવેરચંદ મેઘાણીએ 'સાંબેલાના સૂર' ની કટાક્ષિકાઓ કયા ઉપનામથી લખેલી છે ?

(A) પહાડનું બાળક (B) વિલાપી (C) સાહિત્ય યાત્રી (D) શાણો

(34) 'રાષ્ટ્રીય શાયર' ઝવેરચંદ મેઘાણીએ દાંડીકૂચ અને ધોલેરા સત્યાગ્રહ નિમિત્તે દેશભક્તિનાં 15 ગીતોનો સંગ્રહ કયા નામે પ્રકાશિત કર્યો છે ?

(A) રવીન્દ્ર વીણા (B) વેણીનાં ફૂલ (C) યુગવંદના (D) સિંધૂડો

(35) મુંબઈમાં 'જન્મભૂમિ' દૈનિકમાં ઝવેરચંદ મેઘાણી કઈ કોલમ સંભાળતા હતા ?

(A) સાહિત્ય અને વિચાર (B) કલમ અને કિતાબ (C) ઈંટ અને ઈમારત (D) સંસ્કૃતિ અને પ્રકૃતિ

(36) ઝવેરચંદ મેઘાણીનો કયો સંગ્રહ પરિકથા પ્રકારની બાળ ભોગ્ય વાર્તાઓનો સંગ્રહ નથી ?

(A) દાદાજીની વાતો (B) ડોશીમાની વાતો (C) રાજારાણી (D) રંગ છે બાસેર

(37) ઝવેરચંદ મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર'નું બિરૂદ અપાવનાર લોકપ્રિય કાવ્યસંગ્રહ કયો છે ?

(A) કિલ્લોલ (B) સિંધૂડો (C) વેણીનાં ફૂલ (D) યુગવંદના

(38) 1930ના સત્યાગ્રહ સંગ્રામ માટે કયા શૌર્યગીતોનો સંગ્રહ પ્રકાશિત કરવાને કારણે ઝવેરચંદ મેઘાણીને બે વર્ષ કારાવાસ થયો હતો ?

(A) કિલ્લોલ (B) સિંધૂડો (C) વેણીનાં ફૂલ (D) યુગવંદના

(39) ઝવેરચંદ મેઘાણીએ જેલવાસ દરમિયાન કયું કાવ્ય લખ્યું હતું ?

(A) સિંધૂડો (B) છેલ્લો કટોરો (C) કોઈનો લાડકવાયો (D) છેલ્લી પ્રાર્થના

(40) સ્વ. ઝવેરચંદ મેઘાણીએ નીચેનામાંથી કયા ગ્રંથમાં લોકસાહિત્યની મીમાંસા કરી તેની વિલક્ષણતાઓનો પરિચય કરાવ્યો નથી ?

(A) અરધી સદીની વાચનયાત્રા (B) સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં

(C) લોકસાહિત્યનું સમાલોચન (D) ધરતીનું ધાવણ

**: જવાબો :**

| Q | A | Q | A | Q | A | Q | A | Q | A |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | C | 9 | B | 17 | D | 25 | A | 33 | D |
| 2 | A | 10 | B | 18 | C | 26 | B | 34 | B |
| 3 | A | 11 | A | 19 | B | 27 | D | 35 | C |
| 4 | C | 12 | B | 20 | C | 28 | A | 36 | D |
| 5 | D | 13 | C | 21 | B | 29 | D | 37 | B |
| 6 | A | 14 | A | 22 | C | 30 | A | 38 | C |
| 7 | B | 15 | A | 23 | B | 31 | A | 39 | B |
| 8 | C | 16 | C | 24 | C | 32 | D | 40 | A |

સંપર્ક : 172/ એ, ઊર્જાનગર વિભાગ-2, પ્રતિક મોલની પાછળ, રાંદેસણ, તા.જિ. ગાંધીનગર.

પરસેવો પાડ્યા પછી થતી પ્રાપ્તિનો આનંદ અલગ જ હોય છે.

# પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરવા બદલ અભિનંદન...

| પદવી પ્રાપ્ત કરનારનો ફોટોગ્રાફ | સંસ્થાનું નામ | પીએચ.ડી.નો વિષય તથા માર્ગદર્શક | યુનિવર્સિટી |
|---|---|---|---|
|  ડૉ.મિસ્ત્રી સંગીતાબેન કાન્તિલાલ | શિક્ષણ નિરીક્ષક વર્ગ-2 જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિ. ભરૂચ | **"Development and Comparison of The Effectiveness of CAsLL Package and CAiLL Package in English at Primary Level."** **માર્ગદર્શક :** ડૉ. પ્રવિણચંદ્ર આર. માસ્તર | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત |
|  ડૉ. ઠાકર નિતેશકુમાર રજનીકાન્ત | વાકળ વિદ્યાલય, બાજવા, તા.જિ. વડોદરા | **"ડેવલોપમેન્ટ ઑફ એ કલ્ચરલ હેરીટેજ ઍજ્યુકેશન પ્રોગ્રામ ફોર સૅકન્ડરી સ્કૂલ સ્ટુડન્ટસ."** **માર્ગદર્શક :** ડૉ. સતીષ પી. પાઠક | ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા |
|  ડૉ.જાની હર્ષદકુમાર ગુણવંતભાઈ | સિધ્ધિ હિન્દી ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય, 29/30, ઈશ્વરકૃપા, ત્રિકમનગર, સુરત | **"डो. किशोर काबरा के प्रबंध काव्यों में पौराणिकता एवम् आधुनिकता"** **માર્ગદર્શક :** ડૉ. બીમલેશ તેવટીયા | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત |
|  ડૉ. મીનાબેન જી. કેશવાણી | શ્રી એમ.ડી. મહેતા ગર્લ્સ હાઈસ્કૂલ, મુ. ધ્રોલ, તા. ધ્રોલ, જિ.જામનગર-361210 | **"માધ્યમિક શાળાના વિદ્યાર્થી પર સ્વામી વિવેકાનંદના મૂલ્ય શિક્ષણની અસરકારકતા."** **માર્ગદર્શક :** ડૉ. મધુભાઈ હીરપરા | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
|  ડૉ. મીનાબેન અમરભાઈ પરમાર | આદર્શ નિવાસી શાળા, તરસાડી (કોસંબા), તા. માંગરોળ, જિ. સુરત-394120 | **"Reflection of Socio- Cultural Consciousness in the memories of Selected Indian Women Writers."** **માર્ગદર્શક :** ડૉ. ચૈતન્ય જે. દેસાઈ | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત |

**ક્રોધ મૂર્ખતામાં શરૂ થાય છે પશ્ચાતાપમાં પૂરો થાય છે. - પાયથાગોરસ**

# ભાવ-પ્રતિભાવ

**સંકલન**

- 'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ' એ શિક્ષણજગત સાથે જોડાયેલી દરેક વ્યક્તિ માટે એક ભોમિયા સમાન છે. સુંદર પ્રિન્ટિંગ સાથે સુંદર વિચારો અને ઉત્તમ સંસ્કાર ભાથું પીરસતું **'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'** હું નિયમિત રીતે વાંચું છું અને મારી શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓને વાંચવા માટે આગ્રહ પણ કરું છું. ઉત્તમ વિચારો ઉપરાંત સામાન્ય જ્ઞાન, વંદે ગુજરાત ચૅનલમાં પ્રસારિત થનાર 'બાયસેગ'ના શૈક્ષણિક કાર્યક્રમો, શાળામાં ચાલતા બધા જ વિષયો અંગેની અલગ અલગ પ્રકારની માહિતી, દિનવિશેષ અંગેના લેખો, દરેક પાને અપાતી સુંદર કંડિકા હૃદયને સ્પર્શી જાય છે. આ ઉપરાંત 'અધ્યક્ષશ્રીની કલમે' અને 'તંત્રી સ્થાનેથી' પીરસાતો પ્રસાદ પામી પાવન થઈ જવાય છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓને ઉપયોગી શિક્ષણનું ઉત્તમ ભાથું પીરસતું **'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'** ખરેખર એક અનન્ય સામયિક છે. તેના અધ્યક્ષશ્રી, તંત્રીશ્રી, અને સહતંત્રીશ્રી સાથે સંપાદનના કાર્યમાં જોડાયેલ તમામને હૃદયપૂર્વક વંદન કરું છું.

**બિપિનભાઈ વી. પટેલ**
આચાર્યશ્રી,
શ્રી એમ.પી. શાહ હાઈસ્કૂલ ઍન્ડ
શ્રી એસ.સી. પટેલ હાયર સૅકન્ડરી સ્કૂલ, જીતપુર,
તા. બાયડ, જિ. અરવલ્લી

-----

- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની ઝાંખી દર્શાવતું સામયિક એટલે **'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'.** શાળામાં થતી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, શિક્ષણ ક્ષેત્રે થતાં આમૂલ પરિવર્તનો, નવી શિક્ષણનીતિની સચોટ માહિતીથી છલકાતું સામયિક એટલે **'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'.** જેનું કલર ટાઈટલ ફ્રન્ટ પેજ ગુજરાતની સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરે છે. જયારે છેલ્લું ટાઈટલ કલર પેજ શિક્ષણ જગતના સિતારાઓ દ્વારા વાણીની સરવાણીથી ભરપૂર હોય છે. અધ્યક્ષશ્રી અને તંત્રીશ્રીની કલમ માસ અને વર્ષ દરમિયાન કરવાનાં કાર્યો અને કરેલાં કાર્યોને અભિનંદન દ્વારા ટોનિક પૂરું પાડે છે. લેખકો, અધ્યાપકો અને કર્મચારીગણ ભલે કચ્છમાં હોય કે કંડલામાં, વલસાડમાં હોય કે વડોદરામાં પણ બધાં જાણે એક પંખીના માળા જેવા, એક છત્રછાયામાં ન બેઠાં હોય એવી અનુભૂતિ આ સામયિક દ્વારા ચોક્કસ થાય છે.

**માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ એટલે....**

- જેની આતુરતાપૂર્વક રાહ જોવાતી હોય એવું એકમાત્ર સામયિક.
- ગુજરાતના માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ જગતની ક્ષણે ક્ષણની બેનમૂન સાહિત્યિક સફર
- વિચારોનો ગુલદસ્તો
- મહાપુરુષોના પ્રેરક જીવનપ્રસંગો
- આચાર, વિચારની આચાર સંહિતા, ક્રિયાદક્ષતા
- અનુભવી વિષયશિક્ષકોનો તલસ્પર્શી વિષય પમરાટ, સાંપ્રત પ્રવાહો સાથેની મૌલિક અને આગવી લેખનશૈલી
- ગુણવંતી ગુજરાતનાં વિશેષ પાત્રોની ઝાંખી
- આઝાદીનાં ક્રાંતિકારીઓના સુંદર પરિચયો
- રૂટ લેવલથી ઉચ્ચ લેવલ સુધીનું સુંદર સંકલન
- ગામડાના ગૌરવ અને શહેરના સૌષ્ઠવનું પ્રતિબિંબ
- નવતર પ્રયોગોની કાર્યશાળાનો સેતુ
- પરિપત્રો, પરિરૂપ, પ્રશ્નપત્રો અને પ્રદર્શનની દીવાદાંડી

**પટેલ અરવિંદભાઈ કે.**
શ્રી સરસ્વતી હાઈસ્કૂલ, ડેભારી
તા. વીરપુર, જિ. મહીસાગર

-----

**ધારીને જ રાખો કે જીવનમાં ન ધારેલું ઘણું થવાનું જ છે.**

● 'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ' એ ગુજરાત રાજ્યનું છેલ્લાં 44 વર્ષથી એકધારું અને નિયમિત પ્રકાશિત થતું અને તેનાં અસંખ્ય વાચકો અને ગ્રાહકો સુધી સમયસર પહોંચતું શિક્ષણ જગતનું આગવું, અદ્વિતીય, બેનમૂન, પથદર્શક અને દિશાસૂચક શૈક્ષણિક મૅગેઝિન છે.

આશા રાખીએ કે વર્ષ 1978થી પ્રારંભાયેલ આ સામયિક આગામી વર્ષો પછી તેના પ્રકાશનના 50મા વર્ષે સુવર્ણજયંતી આગવા આયોજનથી ઉજવે અને તેમાં તેના લેખકો, વાચનપ્રિય ગ્રાહકો, શિક્ષણ સંસ્થાઓ તથા શુભેચ્છકો, અધિકારીગણ હોંશેહોંશે જોડાય, સહભાગી બને, યોગદાન આપી આ મૅગેઝિન વધુ ને વધુ સમૃદ્ધ, ગુણવત્તાભર્યું અને મોરપિચ્છ સમું સુંદર બને એવા નિષ્ઠાભર્યા પ્રયત્નો સૌ કરતા રહીએ.

**બીજલ શાહ**

સાંદિપની સ્કૂલ, શાહીબાગ, અમદાવાદ

● આ સામયિકનું હુલામણું ટૂંકું નામ છે : **મા.શિ.પ...**

**મા** - એટલે માધ્યમિક અને ઉ.મા. શાળાઓને ખૂબ જ ઉપયોગી, માર્ગદર્શક મૅગેઝિન

**શિ** - એટલે શિક્ષણના વર્તમાન પ્રવાહોને વૈવિધ્યસભર લેખોના માધ્યમ દ્વારા રજૂ કરતું સામયિક

**પ** - એટલે પરીક્ષાર્થી -વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપતું અને શાળાઓને પરિપત્રોનો ઊંડો અભ્યાસ કરાવતું મુખપત્ર.

'બાયસેગ'ના માધ્યમથી ધો-9 થી 12માં વિષયવાર, તારીખવાર શૈક્ષણિક કાર્યક્રમોની ઝાંખી કરાવતું, દિનવિશેષ પર્વો અને પ્રસંગોની માહિતી પીરસતું, શિક્ષણસમાજનું દર્પણ અને શિક્ષણજગતનું નૂતન નજરાણું, માતૃભાષામાં પ્રગટ થતું સેતુરૂપ સામયિક, શાળાઓના પરિવાર, બાળક, વાલી, શિક્ષક, સંચાલક, આચાર્ય સાથે મૈત્રી કેળવી ઉત્તમ માર્ગદર્શન આપતું અનન્ય મૅગેઝિન છે.

**દિનેશ એન. પટેલ**

અંતિસરા, તા. મોડાસા, જિ. સાબરકાંઠા

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યુટ્યુબ ચેનલ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યુટ્યુબ ચેનલ 'GSHSEB Gandhinagar' છે. જેમાં ધોરણ-9 થી 12 ના મુખ્ય વિષયોના શૈક્ષણિક કાર્યક્રમો તેમજ JEE અને NEET ની પરીક્ષાના માર્ગદર્શન માટેના ખાસ શૈક્ષણિક કાર્યક્રમો અપલોડ કરવામાં આવેલા છે. યુટ્યુબ પર 'GSHSEB Gandhinagar' લખીને સર્ચ કરવાથી આ કાર્યક્રમો જોઈ શકાશે. આ ઉપરાંત, બાજુમાં દર્શાવેલ QR કોડ સ્કેન કરવાથી પણ બોર્ડની યુટ્યુબ ચેનલ 'GSHSEB Gandhinagar' જોઈ શકાશે. હાલમાં બોર્ડની યુટ્યુબ ચેનલના સબસ્ક્રાઈબર્સની સંખ્યા એક લાખને પાર થઈ ગઈ છે તથા વ્યૂઅર્સની સંખ્યા 90 લાખને આંબી ગઈ છે. આ અનોખી સિદ્ધિ મેળવવી એ બાબત આનંદદાયક અને ગૌરવપ્રદ છે. આ અંગે આપના સાથ-સહકાર માટે આપનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે. હજુ પણ વધુને વધુ વિદ્યાર્થીઓ બોર્ડની યુટ્યુબ ચેનલના શૈક્ષણિક કાર્યક્રમોનો લાભ મેળવે તે માટે તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ અને શિક્ષકશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે તે માટે તેમજ આ ચેનલ Subscribe અને Share કરવામાં આવે તે માટે વિનંતી કરવામાં આવે છે.

**બી.એન.રાજગોર**

સંયુક્ત નિયામક

ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર

**દાતા તેના દાનથી નહીં, પણ ભાવથી જ ઓળખાય છે. - લેસિંગ**

# વિજ્ઞાન - ગણિત - પર્યાવરણ પ્રદર્શન : 2021-22

ડૉ. વિજય એસ.પટેલ

## ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર
## વિજ્ઞાન - ગણિત - પર્યાવરણ પ્રદર્શન - 2021-22
## નમૂનાઓ / મોડેલ્સ નિર્માણ માટેના વિષયો

બધાં બાળકો કુદરતી રીતે શીખવા માટે તત્પર અને સક્ષમ હોય છે. બાળકો સહજ રીતે શીખતા હોય છે અને તેઓ પોતાની પ્રવૃત્તિ દ્વારા જ જ્ઞાન મેળવે છે. બાળકો પોતાની આસપાસનું વાતાવરણ, પ્રકૃતિ, વસ્તુઓ અને લોકો સાથેનાં પરસ્પર વ્યવહાર અને ભાષા દ્વારા ઘણું બધું શીખતા હોય છે. તેઓ નવા વિચારોને તેમના પદાર્થો અને પ્રવૃત્તિઓ અંગેના અગાઉનાં જ્ઞાન અને વિચારો સાથે જોડી પોતાના જ્ઞાનમાં વધારો કરે છે.

વિજ્ઞાન અને ગણિતમાં રચનાત્મકતા અને આવિષ્કારિકતાને પ્રોત્સાહિત કરવા માટે (NCF- 2005) માં પ્રવૃત્તિઓ, પ્રયોગો અને તકનિકી મોડ્યુલ્સને મહત્ત્વ આપવામાં આવેલ છે. તે વિવિધ માધ્યમોના પ્રસારણ જેમ કે શાળા, તાલુકો, જિલ્લો, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શનના આયોજન દ્વારા વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓના અમલીકરણને પણ પ્રોત્સાહિત કરે છે. રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (NCERT New, Delhi) દર વર્ષે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સામાન્ય લોકોમાં વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ શિક્ષણની લોકપ્રિયતા વધારવા માટે આ પ્રદર્શનનું આયોજન કરે છે. છેલ્લાં ઘણાં વર્ષોની જેમ વર્ષ 2021-22માં પણ જીસીઈઆરટી દ્વારા CRC, BRC, SVS અને જિલ્લા કક્ષાથી રાજ્ય કક્ષાએ વિજ્ઞાન - ગણિત અને પર્યાવરણ પ્રદર્શન યોજાશે. જેના વિષયો નીચે મુજબ છે. આપના માર્ગદર્શન હેઠળ શાળાના વિધાર્થીઓ દ્વારા નીચે જણાવેલ વિષયો પર મોડેલ નિર્માણ કરવામાં આવે તે અપેક્ષિત છે.

**Main Theme -**

ટેક્નોલોજી અને રમકડાં ( Technology and Toys )

**Sub Theme -**

1. ઈકો ફ્રેન્ડલી સામગ્રી ( Eco friendly Material )
2. સ્વાસ્થ્ય અને સ્વચ્છતા ( Health and Cleanliness )
3. સોફ્ટવેર અને એપ્સ (Software and Apps)
4. પરિવહન (Transport )

5 - A પર્યાવરણ અને જલવાયુ પરિવર્તન (Environmental and Climate Changes)

5-B ગાણિતિક નમૂનાઓ (Mathematical Modelling)

**Topic for one day seminar**

ભારતીય વિજ્ઞાન શિક્ષણની સંસ્થાઓ
(Scientific Academic institute of India )

---

**સંપર્ક : રીડર, જીસીઈઆરટી, ગાંધીનગર**

**આનંદિત ચહેરો અજાણ્યા માટે પણ નજીક આવવાની આમંત્રણ પત્રિકા બની જાય છે.**

## વહીવટી વિભાગ

ક્રમાંક : મઉમશબ/ક/વિ.પ્ર./રી.ઉ./1047
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સૅક્ટર-10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા. 01-10-2021

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (વિજ્ઞાન પ્રવાહ),
ગુજરાત રાજ્ય.

**વિષય** : ઉ.મા. પ્ર. પરીક્ષા, ધોરણ-12, વિજ્ઞાન પ્રવાહના રીપીટર ઉમેદવારો માટે આગામી વર્ષ-2022માં યોજાનાર મુખ્ય પરીક્ષાના અભ્યાસક્રમ બાબત.

**સંદર્ભ** : (1) પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/2018/3961-4000, તા.24-07-2018
(2) પત્ર ક્રમાંક :મઉમશબ/સંશોધન/2019/2239, તા. 26-06-2019

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે ઉ. મા. પ્ર. પરીક્ષા, ધોરણ-12, વિજ્ઞાન પ્રવાહમાં જૂન-2019 થી 02-હિન્દી (F.L.), 06-અંગ્રેજી (F.L.), 050-ગણિત, 052-રસાયણ વિજ્ઞાન, 054-ભૌતિક વિજ્ઞાન અને 056 -જીવ વિજ્ઞાન વિષયોમાં NCERTના અભ્યાસક્રમ મુજબ નવાં પાઠ્યપુસ્તકો અમલમાં આવેલ છે. આ અભ્યાસક્રમ મુજબ પ્રથમ પરીક્ષા માર્ચ-2020માં યોજવામાં આવેલ હતી.

માર્ચ-2020 પહેલાની પરીક્ષાના રીપીટર વિદ્યાર્થીઓને (શૈક્ષણિક વર્ષ 2017-18 અને વર્ષ 2018-19ના વિદ્યાર્થીઓ) 02 હિન્દી (F.L.), 06 અંગ્રેજી (F.L.), 050 ગણિત, 052 રસાયણ વિજ્ઞાન, 054 ભૌતિક વિજ્ઞાન અને 056 જીવ વિજ્ઞાન વિષયોની ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના જૂના પાઠ્યપુસ્તક આધારિત અભ્યાસક્રમ મુજબની પરીક્ષાની ઑગસ્ટ-2021 સુધી પૂરતી તક આપવામાં આવેલ છે અને હવે પછી સદર વિદ્યાર્થીઓની જૂના પાઠ્યપુસ્તક આધારિત અભ્યાસક્રમ મુજબની પરીક્ષા લેવામાં આવશે નહિ. જેની સંબંધિત તમામે ખાસ નોંધ લેવી.

વધુમાં જણાવવાનું કે આગામી વર્ષ-2022માં યોજાનાર ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહની ઉ.મા.પ્ર. પરીક્ષા માર્ચ-2022થી તમામ પ્રકારના (રેગ્યુલર/રીપીટર/ પૃથ્થક વિદ્યાર્થીઓની પરીક્ષા પ્રવર્તમાન NCERT ના નવા અભ્યાસક્રમ મુજબ 50% (MCQ) OMR અને 50% (THEORY) સબ્જેકટીવ પ્રકારની પ્રશ્ન પધ્ધતિથી જ લેવામાં આવશે જેની ગુજરાતની નોંધાયેલ વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ નોંધ લેવી તેમજ શાળામાંથી પરીક્ષામાં ઉપસ્થિત થનાર તમામ (રેગ્યુલર/રીપીટર/પૃથ્થક) ઉમેદવારોને આ બાબતની જાણ કરવા જણાવવામાં આવે છે.

**(જે. જી. પંડ્યા)**
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**સવિનય નકલ રવાના :**

(1) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
(2) માનનીય સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
(3) માનનીય ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
(4) માનનીય સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

**નકલ રવાના :**

(1) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગુજરાત રાજ્ય વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરવા સારુ.
(2) સંશોધન શાખા તરફ, ''માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'' આગામી માસિક અંકમાં પ્રસિદ્ધ કરવા સારુ.

**પુરુષાર્થ વિનાનું પ્રારબ્ધ પાંગળુ છે. - ચાણક્ય**

ક્રમાંક : મઉમશબ/સંશોધન/2021/4850-4884
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સૅક્ટર-10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા. 07-10-2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય

**વિષય :** CBSE અને IIT, ગાંધીનગર દ્વારા આયોજિત એકલવ્ય-3030 શૈક્ષણિક કાર્યક્રમ બાબત.
**સંદર્ભ :** શિક્ષણ વિભાગનો તા.24-09-2021 ઈ-મેઈલ.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે CBSE અને IIT, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે એકલવ્ય-3030 શ્રેણી શરૂ કરવામાં આવેલ છે. એકલવ્ય-3030 એક શૈક્ષણિક કાર્યક્રમ છે. જે અંતર્ગત તા.26/09/2021 થી દર રવિવારે સાંજે 4 થી 5 વાગ્યા દરમિયાન ગણિત અને વિજ્ઞાન વિષય માટે યુ-ટ્યુબ પર રસપ્રદ પ્રવૃતિઓ અને વાર્તાઓના માધ્યમથી કઠિન વિષયોની સમજૂતી આપવામાં આવશે. You Tube Channel - http://youtube.com/IITGNCLI પર આ કાર્યક્રમ જોઈ શકાશે.

આ કાર્યક્રમ જોવા માટે ઈચ્છુક શિક્ષકો અને વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. આ કાર્યક્રમ નિઃશુલ્ક છે. પરંતુ આ કાર્યક્રમમાં ભાગ લેવા બદલ પ્રમાણપત્ર મેળવવા માટે 100/- (સો) રૂપિયા ફી છે. આ કાર્યક્રમ અંગે કોઈપણ પ્રકારની પૂછપરછ માટે 079-23952240 અથવા eklavya@iitgn.ac.in પર સંપર્ક કરી શકાશે. આ અંગેની વિગતો આ સાથે સામેલ છે.

એકલવ્ય-3030 કાર્યક્રમ ધોરણ-6 થી 12ના વિદ્યાર્થીઓ માટે છે. જે અન્વયે ધોરણ-9 થી 12ના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લઈ શકે તે માટે ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મોકલી આપશો. આ બાબતને બહોળી પ્રસિદ્ધિ મળે અને લાભાર્થી વિદ્યાર્થીઓ સુધી વિગતો પહોંચે તેની ખાતરી કરવા વિનંતી છે.

**(બી.એન.રાજગોર)**
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**બિડાણ :** ઉપર મુજબ

**નકલ સવિનય રવાના :**

- માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

**પુસ્તકનો સાચો ઉદ્દેશ માનવીને પોતાની રીતે વિચારતા કરી મૂકવાનો છે. જે પુસ્તક તેમ ન કરી શકે તેનું મૂલ્ય અભરાઈ પર તેણે રોકેલી જગ્યા જેટલું પણ નથી. - રિચી કોલ્ડર**

## 3030 એકલવ્ય : CBSE અને IIT ગાંધીનગરની પહેલ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020નો ઉદ્દેશ્ય શિક્ષણ પ્રણાલિમાં મૂળભૂત સુધારા લાવવાનો છે. તેમાં બાળકોની રચનાત્મકતા, out-of-box વિચારસરણી, વૈચારિક સમજ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

આ જ દિશામાં કામ કરવા માટે, CBSE અને IIT ગાંધીનગર સાથે મળીને 26 સપ્ટેમ્બર થી દર રવિવાર 4-5 વાગે youtube પર (https://youtu.be/kcq7Z2T8Ndk) એકલવ્ય શ્રેણી ચાલુ કરે છે. આ કાર્યક્રમ થકી મુશ્કેલ વિષયોને સરળતાથી સમજવામાં મદદ થશે અને concepts clear થઈ જશે.

દરેક આચાર્ય તરફથી અપેક્ષિત છે કે તેમના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આ કાર્યક્રમમાં રજિસ્ટર કરાવે કે જેથી શિક્ષકોની teacher professional development hoursની પૂર્તિ આ કાર્યક્રમથી થઈ શકે. વિદ્યાર્થીઓને participation certificate IIT અને CBSE દ્વારા આપવામાં આવશે. શિક્ષકોને 30 કલાકની શિક્ષક તાલીમ અથવા teacher training certificate આપવામાં આવશે.

**એકલવ્ય એ એક ઑનલાઈન શૈક્ષણિક કાર્યક્રમ છે, જેની અંદર :**

- hands-on ગતિવિધિઓ, પ્રૉજેક્ટ્સ, વિવિધ મૉડેલ્સ હશે જેનાથી મુશ્કેલ વિષયોને સરળ બનાવવામાં મદદ થશે.
- સમજણ પર ભાર મૂકે તેવા સવાલો જેનાથી out-of-box અને રચનાત્મકતા વધે (ઉદાહરણ તરીકે નીરજ ચોપરાએ ભાલો 36 ડિગ્રી ના ખૂણે કેમ ફેંક્યો ?) ન્યૂટનની ગતિના સિદ્ધાંતો નીરજ ચોપડાના ભાલાથી
- DIY પ્રૉજેક્ટ્સ, જે સરળતાથી મળી શકે તેવી વસ્તુઓથી બનાવી શકાય અને પાઠ્યક્રમને રોજિંદા જીવનથી જોડી શકાય.

કાર્યક્રમમાં ધોરણ-6 થી 12ના વિજ્ઞાન અને ગણિતના વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો આ કાર્યક્રમમાં રજિસ્ટર કરાવે જેથી મુશ્કેલ વિષયોની સમજૂતી સરળ થઈ શકે.

કાર્યક્રમને જોવાનું અને ભાગ લેવાનું free છે. certificate માટે 100/- રૂપિયા શુલ્ક છે.

આ શ્રેણી થકી વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં વૈજ્ઞાનિક વિચારશૈલી અને માળખાકીય ક્ષમતાઓમાં વધારો થશે.

**કાર્યક્રમની માહિતી :**

| | |
|---|---|
| કાર્યક્રમ | એકલવ્ય શ્રેણી |
| સમય | લાઈવ દર રવિવાર સાંજે 4-5 |
| આયોજક | CBSE અને CCL IIT, Gandhinagar |
| ભાગ લેવા માટે | નિ:શુલ્ક (રજિસ્ટ્રેશન ફરજિયાત છે.) |
| રજિસ્ટ્રેશન અને | કાર્યક્રમની વેબ-સાઈટ પર જાઓ |
| સર્ટિફિકેટ | https://ccl.iitgn.ac.in/eklavya<br>અથવા<br>https://cbseacademic.nic.in/eklavya.html |
| લાઈવ એપિસોડ | પ્રથમ એપિસોડ (26 સપ્ટેમ્બર) : નીરજ ચોપરા અને ન્યૂટનના ગતિના સિદ્ધાંતો<br>https://youtu.be/kcq7Z2T8Ndk<br>યુ ટ્યૂબ ચેનલ - https://www.youtube.com/IITGNCLI |
| સર્ટિફિકેટ | Participation સર્ટિફિકેટ બધા ભાગ માટે (₹100 + ટેક્સ)<br>Competency સર્ટિફિકેટ સમગ્ર કાર્યક્રમ માટે (₹100 + ટેક્સ) |

માટે બધા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને, આચાર્ય અને ઝોનલ પ્રમુખને સૂચના આપવામાં આવે છે કે ઉપરોક્ત માહિતી તેમની જિલ્લા શાળાઓમાં પહોંચાડે અને શિક્ષકો - વિદ્યાર્થીઓની ભાગીદારી સુનિશ્ચિત કરે.

કોઈપણ પ્રકારની પૂછપરછ માટે તમે ઇ-મેઈલ કરી શકો : eklavya@iitgn.ac.in અથવા કોલ કરી શકો છો - 079-23952240

**'આર્થિક લક્ષ્યાંકો ગમે તે ભોગે પાર પાડવા આપણે ખરેખરમાં તો કુદરતનું દેવું જ વધારતા જઈએ છીએ.' -એસ.પી.ઝેલિજિ**

**ક્રમાંક :** મઉમશબ/સંશોધન/2021/5702-37
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સૅકટર-10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા.28-10-2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

**વિષય :** ધોરણ-9 થી 12 ના પાઠ્યપુસ્તકોમાં QR CODE અન્વયે DIKSHA પ્લેટફોર્મ પર અપલોડ કરેલ ઈ-કન્ટેન્ટનો ઉપયોગ કરવા બાબત.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ 2021-2022 માં માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક ધોરણ-9 થી 12 ના નીચે દર્શાવ્યા મુજબના વિષયોના પાઠ્યપુસ્તકોને Energized Textbooksમાં રૂપાંતરિત કરવામાં આવેલ છે. ઉક્ત ધોરણ-9 થી 12ના વિષયોના પાઠ્યપુસ્તકોમાં QR CODE અને પાઠ્યપુસ્તકની લિન્કની વિગતો નીચે દર્શાવ્યા મુજબની છે. ઉક્ત QR CODE અન્વયે ધોરણ-9 થી 12 ના તજ્જ્ઞશ્રીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ E-CONTENT ને DIKSHA PORTAL પર અપલોડ કરેલ છે.

| પાઠ્ય-પુસ્તક | QR Code | પાઠ્યપુસ્તકની લિન્ક | પાઠ્ય પુસ્તક | QR Code | પાઠ્યપુસ્તકની લિન્ક |
|---|---|---|---|---|---|
| ગણિત ધોરણ-9 | C2I7R1 | https://diksha.gov.in/play/collection/do_31313541952754483212606 | ગણિત ધોરણ-10 | I7N2W9 | https://diksha.gov.in/play/collection/do_31291802624542310411579 |
| વિજ્ઞાન ધોરણ-9 | F1S7B8 | https://diksha.gov.in/play/collection/do_313130685864574976173 | વિજ્ઞાન ધોરણ-10 | K6G3W9 | https://diksha.gov.in/play/collection/do_31292030238346444812397 |
| સામાજિક વિજ્ઞાન ધોરણ-9 | G5G2Z8 | https://diksha.gov.in/play/collection/do_3131306916720803841199 | સામાજિક વિજ્ઞાન ધોરણ-10 | K8A5U7 | https://diksha.gov.in/play/collection/do_3131306965112913921210 |

આપણું મન ખાલી હોય છે ત્યારે જ આપણે વસ્તુઓનો સંગ્રહ કરીએ છીએ. - જે કૃષ્ણમૂર્તિ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગુજરાતી ધોરણ-9 | B1Q2L5 | https://diksha.gov.in/play/collection/do_31313541359572582412604 | ગુજરાતી ધોરણ-10 | D8A5T7 | https://diksha.gov.in/play/collection/do_31313542405039718412284 |
| અંગ્રેજી ધોરણ-9 | T9A8J1 | https://diksha.gov.in/play/collection/do_31313391020889702411389 | અંગ્રેજી ધોરણ-10 | T4M2G2 | https://diksha.gov.in/play/collection/do_313113689319546880138 |
| ભૌતિક વિજ્ઞાન ભાગ-1 ધોરણ-11 | G7V2E5 | https://diksha.gov.in/play/collection/do_3131307706055065601267 | ભૌતિક વિજ્ઞાન ભાગ-1 ધોરણ-12 | J9V4X8 | https://diksha.gov.in/play/collection/do_3131170018701230081663 |
| ભૌતિક વિજ્ઞાન ભાગ-2 ધોરણ-11 | W5Q6N6 | https://diksha.gov.in/play/collection/do_3131307732494417921268 | ભૌતિક વિજ્ઞાન ભાગ-2 ધોરણ-12 | X4X6C6 | https://diksha.gov.in/play/collection/do_31311700735735398411017 |
| રસાયણ વિજ્ઞાન ભાગ-1 ધોરણ-11 | X4Y1I6 | https://diksha.gov.in/play/collection/do_3131307757130301441227 | રસાયણ વિજ્ઞાન ભાગ-1 ધોરણ-12 | W8T6J4 | https://diksha.gov.in/play/collection/do_3131307907263283201267 |
| રસાયણ વિજ્ઞાન ભાગ-2 ધોરણ-11 | I7W2E1 | https://diksha.gov.in/play/collection/do_3131307781215846401269 | રસાયણ વિજ્ઞાન ભાગ-2 ધોરણ-12 | Z2L7W8 | https://diksha.gov.in/play/collection/do_3131172779647057921921 |
| જીવવિજ્ઞાન ધોરણ-11 | B4G3R4 | https://diksha.gov.in/play/collection/do_3131307804916039681350 | જીવવિજ્ઞાન ધોરણ-12 | N4H6L8 | https://diksha.gov.in/play/collection/do_3131165953165066241960 |
| ગણિત ધોરણ-11 | I8K2V2 | https://diksha.gov.in/play/collection/do_313130766928158720187 | ગણિત ભાગ-1 ધોરણ-12 | H6E1L4 | https://diksha.gov.in/play/collection/do_3131172835102064641939 |

ક્રોધના વિજય કરતાં ક્ષમાનો પરાજય ઘણો ભવ્ય હોય છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| નામાનાં મૂળતત્ત્વો ભાગ-1 ધોરણ-11 | W2M6S8 | https://diksha.gov.in/play/collection/do_3131307021174620161236 | ગણિત ભાગ-2 ધોરણ-12 | R1M7J4 | https://diksha.gov.in/play/collection/do_3131307876715560961233 |
| નામાનાં મૂળતત્ત્વો ભાગ-2 ધોરણ-11 | K7L5D6 | https://diksha.gov.in/play/collection/do_3131307057607966721212 | નામાનાં મૂળતત્ત્વો ભાગ-1 ધોરણ-12 | Z4W7R7 | https://diksha.gov.in/play/collection/do_31312354002151014411206 |
| આંકડાશાસ્ત્ર ધોરણ-11 | G8J2V6 | https://diksha.gov.in/play/collection/do_3131307600358604801107 | નામાનાં મૂળતત્ત્વો ભાગ-2 ધોરણ-12 | K7U8M2 | https://diksha.gov.in/play/collection/do_31312354498387148811019 |
| અંગ્રેજી ધોરણ-11 | E7U2E9 | https://diksha.gov.in/play/collection/do_3131307637578547201222 | આંકડાશાસ્ત્ર ભાગ-1 ધોરણ-12 | S3T7J4 | https://diksha.gov.in/play/collection/do_31312355201461452811215 |
| અંગ્રેજી ધોરણ-12 | F7A6L3 | https://diksha.gov.in/play/collection/do_313130784473112576193 | આંકડાશાસ્ત્ર ભાગ-2 ધોરણ-12 | A9P3M6 | https://diksha.gov.in/play/collection/do_31312355521080524811216 |

ઉક્ત વિષયોના પાઠ્યપુસ્તકોમાં દરેક પ્રકરણમાં QR CODE મૂકવામાં આવેલ છે. ઉક્ત QR CODE અન્વયે તમામ વિષયના તજ્જ્ઞશ્રીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ E-CONTENT ને DIKSHA PORTAL પર અપલોડ કરેલ છે. જેનો ઉપયોગ વિદ્યાર્થીઓ અને શિક્ષકો નીચે દર્શાવેલ કોઈ પણ રીતે કરી શકે છે.

1. પાઠ્યપુસ્તકમાં આપેલ QR CODE સ્કેન કરી ઉક્ત વિષયના તજ્જ્ઞશ્રીઓ દ્વારા તૈયાર કરેલ ગુણવત્તાયુક્ત ઈ-કન્ટેન્ટનો લાભ લઈ શકે છે.
2. ઉપરોક્ત કોષ્ટકમાં પાઠ્યપુસ્તકના નામની સામે આપેલ QR સ્કેન કરીને અથવા પાઠ્યપુસ્તકની લિન્ક દ્વારા પણ ઈ-કન્ટેન્ટનો લાભ મેળવી શકે છે.
3. https://www.diksha.gov.in વેબસાઈટ પર 'Digital Textbooks' હેઠળ તેમજ https://www.diksha.gov.in/app પરથી DIKSHA APP ડાઉનલોડ કરીને પણ ઈ-કન્ટેન્ટનો લાભ મેળવી શકે છે.

ધોરણ-9 થી 12ના ઉક્ત વિષયોના ઈ-કન્ટેન્ટનો ઉપયોગ વિદ્યાર્થીઓ બહોળા પ્રમાણમાં કરી શકે અને તેનો લાભ મેળવે તે માટે શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને આ અંગે જાણકારી આપવામાં આવે અને પ્રોત્સાહિત કરવામાં આવે તે માટે આપના તાબા હેઠળની તમામ સરકારી, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આ અંગે આપની કક્ષાએથી જાણ કરશો.

**(બી.એન.રાજગોર)**
